# પ્રેસનોટ
# નવરાત્રી મેળા–૨૦૧૭

મા.મુખ્યમંત્રીશ્રીની મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે નવરાત્રી પર્વ નિમિત્તે આ તહેવાર સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને વેચાણ માટે સીધે–સીધુ બજાર મળી રહે, તે હેતુથી સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારના વિવિધ ઝોનમાં કુલ–૧૦ સ્થળોએ કુલ–૫૫ સ્ટોલની ફાળવણી કરી **તા.૧૯/૦૯/૨૦૧૭ થી તા.૨૮/૦૯/૨૦૧૭ સુધી નવરાત્રી મેળા–૨૦૧૭**નું આયોજન કરવામાં આવેલ. જે અતંર્ગત ૧૦(દસ) દિવસો દરમ્યાન મહિલા જુથો ધ્વારા કુલ `રૂ.૨૮,૦૮,૮૫૦ (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ આઠ હજાર આઠસો પચાસ પુરા)ની ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા ધ્વારા મહિલા સશકિતકરણને ધ્યાને લઈ કરેલ નવરાત્રી મેળાના આયોજનને શહેરીજનો ધ્વારા ખુબ સારો પ્રતિસાદ મળી રહેલ, મહિલા જુથોની આર્થિક પ્રવૃત્તિને વેગ મળે તે માટે 'નવરાત્રી મેળા–૨૦૧૭' અંતર્ગત નીચે જણાવેલ સ્થળોએ રાખવામાં આવેલ.

## પત્રક

| અ.નં. | ઝોન | સરનામું |
|---|---|---|
| ૧ | WZ | પ્રાઈમ આર્કેડ, જોગાણીનગર પાસે, અડાજણ, સુરત. |
| ૨ | NZ | શાકભાજી માર્કેટ, અમરોલી બ્રીજ, અમરોલી, સુરત |
| ૩ | NZ | શાકભાજી માર્કેટ, કંતારેશ્વર મંદિરની બાજુમાં, કતારગામ, સુરત |
| ૪ | NZ | સિંગણપોર શાકભાજી માર્કેટ પાસે, સિંગણપોર ચાર રસ્તા, સુરત |
| ૫ | SEZ | મોર્ડન ટાઉની સામે શાકભાજી માર્કેટ, પરવટ પાટીયા, સુરત |
| ૬ | CZ | લાલદરવાજા શાકભાજી માર્કેટની સામે, બ્રીજની નીચે, લાલ દરવાજા, સુરત |
| ૭ | SZ | ન.પ્રા.શાળા પાસે, ગુ.હા. બોર્ડ, પાંડેસરા,સુરત. |
| ૮ | EZ | બરોડા પ્રેસ્ટીજ, વરાછા રોડ, વરાછા, સુરત |
| ૯ | SWZ | લેકવ્યુ ગાર્ડન પાસે, કારગીલ ચોક, પીપલોદ, સુરત |
| ૧૦ | SWZ | નારી સરંક્ષણ ગૃહ, અંધજન શાળાની સામે ધોડદોડ રોડ, સુરત |

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન તથા લિંબાયત ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા.૧૪.૭૪ કરોડના ખર્ચે સાકારિત થનાર/થયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / લોકાર્પણવિધિ તા.૦૩/૧૦/૨૦૧૭, મંગળવારના રોજ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ સ્થાને માન.અધ્યક્ષ,પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.અધ્યક્ષા,ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ), માન.અધ્યક્ષા,સમાજ કલ્યાણ,આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ,માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ,માન.અધ્યક્ષ,લાઈટ એન્ડ ફાયર (એક્ષ્ટી.)સમિતિ શ્રી પિયુષકુમાર જરીવાલા (શિવશકિતવાલા) તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવેલ.

પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં સરસ્વતી વિદ્યાલય નજીક, ટી.પી. સ્કીમ નં. ૦૪ (અશ્વનીકુમાર – નવાગામ), ફા. પ્લોટ નં. ૬/પી ખાતે ૨૪ મીટર હાઈટ સ્ટેજીંગવાળી ૨૭ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ની લોકાર્પણવિધિ અંદાજિત રૂા. ૩,૬૪,૩૩,૪૭૯.૩૦ ના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.આ ઓવરહેડ ટાંકીના નિર્માણથી સુરત શહેરના જુના હદ વિસ્તાર પૈકી વરાછા/ અશ્વિનીકુમાર/ ફુલપાડા/નવાગામ વિસ્તારમાં પુરતા દબાણે પાણી પુરવઠો આપી શકાશે.જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષ,પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ.

વરાછા ઝોન ખાતે વલ્લભાચાર્ય લીનીયર પાર્ક થી નિર્માણથી આસપાસના વિસ્તારના સ્થાનીક પ્રજાજનોના બાળકોના આનંદ પ્રમોદ માટે,સીનીયર સીટીઝનોના વિરામ માટે તથા હયાત સરોવરથી પર્યાવરણની જાળવણી થઈ શકશે. જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા,ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે જેનો ખર્ચ ૩૨ લાખ થયેલ છે.

પૂર્વ(વરાછા)ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ), ફા. પ્લોટ નં. ૬૬ પૈકીમાં આવેલ હયાત વાંચનાલયના મકાનની ઉપર પ્રથમ માળ તથા બીજો માળ કુલ રૂા.૪૯.૮૭ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.આ વાંચનાલયના નિર્માણથી લગભગ ૧.૦૦ લાખ વસ્તીના વિસ્તારને લાભ થશે. જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા,સમાજ કલ્યાણ,આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ પરવટ ગામતળનો કુલ વિસ્તાર ૫૦૧૦૦ ચો.મી. છે.અંદાજિત રૂા. ૯૯,૬૨ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે તથા સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૨૮/એ પૈકીમાં આવેલ મીઠીખાડી વિસ્તારના રમાબાઈ ચોક ખાતે આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળા નં. ૨૩૨/૨૩૩ની જગ્યા પર નવી પ્રાથમિક શાળા બનાવવાના કામ અંદાજિત રૂા. ૧૯૬ લાખના ખર્ચે તૈયાર થનાર છે. મીઠીખાડી લિંબાયત વિસ્તારમાં પ્રાથમિક શાળા બનાવવાથી આજુ બાજુના વિસ્તારમાં રહેતા લોકોના બાળકોને ભણતર માટે શાળાની સુવિધા પ્રાપ્ત થશે આ બંન્ને પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ ગોડાદરા ગામતળનો કુલ વિસ્તાર ૩૫૮૦૦ ચો.મી. છે.અંદાજિત રૂા. ૯૬ લાખના ખર્ચે ગામતળ વિકસિત થનાર છે.જેની ખાતમુહૂર્તવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૧(પરવટ–ગોડાદરા), ફા.પ્લોટ નં. આર–૪૮ ખાતે પ્રાથમિક શાળા અંદાજિત રૂા. ૨૦૧ લાખના ખર્ચે તૈયાર થયેલ છે. ગોડાદરા–ડીંડોલી વિસ્તારમાં પ્રાથમિક શાળા બનાવવાથી આજુ બાજુના વિસ્તારમાં રહેતા લોકોના બાળકોને ભણતર માટે શાળાની સુવિધા પ્રાપ્ત થશે.જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ ડીંડોલીમાં શાંતિકુંજ ગાર્ડન કુલ રૂા. ૮૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. ડીંડોલી વિસ્તારમાં શાંતિકુંજ બનાવવાથી આજુ બાજુ વિસ્તારના રહીશો, સિનીયર સીટીઝનો, બાળકો ધ્વારા તેનો ઉપયોગ થશે.જેની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા,ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા (પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ ડીંડોલીમાં ફાયર સ્ટેશન અંદાજિત રૂા. ૧૪૬ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. આ ફાયર સ્ટેશના નિર્માણથી ડીંડોલી તથા આજુ બાજુના વિસ્તારમાં કોઈ આગ જેવી આકસ્મિક ઉત્પન્ન થતી પરિસ્થિતીને પહોંચી વળવા માટે ઉપયોગી બની રહેશે.આ ફાયર સ્ટેશનની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષ,લાઈટ એન્ડ ફાયર (એક્ષ્ટી.)સમિતિ શ્રી પિયુષકુમાર જરીવાલા (શિવશકિતવાલા) તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આવેલ ટી.પી. સ્કીમ નં. ૦૭(આંજણા) , ફા.પ્લોટ નં. ૧૫૭, ભાઠેના ખાતે કોમ્યુનીટી હોલ અંદાજિત રૂા. ૨૦૪ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.આ કોમ્યુનીટી હોલથી ભાઠેના–આંજણા વિસ્તારમાં લોકોના લગ્ન પ્રસંગ, રીસેપ્શન જેવા અનેક સામાજીક પ્રસંગો માટે સદર કોમ્યુનીટી હોલ ઉપયોગી થશે.આ કોમ્યુનીટી હોલની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ અનેમાન.અધ્યક્ષા,સમાજ કલ્યાણ,આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતા,શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, પ્રેસ/મિડીયા /ફોટોગ્રાફરો, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.








સુરત મહાનગરપાલિકા



# પ્રે સ નો ટ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ચાંદની પડવાના તહેવારને ધ્યાને રાખી આજ તા.૦૩/૧૦/૨૦૧૭ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, મિઠાઈ(ઘારી)ના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂ ફુડ એનાલીસ્ટ, ભુજ/રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીર્પોટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | લીધેલ નમુના |
|---|---|---|---|
| ૧. | રમેશ મીઠાઈ | ૪/૩૫૧૬,૩૫૧૭,૩૫૧૮, ઝાંપા બજાર મેઈન રોડ, સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૨. | ચુનીલાલની મીઠાઈઓ | ૯/૯૩૦, ચાંચળા શેરી, અંબાજી રોડ, સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૩. | બાબુભાઈ સ્વીટસ સીલેકશન | દુ.નં.–૧,૮, ધનમોરા કોમ્પ્લેક્ષ, અડાજણ,સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૪. | બાબુભાઈ ગોલ્ડ સીલેકશન | માંડવીની ધર્મશાળા, સ્ટેશન રોડ, સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૫. | ડી.સી. સન્સ | ૧૧/૬૧૨, ભાઈશાજીની પોળ, નાણાવટ, સુરત | માવા ઘારી<br>બદામ પિસ્તા ઘારી |
| ૬. | મે. શાન્તાબેન હલવાવાલા | બી/૧૨, ભાજીવાળી પોળ, બરાનપુરી ભાગળ, સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૭. | જમનાદાસ સી. ઘારીવાલા | ચૌટાબજાર, સુરત | માવા ઘારી<br>બદામ પિસ્તા ઘારી |
| ૮. | ઠકકર મોતી હરજી મિઠાઈવાલા | બરાનપુરી ભાગળ, સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૯. | મોહનની મિઠાઈ | બરાનપુરી ભાગળ, સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |

# પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૬(ખટોદરા–મજુરા) ફા.પ્લોટ નં.૧૮૩, બ્લોક નં.૦૪, ખટોદરા જી.આઈ.ડી.સી.,ઉધના, સુરતવાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના આર.સી.સી.બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૦૩/૧૦/૨૦૧૭** ના રોજ આશરે ૧૧૨૫ ચો.ફુટ માપ વિસ્તારમાંથી આર.સી.સી.સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ચાંદની પડવાના તહેવારને ધ્યાને રાખી આજ તા.૦૪/૧૦/૨૦૧૭ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, મિઠાઈ(ઘારી)ના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂ ફુડ એનાલીસ્ટ, ભુજ/રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીપોર્ટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | લીધેલ નમુના |
|---|---|---|---|
| ૧. | ઉત્સવ સ્વીટસ | ૫/૨૫૬,૨૫૭, રૂવાળા ટેકરા, ભાગળ, સુરત | માવા ઘારી |
| ૨. | સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓ. મીલ્ક પ્રોડયુસર યુનિયન લી. | સુમુલ ડેરી રોડ, સુરત | કેસર બદામ પિસ્તા ઘારી |
| ૩. | કરમની મિઠાઈ | કતારગામ બસ સ્ટોપની સામે, સુરત | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૪. | સાપરાની મિઠાઈ | કતારગામ રોડ,સુરત | માવા ઘારી |
| ૫. | સુમુલ ડેરી પાર્લર | સુમુલ ડેરી રોડ, સુરત | કેસર બદામ પિસ્તા ઘારી |
| ૬. | સાપરા પેંડા | સહયોગ એપાર્ટ., વરાછા રોડ, સુરત | માવા ઘારી |
| ૭. | ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લી. | દુ.નં.-૫, હરીઓમ કોમ્પલેક્ષ, જૈન દેરાસરની સામે, અડાજણ પાટીયા, સુરત | સાદી માવા ઘારી<br>બદામ પિસ્તા ઘારી |
| ૮. | ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લી. | અંબાજી રોડ,સુરત | સાદી માવા ઘારી<br>બદામ પિસ્તા ઘારી |
| ૯. | ભોલે માવા ભંડાર | મહિધરપુરા,સુરત | દુધનો માવો |
| ૧૦. | ન્યુ રમેશ મીઠાઈ | મધુરમ એપાર્ટમેન્ટ, ભટાર ચાર રસ્તા, સુરત. | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૧૧. | સાંકેત | રાણીતળાવ, મેઈન રોડ, સુરત. | માવા ઘારી<br>પિસ્તા ઘારી |
| ૧૨. | વિજય ડેરી | રામશા ટાવર, અડાજણ પાટીયા, સુરત. | માવા ઘારી<br>પિસ્તા ઘારી |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....8586.........
તા.૦૪/૧૦/૨૦૧૭

# :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૭ના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે આયોજીત ભજન સ્પર્ધાનું પરિણામ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૭ને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સુરત શહેરના પ્રથમ નાગરિક એવા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રગટાવી સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધનમાં માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાએ જણાવ્યું હતું કે, શહેરના લોકોની પ્રાથમિક સુવિધાઓ સાથે ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રસંગોને અનુરૂપ વિવિધ રંગારંગ કાર્યક્રમો સાથે જુદી જુદી સ્પર્ધાઓનું પણ સમયાંતરે આયોજન કરવામાં આવે છે. આપણી ભારતીય સંસ્કૃતિને જીવંત અને ધબકતી રાખવા સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતા કાર્યક્રમોમાં ઉમળકાભેર મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ અભિનંદન આપી મહાનગરપાલિકા સંચાલિત સુરત દર્શન બસમાં શહેરના વિવિધ ૧૬ જેટલા જોવા લાયક સ્થળોની મુલાકાત લેવાની અપીલ કરી હતી. ભજન સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ ૧૭ જેટલા મંડળોના **૩૦ વર્ષથી વધુ વયના** ૨૦૦ જેટલા ભાઈઓ–બહેનોએ ભાગ લઈ ભકિતભાવસભર ભજનો પ્રસ્તુત કર્યા હતા. ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને વિશેષતઃ શ્રીકૃષ્ણના ભજનો રજુ કરી ઉપસ્થિત શ્રોતાગણને ભકિતરસમાં તરબોળ કર્યા હતા. સ્પર્ધાને અંતે નીચે મુજબની સંસ્થાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| **પ્રથમ** | ગીત ગુંજન |
| **દ્વિતીય** | શંખ ધ્વનિ કલબ |
| **તૃતીય** | શ્રી ગણેશ મહિલા મંડળ |
| **આશ્વાસન** | રાધા મંડળ ( પ્રતિક રો હાઉસ) |
| | શ્રી સુરત અમદાવાદી રૂપાઘડા પંચાલ સમાજ |
| | શાંતિ મહિલા મંડળ |
| | રાધાકૃષ્ણ મહિલા મંડળ |

ભજન સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. નિર્ણાયક તરીકે સર્વશ્રી બિનિતાબેન શ્રોફ અને હેમલતાબેન ઠાકરએ સેવા આપી હતી.



સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૭ના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે આયોજીત ભજન સ્પર્ધાના સ્પર્ધકો સાથે મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા તથા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ દ્રશ્યમાન છે.

**"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિત્તે તા.૦૩/૧૦/૧૭નાં રોજ ડોર ટુ ડોર કલેકશન કરતા વાહનોનાં ડ્રાઈવર તેમજ સફાઈ કર્મચારીઓનો જાહેર સન્માન કાર્યક્રમ યોજવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૦૨/૧૦/૧૭નાં રોજ **"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૩/૧૦/૧૭નાં રોજ ડોર ટુ ડોર કલેકશન કરતા વાહનોનાં ડ્રાઈવર તેમજ સફાઈ કર્મચારીઓનો જાહેર સન્માન કાર્યક્રમ યોજવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૩/૧૦/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સ્ટાફ તથા મહાનુભાવોની ટીમ બનાવી આ ટીમ દ્વારા દરેક ઝોનમાં ડોર ટુ ડોર કલેકશન અંગેની કામગીરીમાં સંકળાયેલ ડ્રાઈવર/સ્વચ્છતા મિત્રની કામગીરીનું સ્થળ નિરીક્ષણ તેમજ તેઓની કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ આજરોજ હાથ ધરવામાં આવેલ હતું. જેમાં શ્રેષ્ઠ કામગીરી કરતાં માલુમ પડેલ ડ્રાઈવર/સ્વચ્છતા મિત્રની યાદિ તૈયાર કર્યા બાદ ઝોનમાં મહાનુભાવો/ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેઓનું સન્માન કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ.

| ઝોન | સન્માન કરવામાં આવેલ ડ્રાઈવરો અને સ્વચ્છતા મિત્રની સંખ્યા |
|---|---|
| ૭ | ૨૮+૫૬ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિત્તે તા.૦૪/૧૦/૧૭નાં રોજ શહેરની તમામ સ્કુલોનાં વિદ્યાર્થીઓને સામેલ કરી ગંદકી સંભવિત વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવી અને બ્યુટીફીકેશનની પ્રવૃતિ હાથ ધરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓક્ટોમ્બર ૨૦૧૭ની તા.૦૨/૧૦/૧૭નાં રોજ **"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૪/૧૦/૧૭નાં રોજ શહેરની તમામ સ્કુલોનાં વિદ્યાર્થીઓને સામેલ કરી ગંદકી સંભવિત વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવી અને બ્યુટીફીકેશનની પ્રવૃતિ હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૧૦/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સુપરવાઈઝર સ્ટાફ તેમજ સ્કુલનાં વિદ્યાર્થીઓની ટીમો બનાવી ઝોન વિસ્તારમાં આવેલ EWS ક્વાર્ટસ/સ્લમ વિસ્તારોમાં ઘનિષ્ઠ સફાઈ કામગીરીનું આયોજન કર્યા બાદ આ ટીમ દ્વારા આજરોજ નિયત કરેલ સ્થળોએ ઘનિષ્ઠ સફાઈ કામગીરીઓ કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો. ત્યારબાદ ગંદકીવાળા સ્થળોએ ફુલ/ઝાડનાં કુંડાં વિગેરેથી જગ્યાને સુશોભન કરવામાં આવેલ વધુમાં આ ટીમ મારફતે સદર સ્થળનાં રહેવાસીઓનાં ઘરે–ઘરે જઈને સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરી અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવેલ હતી.

| સ્કુલની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | કચરાનો નિકાલ |
|---|---|---|---|---|
| ૪૪ | ૧૦૦૦ | ૫૨ | ૮૬ | ૦.૯૭૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0589

તા.૦૫/૧૦/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૪, નોંધ નં.૨૮૧૬, ૨૮૧૭ વાળી મિલ્કતમાં મિલ્કતના હિત ધરાવનારા ધ્વારા વગર પરવાનગીએ ગ્રા.ફલોર પર આશરે ૨૬૫ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતર કરી બનાવવામાં આવેલ પતરાના શેડ સહિતનું બાંધકામ તા.૦૫/૧૦/૧૭ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. સદરહુ બાંધકામ ૩૦' ફુટ તથા ૨૦' ફુટના ના રસ્તાની એલાઈમેન્ટમાં આવી જાય છે. મિલ્કતદારો તરફથી ઉગ્ર રજુઆતો થતાં શાંતિ સુલેહનો ભંગ ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત મેળવી સદર કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન તથા અઠવા ઝોન વિસ્તારમાં અંદાજિત રૂ.૧૩.૦૩ કરોડના ખર્ચે સાકારિત થનાર/થયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / લોકાર્પણવિધિ તા.૦૬/૧૦/૨૦૧૭, શુક્રવારના રોજ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને તથા માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ,માન.અધ્યક્ષ પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.અધ્યક્ષા ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ.

સાઉથ ઝોન(ઉધના)માં ગુજરાત હાઉસીંગ બોર્ડ, નગર પ્રાથમિક શાળા નં.૪૫, ૪૬ ખટોદરાના જુના મકાનના સ્થાને નવા મકાનની લોકાર્પણવિધિ અંદાજિત રૂ. ૨૩૩.૦૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.ઉધના વિસ્તારમાં પ્રાથમિક શાળા બનાવવાથી આજુ બાજુના વિસ્તારમાં રહેતા લોકોના બાળકોને ભણતર માટે શાળાની સુવિધા પ્રાપ્ત થશે આ પ્રકલ્પની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના વિસ્તારમાં આવેલ ટી.પી. ૬ (ખટોદરા–મુજરા)ના ફા.પ્લોટ નં. ૧૪૬, ૧૪૭ માં ૯૯ લાખ લીટર કેપેસીટી (બુસ્ટર હાઉસ સહિત) ની UGSR-4 તેમજ વોટર ટેસ્ટીંગ લેબોરેટરી બનાવવાની ખાતમુહૂર્તવિધિ અંદાજિત રૂ. ૫૫૬ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવનાર છે.સુરત શહેરના ઉધના ઝોન, અઠવા ઝોન અને સાઉથ ઝોન વિસ્તારમાં હાલમાં પુરો પાડવામાં આવતા પાણી પુરવઠા માટે ફકત બે બુસ્ટર હાઉસ હોય, આ સુચિત ૯૯ લાખ લિટર ક્ષમતાની અંડરગ્રાઉન્ડ ટાંકી (બુસ્ટર હાઉસ સહિત) નું નિર્માણ થતાં ત્રણ ઝોન વચ્ચે ત્રણ બુસ્ટર હાઉસ કાર્યરત થશે અને એક વધારાની અંડર ગ્રાઉન્ડ ટાંકી ઉપલબ્ધ થશે. આ પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ માન.અધ્યક્ષ પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં રાહત કો.ઓ.હા.સોસાયટી, ઉન–ગભેણી રોડ, ગભેણી ખાતે પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ અંદાજિત રૂ. ૧૪૩.૬૮ લાખ ના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.ઉધના વિસ્તારમાં પ્રાથમિક શાળા બનાવવાથી આજુ બાજુના વિસ્તારમાં રહેતા લોકોના બાળકોને ભણતર માટે શાળાની સુવિધા પ્રાપ્ત થશે આ પ્રકલ્પની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૭, (અલથાણ સાઉથ), ફા.પ્લોટ નં.૧૧૭ ખાતે આવેલ ગાર્ડનની લોકાર્પણવિધિ રૂ.૮૮.૬૮ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે આ ગાર્ડનની લોકાર્પણવિધિથી આસપાસના વિસ્તારના સ્થાનિક પ્રજાજનોને તથા બાળકો,સીનીયર સીટીઝનોને આનંદ પ્રમોદનું સાધન ઉપલબ્ધ થશે તેમજ પર્યાવરણની જાળવણી થશે.આ ગાર્ડનની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે

સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૦૭, (વેસુ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૧૨૨ ખાતે આવેલ ગાર્ડનની લોકાર્પણવિધિ રૂ.૩૦.૯૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે આ ગાર્ડનની લોકાર્પણવિધિથી આસપાસના વિસ્તારના સ્થાનિક

પ્રજાજનોને તથા બાળકો,સીનીયર સીટીઝનોને આનંદ પ્રમોદનું સાધન ઉપલબ્ધ થશે તેમજ પર્યાવરણની જાળવણી થશે.આ ગાર્ડનની લોકાર્પણવિધિ માન.અધ્યક્ષા, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૮૦ (ડુમસ) ખાતે ડુમસ લંગરથી ડુમસ ચોપાટી સુધી એરીયા ડેવલોપમેન્ટ કરવાના કામની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ છે જેનો ખર્ચ રૂા.૩૮૮ લાખ થનાર છે.આ પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતા,શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, માન.ડે.મ્યુ.કમિશનર શ્રી એમ. નાગરાજન, પ્રેસ/મિડીયા /ફોટોગ્રાફરો,અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૮/૦૯/૨૦૧૭ થી તા.૦૫/૧૦/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૪૨૨૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૦૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૨ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૯ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.......0592
તા.૦૬/૧૦/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા
યુ.સી.ડી. વિભાગ
અખબારી યાદી

**વિષય:- એશીયન ટાઉનસ્કેપ એવોર્ડ–૨૦૧૭**

એશીયન ટાઉનસ્કેપ એવોર્ડ–૨૦૧૭ નો સમારંભ તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ યીન્ચુઆન સીટી, ચીન ખાતે યોજાયેલ. સદર એવોર્ડ UN-Habitat Regional Office for Asia and the Pacific, Fukuoka Asian Urban Research Center, Asian Habitat Society તથા Asia Townscape Design Society તરફથી આપવામાં આવે છે. સદર એવોર્ડ સમારંભ City Festival Of Yinchuan અંતર્ગત રાખવામાં આવેલ. ઉપરોકત એવોર્ડ અંતર્ગત ચીન, જાપાન, ઈન્ડોનેશીયા, મલેશીયા, કોરીયા, વીયેતનામ વગેરે દેશોમાંથી નગરરચના સંદર્ભે તેમજ પર્યાવરણની સુરક્ષા સંદર્ભે જે કામગીરી કરવામાં આવેલ હોય તે માટે અરજીઓ આપવામાં આવેલ. આવેલ અરજીઓ પૈકી ૧૩ પ્રોજેકટસને ટાઉનસ્કેપ એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલ ત્યારે ૦૨ પ્રોજેકટસને એશીયન ટાઉનસ્કેપ જયુરી એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલ જેમાંથી સુરત મહાનગરપાલિકાના Eco-Friendly Ganesha Idols to conserve river Tapi during Ganesh Utsav(Festival)પ્રોજેકટનો સમાવેશ થયેલ.

ઉપરોકત એશીયન ટાઉન સ્કેપ એવોર્ડ–૨૦૧૭ માં ભાગ લેવા આસી. કમિશનરશ્રી ડૉ.ગાયત્રી આર. જરીવાલા યીન્ચુઆન, ચીન ખાતે તા.૨૮/૧૦/૨૦૧૭ના રોજ યીન્ચુઆન ઈન્ટરનેશનલ કન્વેશન સેન્ટરમાં યોજાયેલ સમારંભમાં હાજર રહી એવોર્ડ સ્વીકારેલ. સદર એવોર્ડ Mr.Keresawa Atshuow - Director, UN-Habitat-Japan, SAKAI Takeru - President, Asia Townscape Design Society, SATO Masaru Honorary President, Asia Townscape Design Society, Jiang Zhigang Yinchuan Municipal Party Secretary, Zhou Yunfeng - Municipal Party Committee Deputy Secretary, Xu Qing, Deputy mayor, Yinchuan, Wang Wei, li Yoagning, Bai shangching, Members Standing committee, Lau Hing Tat, Patirck, Chairman, Asia Habtate society તથા Asia Townscape Award ના જયુરી મેમ્બર્સ હાજર રહયા હતા. સદર ભવ્ય સમારંભમાં એવોર્ડ વિજેતાઓને સૌ પ્રથમ રેડ કાર્પેટ પર એન્ટ્રી કરાવવામાં આવેલ, ત્યારબાદ વિજેતાઓને એવોર્ડ સર્ટીફીકેટ તથા ટ્રોફી એનાયત કરવામાં આવેલ. આસી. કમિશનરશ્રી ડૉ.ગાયત્રી આર. જરીવાલા દ્વારા કરેલ સદર પ્રોજેકટના પ્રેઝન્ટેશનને ખૂબ જ પ્રોત્સાહન આવકાર મળેલ. એવોર્ડ સમારંભના વિજેતા સભ્યોને ગર્વનરશ્રી

સાથે મુલાકાતે લઈ જવામાં આવેલ જેમાં પણ ઉપરોકત પ્રોજેકટ અંગે સુરત મહાનગરપણાલિકા તરફથી કરવામાં આવેલ કામગીરીની વિગતો સમજાવવામાં આવેલ, ત્યારબાદ યોજાયેલ ગેટ ટુ ગેધર ડીનર પાર્ટીમાં પણ હાજર રહેલ મહેમાનો તરફથી પણ સુરત મહાનગરપાલિકા તરફથી થયેલ કામગીરીની વિગતોની જાણકારી મેળવવામાં આવી હતી તેમજ અત્રેથી કરવામાં આવેલ કામગીરીની પ્રસંશા કરવામાં આવેલ.






About Surat City
Surat is one of the most prominent city's of Western India, wherein there is found
rich cultural diversity.
in the world
are
here
28%
of nation's total
man-made
fiber
production
40%
of nations
total
man-made
fabric
Government Institution is aimed
environmental protection and
is 5.5 Millions



**Board of Directors Meeting**

**SMC HQ, Muglisara, Surat**

**06th October 2017**

# પ્રેસનોટ

તા.૦૬.૧૦.૨૦૧૭ નાં રોજ શ્રી શ્યામ એસ. દુબે, ચીફ કંટ્રોલર ઓફ અકાઉન્ટ જેઓ ભારત સરકારશ્રી ધ્વારા સુરત સ્માર્ટ સિટી અંતર્ગત બોર્ડ ડાઈરેક્ટર નિયુક્ત થયેલ છે. જે સંદર્ભે તેઓશ્રીના અધ્યક્ષ સ્થાને આજ રોજ સુરત સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સની રિવ્યૂ મીટિંગ રાખવામા આવેલ તથા મે. મુ. કમિશનરશ્રી અને ચેરમેન શ્રી એમ. થેન્નારાસનની અધ્યક્ષ સ્થાને સૂરત સ્માર્ટ સિટીની રાખેલ ૦૭ મી બોર્ડ મિટિંગ માં બોર્ડ ના ડાઈરેક્ટર શ્રી શ્યામ દુબે - સીસીએ, શ્રી રાજેશભાઈ દેસાઇ – ચેરમેનશ્રી (સ્થાયી સમિતિ), શ્રી જે. એમ. પટેલ, શ્રી સી. વાય. ભટ્ટ, ડૉ. કલ્પના દેસાઇ, શ્રી બંકીમભાઇ દેસાઇ, શ્રી જતીનભાઈ શાહ તથા શ્રી પર્સી એંજીનિયર અને સ્માર્ટ સિટિ ના સી.ઈ.ઑ શ્રી એમ. નાગરાજન હાજર રહેલ. સદર બોર્ડ મિટિંગ માં સૂરત સ્માર્ટ સિટી અંતર્ગત છ પ્રકલ્પો કુલ - ૩૫.૮ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ તથા ૨૭ પ્રકલ્પો ના કુલ - ૧૭૩૯.૪૮ કરોડના ખર્ચે અમલીકરણ હેઠળ પ્રોજેકટો બાબતે ચર્ચા થયેલ. "જેમાં સ્માર્ટ સિટિ ધ્વારા થઈ રહેલ કામગીરીની પ્રસંશા કરવામાં આવેલ." તેમજ વર્ષ : ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ દરમિયાન સ્માર્ટ સિટી, કન્વર્જેસ અને પીપીપી અંતર્ગત કરેલ કુલ રૂ.૧૨૦.૮૭ કરોડના ખર્ચ બાબતે શ્રેય આપેલ.

તેમજ શ્રી શ્યામ એસ. દુબેએ બોર્ડ મિટિંગમાં પોતાનો પ્રતિભાવ આપતા જણાવેલ કે સૂરત શહેર સમગ્ર ભારત દેશમાં સ્માર્ટ સિટી પ્રકલ્પોના અમલીકરણ તથા ફાઈનાન્સિયલ પ્રોગ્રેસમાં સતત અગ્રેસર રહેલ છે. સુરત સ્માર્ટ સિટિ બનાવવા થયેલ સહરાણિય કામગીરીની જાણ તેઓના ફીડબેક રિપોર્ટમાં ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેંટમાં પણ કરશે તેમ જણાવેલ. જે સૂરત શહેર માટે ગૌરવપૂર્ણ બાબત છે. તે ઉપરાંત સૂરત સ્માર્ટ સિટી અંતર્ગત પ્રાકલ્પોના સ્માર્ટ ફીચર્સ વિષે પણ તેમણે સહરણા કરી, જે અમલીકરણ થયેથી શહેરીજનો માટે તે ખુબજ ઊપયોગી નીવડશે.


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા




૫૯૫

# <u>પ્રેસનોટ</u>

## <u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) મોજે ઉધના, ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. પ્લોટ નં.બી/૮૨, રોડ નં.૫, ઉધના, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બીજા માળની ઉપર ટેરેસ પર પતરાના શેડનું બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૦૬/૧૦/૨૦૧૭** ના રોજ આશરે ૩૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પતરાના શેડનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૨) મોજે ઉધના, ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. પ્લોટ નં.એ/૫/૨૫, રોડ નં.૫, ઉધના, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના ભોયતળિયા તથા પહેલા માળે વધારાનું આર.સી.સી.નું બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી

વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૦૬/૧૦/૨૦૧૭** ના રોજ આશરે ૫૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી., બીમ, કોલમ, સ્લેબ તથા ચણતરની દિવાલો સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત બંને મિલ્કતોમાં કરવામાં આવેલ ડિમોલીશનની કામગીરી માટે મિલ્કતદારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૫૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

**૫૯૬**

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૭/૧૦/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા)નું નામદાર સરકારશ્રી તરફથી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ–૧૯૭૬ નાં GHV/100/1998/TPS/1949/3571/L. તા.૨૨/૦૭/૧૯૯૮ નાં નોટીફીકેશન થી ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ તરીકે મંજુર થયેલ. જે મુજબ મૂળખંડ નં.૧૦ વાળી જગ્યામાંથી મધ્યે ૧૨.૦૦ મી.નાં રસ્તામાં કપાત થતી જગ્યાનો કબજો મિલ્કતનાં મિલ્કતદારો દ્વારા વર્ષોથી સ્થળ પરનો પ્રત્યક્ષ કબજો સોંપવામાં આવેલ નહીં. જેનાં કારણે રસ્તાની કામગીરીમાં વિલંબ થતો હોવાનાં કારણે અત્રેથી પત્ર નં.સા.વે.(અઠવા)ઝોન/આ.નં.૧૯૨૨, તા.૦૭/૦૬/૧૭ થી નોટીસ પાઠવી કબજો સુરત મહાનગરપાલિકાને સોંપવા માટે જણાવેલ તેમ છતાં મિલ્કતદારો/જમીનમાલિકો દ્વારા રસ્તાનો કબજો સોંપવામાં નહીં આવતા આજરોજ તા.૦૭/૧૦/૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકાનાં દબાણ ખાતા તથા શહેર વિકાસ વિભાગનાં સ્ટાફ દ્વારા રસ્તા પૈકીનાં આશરે ૧૮૭૨ ચો.મી. જમીનનો પ્રત્યક્ષ કબજો મેળવેલ છે. જેનાં કારણે ભવિષ્યમાં ભટાર રોડ થી બમરોલી બ્રીજ સાથેનાં રસ્તા સાથે સીધુ જોડાણ થઈ શકશે તથા સંલગ્ન આવેલ સોસાયટીઓને તમામ પ્રાથમિક સુવિધાઓ આપી શકાશે.

ઉપરોક્ત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં......................
તા.૦૭/૧૦/૨૦૧૭ 0596

૫૯૭

સુરત મહાનગરપાલિકા
યુ.સી.ડી. વિભાગ
અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટઝોન વિસ્તારમાં તા.૧૦/૧૦/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય :-** તા.૧૦/૧૦/'૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૨૧-ઇચ્છાનાથ-ડુમસ, ૨૨-અલથાણ-ભટાર, ઉમરા કોમ્યુનીટી હોલ, એસ.કે.પાર્કની પાસે, ઉમરા, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૧૦/૧૦/'૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૨૧-ઇચ્છાનાથ-ડુમસ, ૨૨-અલથાણ-ભટાર, ઉમરા કોમ્યુનીટી હોલ, એસ.કે.પાર્કની પાસે, ઉમરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૫૯૮

## PRESS NOTE

## "એક્વીફર મેપિંગ"ની કામગીરી અંતર્ગત હેલિકોપ્ટર દ્વારા તાપી નદી ઉપર "હેલીબોર્ન સર્વે" ની કામગીરી

સુરત શહેર પાણી પુરવઠા વ્યવસ્થામાં વધુને વધુ ફ્રેંચવેલ્સ થકી પીવાલાયક પાણી મેળવી શકાય તથા સુરત શહેર આમ પણ અવારનવાર કુદરતી આપત્તિઓનો સામનો કરનારું શહેર હોય, શહેરીજનોની લાઈફ લાઈન વોટર ડીમાંડ સંતોષી શકાય તે સારું ભૂતકાળમાં પણ ફ્રેંચવેલ આશીર્વાદરૂપ નીવડેલ હોય, તાપી નદીના પટમાં કયા સ્થાને ફ્રેંચવેલ્સ સ્થાપિત કરી શકાય તે પ્રમાણેના મુખ્ય ઉદ્દેશથી વૈજ્ઞાનિક પદ્ધતિથી એક્વીફર મેપિંગની કામગીરી - ભારત સરકારશ્રી હસ્તકની સંસ્થા - નેશનલ જીઓફીઝીકલ રિસર્ચ ઈન્સ્ટીટયુટ (NGRI), હૈદરાબાદને સોંપવામાં આવેલ છે.

ભારત દેશમાં પાણીની સમસ્યાનાં નિવારણ રૂપે સામાન્ય રીતે આ પ્રકારની કામગીરી ભારત સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોય છે તથા તે પ્રમાણે ભૂતકાળમાં એક્વીફર મેપિંગની કામગીરી ભારત સરકારશ્રી દ્વારા નેશનલ જીઓફીઝીકલ રિસર્ચ ઈન્સ્ટીટયુટ (NGRI), હૈદરાબાદ મારફત ભારત દેશના વિવિધ રાજ્યો જેવાં કે, રાજસ્થાન, તમિલનાડુ, જેવા રાજ્યોમાં કે જ્યાં નદી / સરોવર જેવા સ્ત્રોત ઉપલબ્ધ ન હોય ત્યાં ભૂગર્ભ જળ શોધવા માટે કામગીરી કરવામાં આવેલ.

જળ સ્ત્રોતની બાબતમાં વૈજ્ઞાનિક ઢબે એકવીફર મેપિંગની કામગીરી હાથ ધરનાર સુરત મહાનગરપાલિકા દેશની એક માત્ર અને પ્રથમ મહાનગરપાલિકા છે.

નેશનલ જીઓફીઝીકલ રિસર્ચ ઈન્સ્ટીટયુટ (NGRI), હૈદરાબાદને સુરત મહાનગરપાલિકા દ્વારા સોંપવામાં આવેલ એક્વીફર મેપિંગ અંતર્ગતની વિવિધ કામગીરીઓ પૈકી એક કામગીરી હેલિકોપ્ટર દ્વારા સર્વે કરવાની કામગીરી છે જેની સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી રહેલ છે તથા હેલિકોપ્ટર દ્વારા જરૂરી વિજાણું ઉપકરણો દ્વારા સુરત શહેર તથા ઉપરવાસમાં તાપી નદીનાં પટ ઉપર તથા બન્ને કાંઠાઓને આવરી લેતો કુલ ૨૬૮ ચો.કી.મી. જેટલો વિસ્તાર સર્વે અંતર્ગત આવરી લેવામાં આવશે. હાલમાં આ સર્વે માટેની તૈયારીઓ કરવામાં આવી રહેલ છે તથા તા.૧૦-૧૦-૨૦૧૭ થી તા.૧૭-૧૦-૨૦૧૭ દરમ્યાન સુરત શહેરમાંથી પસાર થતી નદી ઉપર તથા ઉપરવાસમાં કામરેજ સુધીના વિસ્તારમાં ફેલાયલ નદીના પટ ઉપર હેલિકોપ્ટર દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે. ઉક્ત સર્વે દ્વારા નદીના તળ થી લગભગ ૫૦૦ મીટર નીચે સુધી ઈલેક્ટ્રો મેગ્નેટિક પદ્ધતિ વડે સર્વેક્ષણ કરવામાં આવશે જેના વડે તાપી નદીના તળ નીચે એક્વીફર કયા ક્યા સ્થાને રચાયેલ છે જેને પીવાના પાણી તરીકે ઉપયોગમાં લઈ શકાય તે શોધવા મદદરૂપ થશે.

કામગીરી પૂર્ણ થયેથી મળનાર પરિણામો પાણી પુરવઠા સિવાય સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગો માટે પણ ફાયદાકારક નીવડશે.

- પાણી પુરવઠા વ્યવસ્થા માટે ફ્રેંચવેલ્સ સ્થાપિત કરી શકાય તે પ્રમાણેનું આયોજન કરી શકાશે.
- ભાવી યોજનાઓ અંતર્ગત નદીનાં કાંઠાઓ ઉપર પાણી પુરવઠા વ્યવસ્થા માટે જરૂરી રિઝર્વેશન કરી શકાશે.
- બ્રીજ તથા આઉટર રીંગ રોડ માટેના અલાઈનમેન્ટ બાબતે મદદરૂપ થશે.
- હાઈ રાઈઝ બિલ્ડીંગ પરમીશન બાબતે ટાઉન પ્લાનિંગ ખાતાને મદદરૂપ થશે.
- તાપી નદી ઉપર બેરેજ જેવા બાંધ બનાવવા માટે મદદરૂપ થશે.
- D[8=M Z[, 5|MH[S8 VG[ CF.J[ 5|MH[S8 DF8[ 56 DNN~5 YX[P

આમ, એક્વીફર મેપિંગની કામગીરી પૂર્ણ થયેથી ભવિષ્યની પાણી પુરવઠા વ્યવસ્થાનાં વિવિધ પ્રકલ્પો તથા અન્ય વિભાગોને મદદરૂપ થાય તે પ્રમાણેની સચોટ અને વૈજ્ઞાનિક માહિતી પ્રાપ્ત થઇ રહેશે.

75 Years of
CSIR Touching Lives

# High resolution 3D aquifer mapping ong Tapi river and the adjoining gion

Septeber 2017

Dr. Subash Chandra and
Dr. Shakel Ahmed

**CSIR-National Geophysical Research Institute, Hyderabad**



# પ્રેસ નોટ

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના તેમજ પાંડેસરા અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૫/૦૯/૨૦૧૭ના રોજ સ્થાનિક અગ્રગણ્ય દૈનિક વર્તમાનપત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમ છતાં સદર અદ્યૌગિક મિલકતોના વેરા ભરપાઈ કરવામાં ન આવતા આજે તા.૦૯/૧૦/૨૦૧૭ના રોજ ૨૫ લાખ કે તેથી વધુ વેરો બાકી હોય તેવી નીચે જણાવેલ કુલ ૭ મિલકતોને જપ્તી અને ટાંચમાં લેવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ તમામ મિલકતો પર જપ્તી અને ટાંચમાં લીધાના બોર્ડો લગાડવામાં આવેલ છે અને સદર મિલકતોનું ટુંક સમયમાં હરાજીની પ્રક્રિયા કરી બાકી મિલકત વેરો વસુલ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવનાર છે. ઝોન વિસ્તારમાં આવેલ બાકી મિલકતદારોને તેમનો વેરો તાકીદે ભરી ટાંચની પ્રક્રિયામાંથી બચવા વિનંતી કરવામાં આવે છે.

| અનુ. નં. | ટેનામેન્ટ નંબર અને આકારણી દફતરે ધારણકર્તા / કબ્જેદારનું નામ | સરનામુ | ઉપયોગ | તા.૦૯/૧૦/૨૦૧૭ના રોજ બાકી |
|---|---|---|---|---|
| ૧ | ૨૭બી–૧૧–૨૫૧૧–૦–૦૦૧<br>દલસુખભાઈ મનજીભાઈ અને અનિલ કુમાર મનજીભાઈ પરમાર<br>ભાડુત : ઉર્મિ રોલર એન્ડ ફલોર મીલ પ્રા.લી. | ન્યુ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રોડ નં. જી પ્લોટ નં. બી / ૧૬૩, ઉધના, સુરત. | ફેકટરી | ૬૩,૧૦,૮૯૬ |
| ૨ | ૩૦બી–૦૧–૧૮૪૧–૦–૦૦૧<br>ગોપી પ્રોસેસર્સ પ્રા. લી. | પ્લોટ નં ૧૬૬ પૈકી, પાંડેસરા જી. આઈ. ડી. સી., સુરત. | ડાઈંગ એન્ડ બ્લીચીંગ | ૩૨,૬૪,૦૫૮ |
| ૩ | ૩૦બી–૦૫–૧૪૨૧–૦–૦૦૧<br>સાહેલી સિન્થેટીક, સાહેલી પ્રિન્ટ પ્રા. લી. | પ્લોટ નં ૨૭૪/૧, ૨૭૪/૨ પાંડેસરા જી. આઈ. ડી. સી., સુરત. | ડાઈંગ એન્ડ બ્લીચીંગ | ૫૩,૭૨,૬૧૫ |
| ૪ | ૩૦સી–૦૧–૦૭૩૧–૦–૦૦૧<br>કબ્જે : વાઘબકરીવાલા | પ્લોટ નં. ૩૪૬, વડોદ, પાંડેસરા જી. આઈ. ડી. સી., સુરત. | ડાઈંગ એન્ડ બ્લીચીંગ | ૪૨,૮૮,૮૪૩ |
| ૫ | ૩૦સી–૦૧–૦૭૩૫–૦–૦૦૧<br>કબ્જે : વાઘબકરીવાલા રેયોન | પ્લોટ નં. ૩૫૮, વડોદ, પાંડેસરા જી. આઈ. ડી. સી., સુરત. | ડાઈંગ એન્ડ બ્લીચીંગ | ૫૮,૦૩,૪૪૨ |
| ૬ | ૩૦સી–૦૧–૦૮૨૧–૦–૦૦૧<br>કબ્જે : ઠાકોરભાઈ છગનદાસ | પ્લોટ નં. ૩૬૭, વડોદ, પાંડેસરા જી. આઈ. ડી. સી., સુરત. | મીલ વીવીંગ | ૪૬,૭૫,૨૧૬ |
| ૭ | ૩૦સી–૦૧–૧૩૦૧–૦–૦૦૧<br>કબ્જે : મે. રાજસન પ્રોસે. પ્રા. લી. | શેડ નં. ૪૪૮, ૪૪૯, ૪૫૨, ૪૫૫ વડોદ, પાંડેસરા જી. આઈ. ડી. સી., સુરત. | ડાઈંગ એન્ડ બ્લીચીંગ | ૨૮,૦૨,૭૫૪ |





**"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિત્તે તા.૦૫/૧૦/૧૭નાં રોજ મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓ/રેસીડેન્સ વેલફેર અસોસિએશન જેમણે સ્વચ્છતા અને કચરાનાં નિકાલ માટે ઉત્તમ કામગીરી કરી છે તેઓ માટે જાહેર સન્માન કાર્યક્રમ યોજવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૦૨/૧૦/૧૭નાં રોજ **"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૫/૧૦/૧૭નાં રોજ મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓ/રેસીડેન્સ વેલફેર અસોસિએશન જેમણે સ્વચ્છતા અને કચરાનાં નિકાલ માટે ઉત્તમ કામગીરી કરી છે તેઓ માટે જાહેર સન્માન કાર્યક્રમ યોજવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૫/૧૦/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સ્ટાફ તેમજ N.G.O. તથા નગરજનોની ટીમો બનાવી ઝોન વિસ્તારમાં મોટા પ્રમાણમાં સુકો/ભીનો કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓ/રેસીડન્સી વેલફેર એસોસીએશન તેમજ મોટા રહેણાંક સોસાયટીનાં પ્રમુખ/સેક્રેટરી/વહીવટકર્તા ઓર્ગેનીક વેસ્ટ કન્વેટર મશીન તેમની સોસાયટીમાં સ્વખર્ચે લાવી તેઓ દ્વારા સોસાયટીનાં રહેણાંક ઘરોમાંથી નીકળતો સુકા/ભીના કચરા તેમનાં દ્વારા એકત્રિત કર્યા બાદ ખાતરમાં રૂપાંતર કરવાની કાર્યવાહી કરી કચરાનાં નિકાલની ઉત્તમ કામગીરી કરવામાં આવે છે. તે પ્રકારની સોસાયટી/સંસ્થા/રેસીડન્સી વેલ્ફેર એસોસીએશનનાં પ્રમુખ/સેક્રેટરી/વહીવટકર્તાઓનો સંપર્ક કરી તેઓની કામગીરી જાત નિરીક્ષણ આ ટીમ દ્વારા કરાવ્યા બાદ દરેક ઝોનમાં આ પ્રકારની કામગીરી કર્તાઓનું મહાનુભવો/ઉપરી અધિકારીઓ દ્વારા જાહેર સન્માન કરવા અંગેની કામગીરી કરવામાં આવેલ હતી.

| સ્વચ્છતા અને કચરાનાં નિકાલ માટે ઉત્તમ કામગીરી કરેલ સંસ્થાઓ/રેસીડેન્સ વેલફેર અસોસિએશન | સન્માન કરવામાં આવેલ જાગૃત/ઉત્તમ કામગીરી કરનાર નાગરીકોની સંખ્યા |
|---|---|
| ૩૪ | ૯૮ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૬૦૧

**"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિત્તે તા.૦૬ તથા ૦૭/૧૦/૧૭નાં રોજ સ્વચ્છ ભારત મિશનનાં એમ્બેસેડર/કોમ્યુનિટી લીડરને સામેલ કરી જાહેરમાં સ્વચ્છતા શપથનો કાર્યક્રમ યોજવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૦૨/૧૦/૧૭નાં રોજ **"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૬ તથા ૦૭/૧૦/૧૭નાં રોજ સ્વચ્છ ભારત મિશનનાં એમ્બેસેડર/કોમ્યુનિટી લીડરને સામેલ કરી જાહેરમાં સ્વચ્છતા શપથનો કાર્યક્રમ યોજવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૬ તથા ૦૭/૧૦/૧૭ દરમ્યાન દરેક ઝોન વિસ્તારનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ **"સ્વચ્છ ભારત મિશન"**નાં એમ્બેસેડરો/કોમ્યુનિટી લીડરોની અધ્યક્ષતામાં મીટીંગનું આયોજન કર્યા બાદ સદર મીટીંગમાં ઝોનનાં ફરજ બજાવતાં સ્ટાફનાં કર્મચારીઓ, N.G.O. તથા નગરજનોને એકત્રિત કરી **"સ્વચ્છ ભારત મિશન"**નાં એમ્બેસેડરો તથા કોમ્યુનિટી લીડરો મારફતે**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત સીટી ફર્સ્ટ લાવવા માટેનો પ્રચાર–પ્રસાર કરવામાં આવેલ તેમજ આ અંગેની કરવાની કામગીરીઓ બાબતે વિસ્તૃત જાણકારી/માહિતી આપ્યા બાદ મા.વડાપ્રધાનશ્રીની સ્વચ્છતાની ઝુંબેશમાં સુરત મહાનગરપાલિકા અથાગ પ્રયત્નો કરી રહી છે તે સ્વચ્છતામાં વધુને વધુ પ્રમાણમાં સુરત શહેરનાં દરેક દરેક નાગરીકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે મીટીંગમાં ઉપસ્થિત રહેલ તમામ કર્મચારી/નાગરીકોને પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા.

| ઝોન | મીટીંગમાં હાજર રહેલ | | | |
|---|---|---|---|---|
| | બ્રાન્ડ એમ્બેસેડરો/કોમ્યુનિટી લીડર | N.G.O./નાગરીકો | સુપરવાઈઝર | કામદાર |
| ૭ | ૯+૫ | ૩૮૪ | ૪૭ | ૧૩૫ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૬૦૨

**"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિત્તે તા.૦૮ તથા ૦૯/૧૦/૧૭નાં રોજ મીડિયાનાં માધ્યમ જેવા કે વિડિયો/રેડિયો ઝીંગલ અને અન્ય માધ્યમો દ્વારા શહેરની સ્વચ્છતાની ત્રણ વર્ષની સફરથી નાગરીકોને માહિતગાર કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૦૨/૧૦/૧૭નાં રોજ **"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૮ તથા ૦૯/૧૦/૧૭નાં રોજ મીડિયાનાં માધ્યમ જેવા કે વિડિયો/રેડિયો ઝીંગલ અને અન્ય માધ્યમો દ્વારા શહેરની સ્વચ્છતાની ત્રણ વર્ષની સફરથી નાગરીકોને માહિતગાર કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮ તથા ૦૯/૧૦/૧૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા ૯૪.૩ માય.એફ.એમ, ૯૮.૩ રેડીયો મીર્ચી, ૯૨.૭ બીગ.એફ.એમ અને ૯૧.૧ રેડીયો સીટી તથા ટવીટરનાં માધ્યમથી સુકો/ભીનો કચરો, સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવા અંગે વિડીયો તથા રેડીયો ઝીંગલથી શહેરીજનોને માહિતગાર કરવામાં આવ્યા. વધુમાં SMC દ્વારા સુરતને પ્રથમ ક્રમાંક મળી રહે તે માટે મિશન સુરત ફર્સ્ટ તથા સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૮ની પણ ઝીંગલ પ્રસારીત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૬૦૩

## <u>" વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા મોટીશેરી, લાલદરવાજા વિસ્તારમાં કરવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી "</u>

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા તા.૧૦/૧૦/૨૦૧૭ નાં રોજ મોટીશેરી, લાલદરવાજા વિસ્તારમાં નીચે મુજબની આરોગયલક્ષી કામગીરી કરવામાં આવેલ છે.

કુલ સર્વે ઘર – ૨૨૩

કુલ સર્વે સ્પોટ – ૯૨૯

મળેલ બ્રિડીંગ – ૦૮

તાવનાં કેસ – ૦૧

લીધેલ સ્લાઈડ – ૦૩

આપેલ નોટીસ – ૦૪

વસૂલ કરેલ વહીવટી પરચૂરણ ખર્ચ – રૂા.૩૦૦૦

ફોગીંગ કામગીરી – અસરગ્રસ્ત વિસ્તાર અને આજુબાજુનાં વિસ્તારમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

એન્ટીલાર્વલની કામગીરી – અસરગ્રસ્ત વિસ્તાર અને આજુબાજુનાં વિસ્તારમાંએન્ટીલાર્વલની કામગીરી કરવામાં આવેલ છે.

વધુમાં, મરણ પામેલ રમણભાઈ ઠાકોરભાઈ જરીવાલા, ૭૫ વર્ષ/પુરૂષ, ૬/૬૬૬ મોટીશેરી, લાલદરવાજા નાં મેડીકલ રીપોર્ટસ નો અભ્યાસ કરતાં મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પિટલ, અઠવાલાઈન્સ નાં રીપોર્ટ મુજબ **ચિકુનગુનીયા IgM-Negative, ડેન્ગ્યુ NS1 Antigen-Negative, ડેન્ગ્યુ Ig M-Negative તેમજ યુનીક હોસ્પિટલનાં રીપોર્ટ મુજબ ડેન્ગ્યુ NS1 Antigen-Negative, ડેન્ગ્યુ Ig M-Negative, ડેન્ગ્યુ IgG-Negative છે.**

વધુમાં, સઘન ખાતાકીય કામગીરી ચાલુ છે.

# –: પ્રેસનોટ :–

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ)ના H-1, EWS આવાસ, કોસાડ ખાતે તા.૧૦/૧૦/૨૦૧૭ ના રોજ બાકી હપ્તાની અને વેરાની વસુલાત અભિયાન હેઠળ ૬૦ કર્મચારીઓ જોડાયેલ હતા. તેઓએ કુલ ૮ (આઠ) મિલ્કતોને સીલ મારી સ્થળ ઉપર જ જમીન મિલ્કતના જેણે એક પણ હપ્તા મહાનગરપાલિકામાં જમા ન કરાવ્યા હતાં તેમણા હપ્તા પેટે **રૂા. ૩,૪૫,૩૨૬/–** ની તેમજ મિલ્કતવેરાની કુલ વસુલાત રૂા.૧,૨૧,૭૦,૦૦૦/– પૈકી આવાસની **રૂા.૨૭,૮૨૩/–** વસુલાત કરવામાં આવી છે. વધુમાં વ્યવસાય વેરાની **રૂા. ૩૯,૨૬૧** ની વસુલાત કરવામાં આવેલ છે.

તા. ૦૪/૧૦/૨૦૧૭ થી તા.૧૦/૧૦/૨૦૧૭ સુધીની EWS આવાસની કુલ વસુલાત રૂા.૧૦,૪૪,૪૬૦/– મિલ્કતવેરાની કુલ વસુલાત રૂા.૪,૦૮,૮૧,૦૧૯/– વ્યવસાયવેરાની કુલ વસુલાત રૂા. ૯૬,૮૪,૪૫૨/– ની કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના તેમજ પાંડેસરા અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૦૯/૧૦/૨૦૧૭ અને ૧૦/૧૦/૨૦૧૭ના રોજ ડોર ટુ ડોર રીકવરી માટે કર્મચારીઓ ધ્વારા વોરંટ / લાલ નોટીસ ઈસ્યુ કરી બે દિવસમાં મિલકત વેરાપેટે રૂા.૪૦ લાખથી વધુ વસુલ કરવામાં આવેલ છે અને સદર બંને દિવસ દરમ્યાન મિલકત વેરાના રૂા. ૪ કરોડથી વધારે કરદાતાઓ ધ્વારા સાઉથ ઝોન (ઉધના) ખાતે ભરપાઈ કરવામાં આવેલ છે. તેમજ વ્યસાયવેરામાં તા.૧૦/૧૦/૨૦૧૭ના રોજ ઉધના ઔદ્યગિક એકમમાં શ્રી ક્રિષ્ના સિલ્ક મીલ્સના નામે ચાલતી ડાંઈગ મીલ ધ્વારા કામ કરતા કર્મચારીઓનો વ્યવસાયવેરો ઓછો ભરતા હોય, આસી. કમિશનરશ્રી સાઉથ ઝોન (ઉધના)ના સીધા માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારી અને ખાતાના સ્ટાફ ધ્વારા વીડીયો રેકોર્ડીગ કરી કર્મચારીઓની ગણતરી કરી સીલ મારવાની કામગીરી કરતા સ્થળ પર જ મીલ માલિક ધ્વારા બાકી વ્યવસાયવેરો રૂા. ૨,૪૨,૦૦૦ થી વધુ વસુલ કરવામાં આવેલ છે. સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો નભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

૬૦૬

# પ્રે સ નો ટ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી દિવાળીના તહેવારને ધ્યાને રાખી આજ તા.૧૧/૧૦/૨૦૧૭ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, બેકરીના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂં ફુડ એનાલીસ્ટ, ભુજ/રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીર્પોટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | લીધેલ નમુના |
|---|---|---|---|
| ૧. | સનાબીલ ફુડ પ્રોડકટસ | સુરત નવસારી રોડ,ઉન,સુરત | નાન ખટાઈ<br>ફરમાસ |
| ૨. | સંતોષ બેકરી | રામનગર, રાંદેર, સુરત | નાનખટાઈ<br>નમકીન બિસ્કીટ |
| ૩. | મેર્સસ કમલ બેકરી | રામનગર, રાંદેર, સુરત | નાનખટાઈ<br>નમકીન બિસ્કીટ |
| ૪. | બોબી બેકર્સ | ડાહી ફળિયુ,રૂદરપુરા,સુરત | સ્વીટ બિસ્કીટ<br>નાનખટાઈ |
| ૫. | ઉમરાવ બેકરી | ડાહી ફળિયુ,રૂદરપુરા,સુરત | સ્વીટ બિસ્કીટ<br>ખારા મીઠા બિસ્કીટ |
| ૬. | રતન બેકરી | ડાહી ફળિયુ,રૂદરપુરા,સુરત | નાનખટાઈ<br>ખારી બિસ્કીટ |
| ૭. | શિવાન્સ ટેસ્ટી બેકર્સ | નવયુગ કોલેજની પાછળ, તાડવાડી, સુરત | નાન ખટાઈ<br>ફરમાસ |
| ૮. | જે.જે. બેકર્સ | રામનગર, રાંદેર, સુરત | નાનખટાઈ<br>નમકીન બિસ્કીટ |
| ૯. | દોટીવાલા બેકર્સ | મકાઈપુલ, નાનપુરા, સુરત | નાન ખટાઈ<br>ફરમાસ |

૬૦૭

# પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૫૭(પાંડેસરા), પ્લોટ નં.એન/૧ થી ૫, મારૂતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાંડેસરા, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બીજા માળનું ચણતરની દિવાલોનું બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૧૧/૧૦/૨૦૧૭** ના રોજ આશરે ૧૪૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલો તેમજ શટર દૂર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૫૭(પાંડેસરા), કાંતિનગર ૧૮.૦૦ મી.ટી.પી. રોડ પર નડતરરૂપ પતરાનો શેડ દુર કરવામાં આવેલ છે.

૬૦૮

**"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિત્તે તા.૧૦ તથા ૧૧/૧૦/૧૭નાં રોજ શહેરમાં નાગરીકો સ્વછાગ્રહી તરીકે જોડાય તે માટે કેમ્પ યોજવા તેમજ હાલનાં સ્વછાગ્રહીઓનું જાહેરમાં સન્માન કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૦૨/૧૦/૧૭નાં રોજ **"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૦ તથા ૧૧/૧૦/૧૭નાં રોજ શહેરમાં નાગરીકો સ્વછાગ્રહી તરીકે જોડાય તે માટે કેમ્પ યોજવા તેમજ હાલનાં સ્વછાગ્રહીઓનું જાહેરમાં સન્માન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૦ તથા ૧૧/૧૦/૧૭નાં દરમ્યાન દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા શહેરમાં વધુ નાગરીકો સ્વછાગ્રહી તરીકે જોડાય તે માટે ઝોનમાં કેમ્પનું આયોજન કરી "સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત" સુરત ફર્સ્ટ બાબતે બહોળા પ્રમાણમાં પ્રચાર–પ્રસાર કરાવી કેમ્પ વધુમાં વધુ નાગરીકો ભાગ લે અને હાજર રહે તે મુજબનું આયોજન કરી નિયત કરેલ સ્થળએ કેમ્પ કરી મોટો પ્રમાણમાં સ્વછાગ્રહીઓ તરીકેની નોંધણીઓ કરવામાં આવેલ હતી તેમજ નવા સ્વછાગ્રહી નાગરીકોને આ કામગીરી કરવા પ્રોત્સાહીત કરી ઉપરોકત કામગીરીમાં સામેલ કરવામાં આવેલ હતા. ત્યારબાદ તેઓની હાજરીમાં જુના સ્વછાગ્રહીઓનું સુરત શહેરનાં નામાંકિત મહાનુભવો દ્વારા જાહેરમાં સન્માન કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | કેમ્પ દ્વારા નવા સ્વછાગ્રહીઓની સંખ્યા | જાહેરમાં સન્માન કરવામાં આવેલ જૂના સ્વછાગ્રહીઓની સંખ્યા |
|---|---|---|
| ૭ | ૫૭૨ | ૨૩૨ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૬૦૯

## સુરત મહાનગરપાલિકા
## નેચરપાર્ક એન્ડ ઝુ
## સરથાણા

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગર પાલિકા

હાલમાં સ્કુલો,કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સત્ર પુરુ થતાં અને દિવાળી વેકેશન શરૂ થતાં સુરત મહાનગરપાલિકા હસ્તકના પ્રાણીસંગ્રહાલયમાં આવતા મુલાકાતીઓને તા.૧૫–૧૦–૨૦૧૭ થી ૦૫–૧૧–૨૦૧૭ સાંજે ૫–૩૦ કલાક સુધી પ્રવેશ આપવામાં આવશે આવનાર મુલાકાતીઓ વધુમાં વધુ સાંજે ૬–૩૦ વાગ્યા સુધી નેચરપાર્ક ની અંદર હરી ફરી તેમજ વન્ય પ્રાણી,જીવ જંતુઓ સાથે પ્રાકૃતિક સૌંદર્ય નિહાળી શકશે. આ પ્રાણીસંગ્રહાલય દિવાળીના વેકેશન દરમ્યાન સોમવારના દિવસે પણ મુલાકાતીઓ માટે ખુલ્લુ રહેશે.જેનો લાભ સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં વસતી જાહેર જનતા ને લેવા ઝુ ખાતાની એક યાદીમાં જણાવવામાં આવે છે.

# પ્રે સ નો ટ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી દિવાળીના તહેવારને ધ્યાને રાખી આજ તા.૧૧/૧૦/૨૦૧૭ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, બેકરીના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂં ફુડ એનાલીસ્ટ, ભુજ/રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીપોંટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | લીધેલ નમુના |
|---|---|---|---|
| ૧. | સનાબીલ ફુડ પ્રોડકટસ | સુરત નવસારી રોડ,ઉન,સુરત | નાન ખટાઈ<br>ફરમાસ |
| ૨. | સંતોષ બેકરી | રામનગર, રાંદેર, સુરત | નાનખટાઈ<br>નમકીન બિસ્કીટ |
| ૩. | મેર્સસ કમલ બેકરી | રામનગર, રાંદેર, સુરત | નાનખટાઈ<br>નમકીન બિસ્કીટ |
| ૪. | બોબી બેકર્સ | ડાહી ફળિયુ,રૂદરપુરા,સુરત | સ્વીટ બિસ્કીટ<br>નાનખટાઈ |
| ૫. | ઉમરાવ બેકરી | ડાહી ફળિયુ,રૂદરપુરા,સુરત | સ્વીટ બિસ્કીટ<br>ખારા મીઠા બિસ્કીટ |
| ૬. | રતન બેકરી | ડાહી ફળિયુ,રૂદરપુરા,સુરત | નાનખટાઈ<br>ખારી બિસ્કીટ |
| ૭. | શિવાન્સ ટેસ્ટી બેકર્સ | નવયુગ કોલેજની પાછળ, તાડવાડી, સુરત | નાન ખટાઈ<br>ફરમાસ |
| ૮. | જે.જે. બેકર્સ | રામનગર, રાંદેર, સુરત | નાનખટાઈ<br>નમકીન બિસ્કીટ |
| ૯. | દોટીવાલા બેકર્સ | મકાઈપુલ, નાનપુરા, સુરત | નાન ખટાઈ<br>ફરમાસ |

૬૧૧

## " વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા મહીધરપુરાનાં વિવિધ વિસ્તારોમાં કરવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી "

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન મહીધરપુરાનાં વિવિધ વિસ્તારો જેવાં કે, દાળીયા શેરી, ગલેમંડી મોટી શેરી, લાલદરવાજા મોટી શેરી, ભૂત શેરી, છાપરીયા શેરી, લુહાર ટેકરો, કંસારા શેરી, મણિયારા શેરી, હીરાબજાર મેઈન રોડ, જદાખાડી, મહીધરપુરા પોલીસ લાઈન, રામપુરા મેઈન રોડ, દાતણીયાવાડ, અંધારાની ખૂણ, શ્રાવક શેરી તેમજ ધોબી શેરીનાં વિસ્તારોમાં તા.૩૧/૦૮/૧૭ થી તા.૧૦/૧૦/૧૭ સુધી વી.બી.ડી.સી.વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા નીચે મુજબની આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવેલ છે.

કુલ સર્વે ઘર – ૨૩૫૭

કુલ સર્વે સ્પોટ – ૭૪૭૮

મળેલ બ્રિડીંગ – ૧૧૧

તાવનાં કેસ – ૨૪

લીધેલ સ્લાઈડ – ૨૯

આપેલ નોટીસ – ૩૩

વસૂલ કરેલ વહીવટી પરચૂરણ ખર્ચ – રૂા.૩૨૦૦

ફોગીંગ અને એન્ટીલાર્વલની કામગીરી – મહીધરપુરાનાં વિવિધ વિસ્તારોમાં ફોગીંગની કામગીરી અને એન્ટીલાર્વલની કામગીરી કરવામાં આવેલ છે.

વધુમાં, તા.૧૩/૧૦/૧૭ નાં રોજ ઝૂંબેશરૂપે ખાતાકીય કામગીરી કરવા માટે દરેક ઝોનમાંથી ૦૬–પ્રાયમરી હેલ્થ વર્કર લેખે ૩૬–પ્રાયમરી હેલ્થ વર્કરો, ૧૭ –પ્રાયમરી હેલ્થ વર્કરો વી.બી.ડી.સી યુનિટ મસ્કતીમાંથી, ૦૫–પ્રાયમરી હેલ્થ વર્કરો દક્ષિણ યુનિટ સેન્ટ્રલ ઝોનમાંથી અને ૦૫–પ્રાયમરી હેલ્થ વર્કરો બેગમપુરા યુનિટ સેન્ટ્રલ ઝોનમાંથી, ૧૯–પ્રાયમરી હેલ્થ વર્કરો ઉત્તર યુનિટ સેન્ટ્રલ ઝોનમાંથી મળી કુલ–૮૨–પ્રાયમરી હેલ્થ વર્કરો દ્વારા મહીધરપુરાનાં સમગ્ર વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી કરાવવામાં આવનાર છે.આ ઉપરાંત, ફોગીંગની કામગીરી માટે અલગ અલગ ઝોનમાંથી ૧૨–કોલ્ડ ફોગ મશીન, સેન્ટ્રલ ઝોનનાં–૦૩ કોલ્ડ ફોગ મશીન એમ કુલ–૧૫ કોલ્ડ ફોગ મશીન તથા ૦૩ ફોગીંગ જીપ(લીકો મશીન) અને ૨૪ હેન્ડીસેટ ફોગીંગ મશીન ફાળવી મહીધરપુરા વિસ્તારમાં ખાતાકીય કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

૬૧૨

## પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

**સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત** :–

સેન્ટ્રલ ઝોનના એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં. ૩, નોંધ નં.૨૪૪૪–અ,તાડવાડી શેરી, સલાબતપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને કાયદેસરની નોટીસ પાઠવવામાં આવેલ, જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં, દિવાલનું ચણતર પ્લાસ્ટર કામ આશરે ૧૪૦૦ સ્કે.ફીટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ તથા આર.સી.સી.વર્ક આશરે ૧૩૫૦ સ્કે.ફીટ ગેરકાયદેસર બાંધકામ તા.૦૯/૧૦/૧૭ થી તા.૧૨/૧૦/૧૭ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના પુર્વઝોન(વરાછા) ખાતે કંરજ–એ સેનીટેશન વોર્ડમાં ભગુનગર સોસાયટી, સૌરાષ્ટ્ર ડેરીની સામે, રહેણાંક વિસ્તારમાં સોનાની ભઠ્ઠી ચાલતી હોય જે અંગે મળેલ ફરીયાદ ના અનુસંધાનમાં નાયબ આરોગ્ય અધિકારી, પૂર્વઝોન(વરાછા) ની સીધી દેખરેખ હેઠળ આરોગ્ય વિભાગ ના આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષકની ટીમ દ્વારા તા.૧૨/૧૦/૨૦૧૭ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સદર વિસ્તારમાં પ્લોટ નં.૨૧૬,ભગુનગર સોસાયટી,પાર્થ એપાર્ટમેન્ટ, ખોડીયાર કૃપા ડેરીના માળ ઉપર ચેક કરતા ચેકીંગ દરમિયાન એપાર્ટમેન્ટમાં વિપુલભાઈ વી. ભુવા સોનાનો ધંધો કરતા હોય તેમ માલમ પડેલ, અને મકાનના છેલ્લા માળ ઉપર ભઠ્ઠી ચાલતી જોવા મળેલ. જેઓ પાઈપ થી ચીમની બનાવી હવામાં વાયુ પ્રદૂષણ ફેલાવતા હતા. સદર બાબતે આરોગ્ય સેનિટેશન વોર્ડ દ્વારા અગાઉ સોનાની ભઠ્ઠીના માલિકને નોટીસ આપી ભઠ્ઠી બંધ કરવા સૂચના આપેલ. તેમ છતાં ઈસમ મજકૂર દ્વારા સોનાની ભઠ્ઠી ચાલુ રાખેલ જોવા મળેલ. જેને તાકીદની અસરથી બંધ કરી ભઠ્ઠીને લાગત તમામ સાધન સામગ્રી તાકીદે હટાવી લેવા જણાવેલ તેમજ ઈસમ મજકૂર પાસેથી **રૂા. ૩૦,૦૦૦/–**(અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા) વહીવટી પરચુરણ ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

<u>સુરત મહાનગરપાલિકા</u>
<u>યુ.સી.ડી. વિભાગ</u>
<u>અખબારી યાદી</u>

<u>સુરત મહાનગરપાલિકાના ઈસ્ટઝોન વિસ્તારમાં તા.૧૪/૧૦/'૧૩ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.</u>

<u>વિષય</u> :- તા.૧૪/૧૦/'૧૩ ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૩-વરાછા-સરથાણા-સીમાડા, ૪-કાપોદ્રા, ૫-ફુલપાડા-અશ્વનીકુમાર, ૧૩-ઉમરવાડા-માતાવાડી, ૧૪-કરંજ-મગોબ, ૧૫-પુણા (પૂર્વ), ૧૬-પુણા (પશ્ચિમ), વરાછાઝોન ઓફીસ, સીફી સોસા.ની બાજુમાં લંબે હનુમાન રોડ, વરાછા, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૧૪/૧૦/'૧૩ ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૩-વરાછા-સરથાણા-સીમાડા, ૪-કાપોદ્રા, ૫-ફુલપાડા-અશ્વનીકુમાર, ૧૩-ઉમરવાડા-માતાવાડી, ૧૪-કરંજ-મગોબ, ૧૫-પુણા (પૂર્વ), ૧૬-પુણા (પશ્ચિમ), વરાછાઝોન ઓફીસ, સીફી સોસા.ની બાજુમાં લંબે હનુમાન રોડ, વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં. 0614
તા.૨૩/૧૦/'૧૩.

૬૧૫

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૬/૧૦/૨૦૧૭ થી તા.૧૨/૧૦/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૪૩૨૨ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૧૫ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૯ |

૬૧૬

## " વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા તા.૧૩/૧૦/૧૭ નાં રોજ મહીધરપુરાનાં વિવિધ વિસ્તારોમાં ઝૂંબેશરૂપે કરવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી"

આજરોજ તા.૧૩/૧૦/૧૭ નાં રોજ વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા મહીધરપુરાનાં વિવિધ વિસ્તારો જેવાં કે, લાલદરવાજા પીપળાશેરી, સોમનાથ મહાદેવ શેરી, લીબુંશેરી, ગલેમંડી મોટીશેરી,

પ્રેમદાસની વાડી, ગુલામબાબા મીલ કમ્પાઉન્ડ, હાથફળીયું, દાળીગયા મહોલ્લો, ગુજ્જર ફળીયું, ઉમરનાગોરી બોગાની ચાલ, કાજીની વાડી, હવાડાશેરી, લાલદરવાજા મોટી શેરી, હનુમાન શેરી, રામનાથ મહાદેવની શેરી, દેવીદાસ પીપળાશેરી, નાગરશેરી, મચ્છીબજાર, ધાસ્તીપુરા પાલીયા ગ્રાઉન્ડ, લક્કડ કોટ, કડીયાશેરી, ગલેમંડી કડવાબાવાની વાડી, ભોજાભાઈની શેરી, બલી શેરી, કુંભાર શેરી, ગલેમંડી સુથાર ફળીયું, દાળીયા શેરી, ઘી કાંટા મેઈન રોડ, અર્બન મેઈન રોડ, તરતીયા હનુમાન શેરી, ભરૂચી ચાલ, વૈરાગીની વાડી, ગોળ શેરી, હરીજનવાસ, વિઘ્નેશ્વર મહાદેવની શેરી, પાટીબંધારાની શેરી, ગુંદી શેરી, મંછરપુરા કોલસાવાડ, હીરાબજાર મેઈન રોડ, ઘોડીયાબાવાનું મંદિર, ગલેમંડી મેઈન રોડ, છાપરીયા શેરી, ખરાદી શેરી મંછરપુરા, મુગલીસરા એરીયાનાં વિસ્તારોમાં તા.૧૩/૧૦/૧૭ નાં રોજ દરેક ઝોનમાંથી ૦૬–પ્રાયમરી હેલ્થ વર્કર લેખે ૩૬–પ્રાયમરી હેલ્થ વર્કરો, ૧૭ –પ્રાયમરી હેલ્થ વર્કરો વી.બી.ડી.સી યુનિટ મસ્કતીમાંથી, ૦૫–પ્રાયમરી હેલ્થ વર્કરો દક્ષિણ યુનિટ સેન્ટ્રલ ઝોનમાંથી અને ૦૫–પ્રાયમરી હેલ્થ વર્કરો બેગમપુરા યુનિટ સેન્ટ્રલ ઝોનમાંથી, ૧૯–પ્રાયમરી હેલ્થ વર્કરો ઉત્તર યુનિટ સેન્ટ્રલ ઝોનમાંથી મળી કુલ–૮૨–પ્રાયમરી હેલ્થ વર્કરો દ્વારા નીચે મુજબની ઝુંબેશરૂપે ખાતાકીય કામગીરી કરવામાં આવેલ છે.

કુલ સર્વે ઘર – ૧૧૫૧૪

કુલ સર્વે સ્પોટ – ૨૨૯૩૬

મળેલ બ્રિડીંગ – ૩૩૫

તાવનાં કેસ –૧૨

લીધેલ સ્લાઈડ – ૫૬

આપેલ નોટીસ – ૭૦

વસૂલ કરેલ વહીવટી પરચૂરણ ખર્ચ – રૂા.૧૧૦૦૦

**ફોગીંગની કામગીરી** – અલગ અલગ ઝોનમાંથી ૧૨–કોલ્ડ ફોગ મશીન અને સેન્ટ્રલ ઝોનનાં–૦૩ કોલ્ડ ફોગ મશીન એમ કુલ–૧૫ કોલ્ડ ફોગ મશીન દ્વારા ખરાદી શેરી મંછરપુરા, હનુમાન શેરી, આમલી શેરી મંછરપુરા, ટેકરાવાળી ગલી, ભટ્ટીશેરી બેગમપુરા, ગલેમંડી મોટીશેરી, વડવાળી શેરી બેગમપુરા, મોટીશેરી લાલદરવાજા, રાણાશેરી બેગમપુરા વિસ્તારને કોલ્ડ ફોગીંગની કામગીરીમાં આવરી લેવામાં આવેલ છે.

૦૨ ફોગીંગ માઉન્ટેડ જીપ(લીકો મશીન) દ્વારાલાલદરવાજા હરીજનવાસ મેઈન રોડ, વિઘ્નેશ્વર મહાદેવની શેરી, મોટીશેરી, ગૂંદીશેરી, હવાડા શેરી, નાગર શેરી, દેવીદાસ પીપળા શેરી, બંદુગરનાકા, મોટાલા શેરી, બલી શેરી, લીબું શેરી મહીધરપુરા, દિલ્હીગેટ મચ્છી માર્કેટ, વૈરાગીની વાડી, મંછરપુરા કોલસાવાડ, પાટીબંધારાની શેરી, ખરાદી શેરી, ગલેમંડી મોટીશેરી, ગોળ શેરી, ભૂત શેરી, દાળીયા શેરી, વાણીયા શેરી, ઘીયા શેરી, જદાખાડી, છાપરીયા શેરી, લુહાર ટેકરા, પીરછડી મેઈન રોડ, મહીધરપુરા ઘોડીયાબાવાનું મંદિર, મણીયારા શેરી, કુંભાર શેરી, કામનાથ મહાદેવની શેરી, કંસારા શેરી, થોભા શેરી, જદાખાડી, દાળીગયાનો મહોલ્લો, ભોજાભાઈની શેરી, પાટીદાર ભવન હીરાબજાર મેઈન રોડ, બેગમપુરા કડીયા શેરી, રામજી મંદીરની શેરી, હોટલ મિલનની ગલી, સિનેમા રોડ, કોમ્યુનીટી હોલ, ગલેમંડી પોલીસ ચોકી, કુંભાર શેરી, નાના જીવણની શેરી, દારૂખાના મેઈન રોડ, રાણા શેરી, મપારા શેરી, દુધારા શેરી, ઘાંચી શેરી, વડવાળી શેરી, ભટ્ટી શેરી, અલ્લાયાની વાડી, પંચરત્ન એપાર્ટમેન્ટનો સમગ્ર વિસ્તાર ફોગીંગની કામગીરીમાં આવરી લેવામાં આવેલ છે.

૧૧ હેન્ડીસેટ ફોગીંગ મશીન દ્વારા ભૂતશેરી, દાળીયા શેરી, છાપરીયા શેરી, હવાડા શેરી, કંસારા શેરી, વાણીયા શેરી મહીધરપુરા, કાછીયા શેરી સૈયદપુરા, ઘાંચીશેરી બેગમપુરાનો સમગ્ર વિસ્તાર ફોગીંગની કામગીરીમાં આવરી લેવામાં આવેલ છે.

**ઈન્ડોર રેસીડયુલ સ્પ્રેઈંગની કામગીરી** – જદાખાડી, હાથફળીયું, ભોજાભાઈની શેરી, વાણીયા શેરી, મણિયારા શેરી, ગુંદી શેરી, ભટ્ટી શેરી, મપારાશેરી, રાણાવાડ, વડવાળીશેરી, રાણાશેરી, દૂધારાશેરી, કાછીયાશેરી, ઉભીશેરી, દાળીયાશેરી, ઘાસ્તીપુરા, મોટીશેરી, ચુમ્માલીસ ચાલ, રતનજીનો ખાંચો, રાજાવાડી રામપુરા, હરીજનવાસ પારસી શેરી, રાણીતળાવની આજુબાજુનાં વિસ્તારોમાં ૪૫૧૪ ઘરોને ઈન્ડોર રેસીડયુલ સ્પ્રેઈંગની કામગીરીમાં આવરી લેવામાં આવેલ છે.

વધુમાં, આજરોજ ૧૧ બાંધકામો સર્વે કરતા ૦૯ જગ્યાએ બ્રિડીંગ મળતાં નોટીસ આપીને વહીવટી પરચૂરણ ખર્ચ રૂા.૧૧૦૦૦ વસૂલવામાં આવ્યો છે.

વધુમાં, જાહેર જનતાને મચ્છરજન્ય રોગોથી બચવા માટે અને પોતાનાં ઘરોમાં મચ્છરોનાં બ્રિડીંગ ન થાય તે માટે જરૂરી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે તથા પેમ્ફલેટ વિતરણ કરવામાં આવેલ છે.

**૬૧૭**

**સુરત મહાનગરપાલિકા**

**યુસીડી વિભાગ**

**<u>અખબાર યાદી</u>**

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨/૧૦/૨૦૧૭ ના યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા બાબત.</u>**

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૨/૧૦/૨૦૧૭ ના રોજ ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે ગરીબ કલ્યાણ મેળા બાબત.

રાજય સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને સીધો મળી રહે તે માટે ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરી વિસ્તારમાં સરકારશ્રી તથા મહાનગરપાલિકા અમલીકૃત યોજનાઓના પાત્ર લાભાર્થીઓને ઓળખી કાઢી જરૂરીયાત મુજબ અને સમયસર લાભ આપી શકાય તે હેતુથી વર્ષ ૨૦૧૦ થી સુરત મહાનગરપાલિકા દ્વારા ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામાં આવે છે. જેથી સમાજના જરૂરીયાતમંદ અને આર્થિક રીતે નિમ્નસ્તર લોકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત આવરી લઈ જે તે યોજનાઓનો સીધો લાભ પહોંચાડી શકાય. તા. ૧૨/૧૦/૨૦૧૭ ના રોજ ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા, સુરત ખાતે ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં આવેલ મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત મ્યુ. કમિશનરશ્રી એમ. થેન્નારસને કર્યુ હતુ. કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સાંસદશ્રી દર્શનાબેન જરદોશે જણાવેલ કે માનનિય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ જયારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વચેટીયાઓને દુર કરી ગરીબોને સીધો લાભ આપવા ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરી હતી. ગરીબ કલ્યાણ મેળાનો ઉદેશ ગરીબો, મહિલાઓ તથા વિકાસની પ્રક્રિયાથી વંચિત રહી ગયેલ લોકોને મુખ્ય ધારામાં જોડવા તથા વચેટીયાઓને દુર કરી ભ્રષ્ટાચાર દુર કરવાનો છે. માનનિય વડાપ્રધાનશ્રીએ ગરીબી મીટાવવાના આ સંકલ્પને વર્તમાન રાજય સરકાર ખરા અર્થમાં સાકાર કરવા પ્રયાસ કરી રહી છે. સુરત મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં વિવિધ યોજનાઓ થકી આ પ્રયાસને વેગવંતો બનાવ્યો છે. વધુમાં સાંસદશ્રીએ સરકારશ્રી તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને સેવાને બીરદાવી હતી.

માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયાએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ કે એક સમયે ગરીબ બહેનો રસોઈ બનાવવા ચુલાનો ઉપયોગ કરતી હતી. ધુમાડાના કારણે તેના આરોગ્ય ઉપર વિપરીત અસર પડતી હતી. ગરીબ કલ્યાણ મેળામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના

અંતર્ગત આવા ગરીબ પરીવારોને ગેસ સીલીન્ડર આપી બહેનોના ઉથ્થાન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા ઘરવિહોણા શહેરી ગરીબોને મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસની ખુબ જ નજીવી કિંમતે ફાળવણી તથા સબસીડી સહાય કરી ઘરના ઘરનુ સ્વપ્ન સાકાર કરવામાં મદદ કરી છે. વધુમાં માન. મેયરશ્રીએ સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત ગરીબ કલ્યાણ મેળાની આંકડાકિય માહિતી રજુ કરી હતી.

ગરીબ કલ્યાણ મેળામાં સુરત પૂર્વ વિધાનસભાના ધારાસભ્યશ્રી રણજિતભાઈ ગીલીટવાલા, કરંજ વિધાનસભાના ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ, ડે. મેયરશ્રી શંકરલાલ ચેવલી, અધ્યક્ષશ્રી, સ્ટેન્ડીંગ કમિટી શ્રી રાજેશભાઈ દેસાઈ, શાસકપક્ષ નેતાશ્રી ગીરજાશંકર મિશ્રા, ડિરેકટરશ્રી એસ.ટી. નિગમ શ્રીમતિ હેમાલીબેન બોઘાવાલા, અધ્યક્ષશ્રી બાંધકામ શ્રમયોગી બોર્ડ શ્રી દિપેનભાઈ દેસાઈ, સુરત મહાનગરપાલિકાની વિવિધ સમિતીના ચેરમેનશ્રીઓ તથા કોર્પોરેટર્સશ્રીઓ હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ગરીબ કલ્યાણ મેળા– ૨૦૧૭ અંતર્ગત કુલ ૧૭૬૫૫ લાભાર્થીઓને કુલ ૩૪૯૧૬.૫૮ લાખ રૂ.ની સહાય ચુકવવામાં આવેલ હતી. જેમાં સરકારશ્રીના તથા સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની યોજનાઓ જેવી કે માનવ ગરીમા યોજના, માનવ કલ્યાણ યોજના, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, નિરાધાર વિધવા સહાય, વૃધ્ધ સહાય, મેયર્સ ફંડ, વિવિધ આવાસ યોજના, ડે–એનયુએલએમ, પિંક ઓટો, કુવરબાઈનુ મામેરૂ, વિદેશ અભ્યાસ સહાય, વિકલાંગ લગ્ન સહાય, કસ્તુરબા પોષણ સહાય, દિકરી યોજના જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓના જીવનધોરણ સુધારવા તથા આર્થિક રીતે પગભર બનવામાં મદદરૂપ થાય તેવા સીધો લાભ આપી ''રાજય સરકાર આપને દ્વાર, કલ્યાણ યોજના લાવી અપાર...'' ઉકિતને સાર્થક કરી.





# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૪/૧૦/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલઝોનમાંવડવાળી શેરી, રાણા શેરી, ભટ્ટીશેરી, અલ્લાયાની વાડી,લાપસીવાળાની ચાલ, કુબેરદાસની વાડી, ડાહીફળીયા, લીમડી શેરી, દરજી શેરી, પૂરબીયા શેરી, મહાદેવ શેરી,રેશમવાડ સલાબતપુરા, ચીડીયાકુઈ અને જે.ડી.પરમાર સ્ટ્રીટ બેગમપુરા, પઠાણવાડગોપીપુરા.જેવાવિસ્તારોમાં,રાંદેરઝોનમાંસુભાષનગરઅનેબાપુનગર,મહાદેવનગરઅનેરેવાનગરતથાઆજુબાજુ,કરણપાર્ક, હરિદર્શન રો હાઉસ, હરિધ્વાર રો હાઉસ,અલ્પેશનગર,છન્નુ કોલોની, તાડવાડી.જેવાવિસ્તારમાં,ઉધનાઝોનમાં ભીમનગર,વિજયાનગર–૨,મોહમદીનગર,હળપતિવાસ,પુનિતનગર,અકક્ષાનગર,આસ્માનગર,આર્શીવાદનગરજેવા વિસ્તારોમાં,

લિંબાયતઝોનમાંઆસપાસનગર–૧,આસપાસનગર–૨,મીલનનગર,મગદુમનગર,અપનાનગર,અંગાશીનગર,રાજીવનગર,રણછોડનગર,જયરાજનગર,રાધાસ્વામીનગર, અંબીકાનગર,ગાંધીનગર,પ્રીયંકાનગર,ગાયત્રીનગર,સહજાનંદ સોસા,બજરંગનગર. જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાંપાદર ફળિયું,ઈ.ડ.એસ.પનાસ,ઈ.ડએસ. પાણીની ટાંકી વકાટર્સ,નવું ભટાર,ભીમરાડ ગામ,મગદલ્લા ગામજેવાવિસ્તારોમાં,કતારગામઝોનમાંલંકાવિજય,પાળાપરનાઝુપડા,ફુલવાડી,પટેલવાડી૧,૨,૩,હળપતિવાસ,રામનગર,એચ–૫ આવાસ. જેવા વિસ્તારોમાં, વરાછાઝોનમાં ગણેશનગર, ચોરસીયાની ચાલ, ઉધરસભૈયાની ચાલ, પાટી ચાલ, આંબાવાડી,શિવનગર, શકિતનગર, એકતાનગર,શ્રીરામનગર વસાહત, દીનદયાળનગર વસાહત, ક્રૃષ્ણનગર વસાહત, રવિપાર્ક ઝૂં. ટાંકીપાળ ઝૂં.,ડાભર ફળિયું, સ્વસ્તિક રો હા., નૂપુર રો.હા.,બુટભવાની સો., અંજની,દિવાળીબાગ સોસા., વાલમનગર–૧,૨, કૈલાસનગર, સ્વાગત સોસા, અજમલધામ. જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **60990** | **128776** | **737** | **6199** | **1236** | **2831** | **198** | **53700** | **91** | **37378** | **18226** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

૬૧૯

**સુરત મહાનગરપાલિકા**
**યુ.સી.ડી. વિભાગ**
**અખબારી યાદી**

**તા.૧૪/૧૦/૨૦૧૭ ના રોજ વરાછા ઝોન ઓફિસમાં યોજાયેલ 'સેવાસેતુ' કાર્યક્રમ બાબત**

વિષય : તા.૧૪/૧૦/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વરાછા ઝોન ઓફિસ, સૈફિ સોસા.ની બાજુમાં, એલ. એચ. રોડ, વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમ યોજાયો.

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૧૪/૧૦/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વરાછા ઝોન ઓફિસ, સૈફિ સોસા.ની બાજુમાં, એલ. એચ. રોડ, વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા કરંજ વિધાનસભાના ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણાવાળાએ જણાવ્યુ કે રાજય સરકાર સતત લોકોને સુખી અને સ્વાવલંબી બનાવવા પ્રયત્નશીલ રહી છે. લોકોની વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવવામાં પડતી મુશ્કેલીને ધ્યાનમાં લઈ ડિસે– ૨૦૧૬ થી સેવાસેતુ કાર્યક્રમના પ્રથમ તબકકાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. લોકોના પ્રતિસાદ અને જરૂરીયાતને ધ્યાને લઈ અત્યારે સેવાસેતુ કાર્યક્રમનો ત્રીજો તબકકો ચાલુ છે. 'સેવાસેતુ' કાર્યક્રમ થકી લોકોને સરળતાથી, એક જ સ્થળે વિવિધ સેવાઓનો લાભ મળી રહે તે માટે સરકારશ્રી દરેક તબકકે વિવિધ સેવાઓનો ઉમેરો કરેલ છે. વધુમાં ધારાસભ્યશ્રીએ સુરત મહાનગરપાલિકાના સુવ્યવસ્થિત આયોજન થકી લોકોને વિવિધ સેવાનો લાભ અપાવી રાજયભરમાં નોંધપાત્ર કામગીરી કરવા બદલ સેવાસેતુ કાર્યક્રમ સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા કાર્યકર્તાઓની સેવાને બીરદાવી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં લાઈટ અને ફાયર સમિતિના અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાલા, મ્યુ.સદસ્યશ્રી ભરતભાઈ વઘાસિયા, ભવાનભાઈ સિસારા, કૈલાસબેન ભાલીયા તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૧૭૭૩ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"


સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"


સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"



# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન,લિંબાયત ઝોન,ઉધના ઝોન,અઠવા ઝોન,રાંદેર ઝોન તથા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા.૭૮૯.૨૯ કરોડના ખર્ચે સાકારિત થનાર/થયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / લોકાર્પણવિધિ તા.૧૫/૧૦/૨૦૧૭, રવિવારના રોજ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને તથા માન.અધ્યક્ષા ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા(પ્રજાપતિ) ,માન.અધ્યક્ષ આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા,માન.અધ્યક્ષા ગટર સમિતિ શ્રીમતી સુધાબેન નાહતા,માન.અધ્યક્ષ રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ ડૉ.રમણભાઈ પરમાર,માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ,માન.અધ્યક્ષ લાઈટ અને ફાયર (એક્ષ્ટી.) સમિતિ શ્રી પિયુષકુમાર બળવંતરાય જરીવાલા (શિવશકિતવાલા) ,માન.અધ્યક્ષ પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી,માન.અધ્યક્ષા સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ,માન.અધ્યક્ષ જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલ દિપચંદ ગોપલાણી તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ.

વરાછા ઝોન વિસ્તારમાં ટી.પી. નં.૨૪ ના ૪(ચાર) ગાર્ડનના સિવિલ કામોની ખાતમુહૂર્તવિધિ ફુલપાડા,નાના વરાછા,સરથાણા ગામતળની ખાતમુહૂર્તવિધિ,સરથાણા પોલીસ સ્ટેશન સામે વેજીટેબલ માર્કેટની લોકાર્પણવિધિ,પુણા તળાવના વિકાસની ખાતમુહૂર્તવિધિ,ટી.પી.૩૪ (મગોબ–ડુંભાલ)ફા.પ્લોટ નં.૬૦ ખાતે શાંતિકુંજની લોકાર્પણવિધિ,ટી.પી.૩૪ (મગોબ–ડુંભાલ) ફા.પ્લોટ નં.૫૪ ખાતે હેલ્થ સેન્ટરની લોકાર્પણવિધિ, વરાછા ઝોન વિસ્તારમાં ડ્રેનેજ વિભાગના ૭ (સાત) પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિની તકતીની અનાવરણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા, માન.ધારાસભ્ય શ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા), માન.ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ.

લિંબાયત ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૯૮/૧,૯૮/૨ ,૯૯માં ગાર્ડનના સિવિલ કામોની ખાતમુહૂર્તવિધિ,ટી.પી. સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) ફા.પ્લોટ નં.૪ ખાતે આંગણવાડી અને વાંચનાલયની લોકાર્પણવિધિ,ડુંભાલ ગામતળની ખાતમુહૂર્તવિધિ,સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સરથાણા ખાતે ૬૦ લાખ લીટર કેપેસીટીની ભૂગર્ભ ટાંકી બુસ્ટર સહિત બનાવવાના કામની ખાતમુહૂર્તવિધિ તથા જુદી જુદી સાત ટી.પી સ્કીમ વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવાના કામની ખાતમુહૂર્તવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા અને વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ.

સુરત–મુંબઈ રેલ્વે લાઈન પર રેલ્વે ગરનાળા નં.૪૪૫ નજીક સુરત અને ઉધના સ્ટેશનની વચ્ચે સુરત રેલ્વે સ્ટેશન નજીક ફલાયઓવર બ્રિજની ખાતમુહૂર્તવિધિ તથા સ્મીમેર હોસ્પીટલ ખાતે રેડિયોલોજી વિભાગમાં નવા ઈન્સ્ટોલ કરેલ DSA મશીનની લોકાર્પણ તથા સ્મીમેર હોસ્પીટલ ખાતે રાજય સરકારના સહકારથી કર્યાન્વિત કરેલ ICU ની લોકાર્પણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા, માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ અને વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ.

ઉધના ઝોન વિસ્તાર ટી.પી.૨,ફા.પ્લોટ નં.૧૧૬ ભીડભંજન શાળા ક્રમાંક ૯૧/૨૭૬ ના ખુલ્લા મેદાનમાં સુમન શાળા (હિન્દી માધ્યમ) ની ખાતમુહૂર્તવિધિ,ટી.પી.સ્કીમ નં.૪૮ (ભેસ્તાન)માં ફા.પ્લોટ નં.૭૬ ખાતે ૪ (ચાર) આંગણવાડીના લોકાર્પણની તકતીની અનાવરણવિધિ તથા ટી.પી.સ્કીમ.નં.૨૧ (ભેસ્તાન)માં ફા.પ્લોટ નં.૬૫,૧૮, ૫૭ માં શોપિંગ સેન્ટરની ખાતમુહૂર્તવિધિ,ટી.પી.સ્કીમ નં.૪૭ (ભેસ્તાન) પાસે રેલ્વે સ્ટેશન પાસેના રેલ્વે કોસીંગ નં.૧૪૩ પર નવનિમિત રેલ્વે ઓવર બ્રિજનીચેના ભાગે આવેલ ઓપન સ્પેસને ડેવલપમેન્ટ કરવાના કામની ખાતમુહૂર્તવિધિ,ઉધનામાં સમાવિષ્ટ સોનારી ગામતળના વિકાસની ખાતમુહૂર્તવિધિ,ટી.પી.૪૮ (ભેસ્તાન) માં .ફા.પ્લોટ નં.૮૦ માં જુદા–જુદા ગાર્ડનના સિવિલ કામોની ખાતમુહૂર્તવિધિ અને ટી.પી.સ્કીમ નં.૫૬ (બમરોલી) ના ટી.પી.રસ્તા પોકેટ બી પર આર.સી.સી.એન.પી.થ્રી./એન.પી.ફોર વર્ગના પાઈપ પુરા પાડી ડ્રેનેજ લાઈન નાંખવાના કામની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ.

અઠવા ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ) ફા.પ્લોટ નં.૧૦૧ પૈકીની જગ્યામાં સ્વીમીંગ પુલ સહિત યુથ એમ્પાવરમેન્ટ સેન્ટરની લોકાર્પણવિધિ,ટી.પી. સ્કીમ નં.૭૭ તથ ૭૮ (ડુમસ–ભીમપોર–ગવિયર) ,ફા.પ્લોટ નં.આર–૨૨ તથા આર–૨૪ ખાતે ૨૧ લાખ લીટર તથા ૨૪ મીટર સટેજીંગ હાઈટની આર.સી.સી.ઓવરહેડ ટાંકીની લોકાર્પણવિધિ,ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર) ફા.પ્લોટ નં.૯૦ પૈકી ખાતે મેયર બંગલોની ખાતમુહૂર્તવિધિ,રામચોક જંકશન થી જમના નગર બસ સ્ટેન્ડ થઈ ભટાર રોડ જંકશન તથા બીગ બજારથી વેસુ થઈ આગમ શોપીંગ વર્લ્ડ કેનાલ રોડ સુધીના ૨૪ મીટર પહોળાઈના ટી.પી.રસ્તાને અપગ્રેડ કરી મોડેલ રોડ તરીકે ડેવલપ કરવાના કામની ખાતમુહૂર્તવિધિ,ટી.પી.૪૩,ટી.પી.૪૨, ટી.પી. ૧૩ ખાતે ગાર્ડન માટેના સિવિલ કામોની ખાતમુહૂર્તવિધિ,અણુવ્રત દ્વાર જંકશન થી જમનાબા પાર્ક સુધીના રોડ પર એલ.એન્ડ.ટી.કોલોની ,સચિન–મગદલ્લા હાઈવે થી વેસુ જંકશન સુધી ,વી.આઈ.પી.રોડ પર વેસુ જકશન થી શ્યામ મંદિર સુધી ના રસ્તાને મોડેલ રોડ તરીકે ફુટપાથ,સ્ટ્રીટ લાઈટ,સ્ટ્રીટ ફર્નિચર,ટ્રાફિક સાઈનેજીસ તેમજ લેન્ડ સ્કેપીંગ સહિત ડેવલપ કરવાના કામની ખાતમુહૂર્તવિધિ ,ટી.પી.સ્કીમ નં.૧૩ ખાતે સુએઝ પમ્પીગ સ્ટેશન બનાવવાનું કામ,ખજોદ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પાઈપલાઈન નાંખવાના કામ,ડુમસ–ભીમપોર સુએઝ પમ્પીંગ સ્ટેશનના બાકી રહેલ ડ્રેનેજ નેટવર્ક વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ,ઈન્ટરમીડીએટ મેનહોલ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ,ડ્રેનેજ લાઈનો સુધારણા યોજના અંતર્ગત ડ્રેનેજ નેટવર્ક નાંખવાના કામની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ.

રાંદેર ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૦,ફા.પ્લોટ નં.૧૫૧,૧૫૨,૧૫૩માં આવેલ ભાણકી સ્ટેડિયમ ડેવલોપ એન્ડ રીનોવેશન કરવાના કામની લોકાર્પણવિધિ,ટી.પી.નં.૪૪,ફા.પ્લોટ નં.૮૯,૯૦ માં મોડેલ નર્સરી સેન્ટર માટે સિવિલ કામોની ખાતમુહૂર્તવિધિ,ટી.પી.સ્કીમ નં.૪૪ પાસે શાંતિકુંજની ખાતમુહૂર્તવિધિ,પીપીટી ધોરણે પાલ રોડ પર નવી આર.ટી.ઓ. પાસે ફુટ ઓવર બ્રિજની લોકાર્પણવિધિ,વિવિધ રસ્તાઓ /બ્રિજોને માઈક્રો સરફેસીંગ પધ્ધતિથી રીસરફેસીંગ કરવાના કામ (પેકેજ–૫) ની ખાતમુહૂર્તવિધિ,વિવિધ રસ્તાઓને ઈજારદારના બેચમીક્ષ ટાઈપ હોટમીક્ષ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી સેન્સર પેવર ઓપરેટર ફીનીશર વડે પોલીમરીક/એસીસી. માર્ગ પધ્ધતિથી રીસરફેસીંગ કરવાનું અને તેની સાથોસાથ ફુટપાથ,ડીવાઈડર,વોટર ટેબલ બનાવવાનું કામ તથા રીપેરીંગ કરવાનું તેમજ પેવમેન્ટ માર્કિંગ રોડ,સ્ટડ્સબ,રોડ સાઈનેજીસ પૂરા પાડી લેઈંગ/ફીટીંગ કરવાનું ટ્રાફિક સેફટીના પગલાને ધ્યાને લઈ કરવાના કામોની ખાતમુહૂર્તવિધિ,પાલનપોર કેનાલ કલવર્ટથી ભેંસાણ રોડ સુધીના ના કેનાલ રોડ પર સંપૂર્ણ પહોળાઈમાં સી.સી.રોડ,ફુટપાથ,સ્ટ્રીટ લાઈટ,સ્ટ્રીટ ફર્નિચર,ટ્રાફિક સાઈનેજીસ,કેનાલ લાઈનીંગ તેમજ લેન્ડ સ્કેપીંગ વિગેરે સહિતના કેનાલ બ્યુટીફીકેશન કરવાના કામની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧લકકડકોટ ખાતે ફીશ માર્કેટની ખાતમુહૂર્તવિધિ તથા નાનપુરા સુએઝ પમ્પીંગ સ્ટેશન ખાતેની ઈલેકટ્રીકલ/મિકેનીકલ ઈકવીપમેન્ટસના ઓગમેન્ટેશનની કામગીરીની ખાતમુહૂર્તવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા, માન.ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગિલીટવાલા અને વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અન્ય મહાનુભવોના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગિલીટવાલા, માન.ધારાસભ્ય શ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા),માન.ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.નેતા, શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, પ્રેસ–મિડીયા–ફોટોગ્રાફરો, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી હતી.






સુરત મહાનગરપાલિકા




















સુરત મહાનગરપાલિકા
ખાતમુહૂર્ત વિધિ


સુરત મહાનગરપાલિકા
ખાતમુહૂર્ત વિધિ


સુરત મહાનગરપાલિકા

૬૨૧

# સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી. વિભાગ
## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન વિસ્તારમાં તા.૧૭/૧૦/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય :-** તા.૧૭/૧૦/'૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૨-કોસાડ અમરોલી, ૬-કતારગામ, ૭-કતારગામ-વેડ, ૮-ડભોલી-સીંગણપોર, મલ્ટીપર્પઝ હોલ( સિંગણપોર) નોર્થઝોન શિવમ સોસાયટીની સામે પ્રમુખ વિદ્યાલય તથા સિંગણપોર શાકમાર્કેટની બાજુમાં, સિંગણપોર રોડ, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૧૭/૧૦/'૧૭ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૨-કોસાડ-અમરોલી, ૬-કતારગામ, ૭-કતારગામ-વેડ, ૮-ડભોલી-સીંગણપોર, મલ્ટીપર્પઝ હોલ( સિંગણપોર) નોર્થઝોન શિવમ સોસાયટીની સામે પ્રમુખ વિદ્યાલય તથા સિંગણપોર શાકમાર્કેટની બાજુમાં, સિંગણપોર રોડ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૬૨૨

## '' વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા વાડીફળીયા વિસ્તારમાં કરવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી ''

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દક્ષિણ યુનિટ દ્વારા તા.૧૬/૧૦/૨૦૧૭ નાં રોજ વાડીફળીયા વિસ્તારમાં આવેલ સ્ટોરશેરી, ચકાવાલાની શેરી, સિદ્ધમાતાની શેરી, મરદાનીયાવાડ કોટશેરી, સંઘાડીયાવાડ, રામજીની પોળમાં નીચે મુજબની આરોગયલક્ષી કામગીરી કરવામાં આવેલ છે.

કુલ સર્વે ઘર – ૧૦૩૫

કુલ સર્વે સ્પોટ – ૨૩૬૩

મળેલ બ્રિડીંગ – ૨૧

તાવનાં કેસ – ૦૩

લીધેલ સ્લાઈડ – ૮૫

આપેલ નોટીસ – ૧૬

ફોગીંગની અને એન્ટીલાર્વલની કામગીરી – સ્ટોરશેરી, ચકાવાલાની શેરી, સિદ્ધમાતાની શેરી, મરદાનીયાવાડ, કોટશેરી, સંઘાડીયાવાડ, રામજીની પોળ વિસ્તારો ફોગીંગની અને એન્ટીલાર્વલનીકામગીરીમાં આવરી લેવામાં આવેલ છે.

વધુમાં, સઘન ખાતાકીય કામગીરી ચાલુ છે.

**"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિત્તે તા.૧૨ તથા ૧૩/૧૦/૧૭નાં રોજ જાહેર શૌચાલય અને કોમ્યુનિટી શૌચાલયો કાર્યરત થાય અને સ્વચ્છતા જળવાય તે માટે ઝુંબેશ હાથ ધરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૦૨/૧૦/૧૭નાં રોજ **"સ્વચ્છ ભારત અભિયાન"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૨ તથા ૧૩/૧૦/૧૭નાં રોજ જાહેર શૌચાલય અને કોમ્યુનિટી શૌચાલયો કાર્યરત થાય અને સ્વચ્છતા જળવાય તે માટે ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૨ તથા ૧૩/૧૦/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સ્ટાફ તેમજ N.G.O. તથા નગરજનોની ટીમો બનાવી ઝોન વિસ્તારમાં આવેલ જાહેર શૌચાલયો અને કોમ્યુનિટી શૌચાલયોમાં આ ટીમો દ્વારા ઘનિષ્ઠ ચેકીંગની કામગીરી હાથધરી શૌચાલયોમાં બ્લોકો સ્વચ્છ પાણીથી ધોવરાવી ફિનાઈલ વિગેરે જંતુનાશક દવાનો છંટકાવ કરાવી સદર શૌચાલયોમાં સતત સ્વચ્છતા જળવાઈ રહે તે માટેનો પ્રબંધ કરાવ્યા બાદ શૌચાલયો સતત કાર્યરત રહે તે માટે દરેક ઝોનમાં ઈજારદારો અને વહીવટકર્તાઓને તે અંગેની સમજ તેમજ જરૂરી સુચનો માર્ગદર્શન અંગે શૌચાલયોને લગતી જરૂરી સુચનાઓ ટીમ દ્વારા સ્થળ ઉપર આપવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| સફાઈ કરાવેલ જાહેર શૌચાલયો | N.G.O. અને નગરજનો | સુપરવાઈઝર | કામદાર/કોન્ટ્રાકટનાં કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ૩૫ | ૩૪ | ૧૫ | ૩૮ | ૦.૭૫૦ | ૬૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી. વિભાગ
## અખબારી યાદી

**તા. ૧૭/૧૦/૨૦૧૭ ના રોજ મલ્ટીપર્પઝ હોલ (સિંગણપોર) ખાતે યોજાયેલ 'સેવાસેતુ' કાર્યક્રમ બાબત**

વિષય : તા.૧૭/૧૦/૨૦૧૭ ના રોજ મલ્ટી પર્પઝ હોલ (સિંગણપોર), સિંગણપોર શાકમાર્કેટની બાજુમાં, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમ યોજાયો.

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૧૭/૧૦/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન મલ્ટી પર્પઝ હોલ (સિંગણપોર), સિંગણપોર શાકમાર્કેટની બાજુમાં, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. નગર નિયોજન સમિતિના અધ્યક્ષશ્રી વિનુભાઈ મોરડીયાએ કાર્યક્રમમાં આવેલ મહાનુભાવોને શાબ્દીક સ્વાગત કર્યુ હતુ. કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાએ સુરત મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં આયોજિત સેવાસેતુ કાર્યક્રમની આંકડાકિય માહિતી રજુ કરી હતી. વધુમાં મેયરશ્રીએ જણાવેલ કે રાજય સરકાર તથા સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોની જરૂરીયાતને લઈને ચિંતિત છે. આજના સેવાસેતુ કાર્યક્રમમાં દિવાળીના પર્વના દિવસોમાં પણ મોટા પ્રમાણમાં યોજનાઓનો લાભ લેવા લોકોની ઉપસ્થિતિ જ સેવાસેતુ કાર્યક્રમનુ મહત્વ દર્શાવે છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રાજેશભાઈ દેસાઈએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવેલ કે છેવાડાના વ્યકિતને સરકારશ્રીની વિવિધ યોજનાઓના યોજનાઓનો લાભ સરળતાથી અને એકજ સ્થળે મળી રહે તે માટે સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. સેવાસેતુ કાર્યક્રમએ સરકારની લોકોની જરૂરીયાત તરફની સંવેદનાને વ્યકત કરે છે તેથી જ ગુજરાત રાજય અન્ય રાજયો માટે વિકાસનુ મોડેલ બન્યુ છે. સુરત મહાનગરપાલિકાની દરેક ક્ષેત્રે પ્રશંસનિય કામગીરી રહી છે. સેવાસેતુ કાર્યક્રમ થકી સુરત શહેરમાં એક લાખથી વધુ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા છે. વધુમાં સ્થાઈ સમિતિના અધ્યક્ષશ્રીએ યોજનાના લાભની જરૂરીયાત વાળા વંચિત લોકોને લાભ અપાવવા લોકોને હાકલ કરી હતી તથા રાજયભરમાં નોંધપાત્ર કામગીરી કરવા બદલ સેવાસેતુ કાર્યક્રમ સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા કાર્યકર્તાઓની સેવાને બીરદાવી હતી. કોર્પોરેટરશ્રી અનિલભાઈ ભોજે આભારવીધી કરેલ હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં ડે. મેયરશ્રી શંકરલાલ ચેવલી, નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગીરજાશંકર મિશ્રા, ગાર્ડન સમિતિના ચેરમેનશ્રી રંજનબેન સરતાનપરા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યશ્રી ચિમનભાઈ પટેલ, કતારગામજોન સંલગ્ન તમામ વોર્ડના મ્યુ.સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૨૦૨૬ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.







પ્રેસ નોટ

.......................

## માહે સપ્ટેમ્બર ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન ૬૫૯૬ ઈન્ડોર તથા ૬૨૭૧૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૫૫૭ તથા ૮૧૮ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૪૭૪૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૧૩૨૩ અને જુના ૧૨૮૬ દર્દીઓ સહીત કુલ ૨૬૦૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૭૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૦૬ તથા આંખ વિભાગમાં ૩૧૯૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૨૧૭૮૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.................... તા. ૧૭–૧૦–૨૦૧૭.

625

# પ્રેસનોટ

**લોકાર્પણ કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારમાં (૧) મોજે ભેદવાડ, પ્રમુખપાર્ક પાસે રેલ્વે બ્રીજ નીચે (૨) ટી.પી.૪૮(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૭૯, એન.એફ.આઈ.ગાર્ડનની સામે, (૩) ટી.પી.૪૮ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૮૬, વખારીયા ઈન્ડ. ખાતે HUDCO દ્વારા CSR એકટીવીટીના ભાગરૂપે ફાળવવામાં આવેલ ગ્રાંટ રૂ.૮૬.૩૮ લાખમાંથી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક નિર્માણ કરવામાં આવેલ. જે પે એન્ડ ટોયલેટ બ્લોકનું તા.૧૪/૧૦/૨૦૧૭ના રોજ HUDCO ના પ્રતિનિધિ તથા ઈલેકશન વોર્ડ નં.૨૯(વડોદ–જીઆવ–ઉન)ના કોર્પોરેટરશ્રીઓની હાજરીમાં લોકાર્પણ કરી જાહેર જનતાની સુખાકારી માટે ખુલ્લા મુકવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ........0626....
તા.૧૮/૧૦/૨૦૧૭

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકાના વર્ગ – ૪ ના કર્મચારીઓને કરવામાં આવેલ બોનસની ચુકવણી :–

સુરત મહાનગરપાલિકાના વર્ગ–૪ ના કુલ ૯૧૭૩ કર્મચારીઓને નાણાંકિય વર્ષ ૨૦૧૬–૧૭ નું બોનસ કુલ રૂા. ૩,૦૭,૧૭,૯૬૩/– (ત્રણ કરોડ સાત લાખ સત્તર હજાર નવસો તેસઠ પુરા) તા.૧૭.૧૦.૨૦૧૭ ના રોજ કર્મચારીઓના બેંક ખાતામાં જમા કરી ચુકવણી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૨૭
તા.૦૯/૧૦/૨૦૧૭

૬૨૮

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો તથા સુડા વિસ્તારના લોકો દ્વારા બસ સેવાનો ખુબ જ અસરકારક લાભ લેવામાં આવી રહેલ છે જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. સુરત શહેરમાં કામ ધંધા અર્થે સચીન, કનકપુર જેવા સુરત શહેરના આજુબાજુ નાં વિસ્તાર માંથી આવતા નાગરિકોને બસની સુવિધા મળી રહે તે માટે સ્થાનિક નાગરીકોની માગણીને ધ્યાને રાખી સચીન GIDC BRTS સ્ટેશન થી કનકપુર ગામ સુધી બસ સેવા તા.૨૫/૧૦/૨૦૧૭ થી શરૂ કરવામાં આવનાર છે. આ સુવિધા શરૂ કરીએ થી વિદ્યાર્થી અને નોકરીયાત વર્ગને રાહતદરે સુરત શહેરના મુખ્ય સ્થળો સુધીની કનેકટીવીટી મળી રહેશે.

૬૨૯

**"વલ્ડ ફુડ ડે" નિમિત્તે તા.૨૩ અને ૨૪/૧૦/૧૭નાં રોજ ઓર્ગેનીક બલ્ક વેસ્ટ જનરેટરો દ્વારા ઓર્ગેનિક વેસ્ટનું સેગ્રીગેશન થાય છે કેમ તેની તપાસ અને ઓર્ગેનિક વેસ્ટને કઈ રીતે નિકાલ કરવામાં આવે છે તેનું ચેકીંગ કરાવવા બાબત.**

**સુરત મહાનગરપાલિકા**

# જાહેર આરોગ્ય વિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૧૬/૧૦/૧૭નાં રોજ **"વર્લ્ડ ફુડ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૩ અને ૨૪/૧૦/૧૭નાં રોજ ઓર્ગેની બલ્ક વેસ્ટ જનરેટરો દ્વારા ઓર્ગેનિક વેસ્ટનું સેગ્રીગેશન થાય છે કેમ તેની તપાસ અને ઓર્ગેનિક વેસ્ટને કઈ રીતે નિકાલ કરવામાં આવે છે તેનું ચેકીં કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૩ અને ૨૪/૧૦/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવત સ્ટાફ, ફુડ સેફટી ઓફીસર, N.G.O. તથા નગરજનોની ટીમો બનાવી ઝોન વિસ્તારમાં મોટા પ્રમાણમાં સુકો/ભીનો કચરો ઉત્પન્ન કરત ખાદ્ય–અખાદ્ય સંસ્થાઓ/રેસીડેન્સી વેલફેર એસોસીએશન તેમજ મોટા રહેણાંક સોસાયટીનાં પ્રમુખ/સેક્રેટરી/વહીવટકર્તાઓ ઓર્ગેનીક બલ્ક વેસ જનરેટરો દ્વારા ઓર્ગેનીક વેસ્ટનું સેગ્રીગેશન કરવામાં આવે છે કે કેમ તે અંગેની ધનિષ્ઠ ચેકીંગની કાર્યવાહી ઉપરોકત ટીમ દ્વારા કરાવવામાં આવે જેમાં ઓર્ગેનીક બલ્ક વેસ્ટ જનરેટરો દ્વારા કામગીરી વ્યવસ્થિત કરવામાં ન આવતી હોય તેવા વહીવટદારોને સ્થળ ઉપર જ સુકા/ભીના કચરા વર્ગીકરણ કરવાની કાર્યવાહી અંગે વિશેષ જાણકારી તથા આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ આ ટીમ દ્વારા ઓર્ગેનીક વેસ્ટનું સેગ્રીગેશનન કાર્યવાહીમાં ખામી જણાવેલ વહીવટદારોને નોટીસ પાઠવી ચેતવણી આપવાની કાર્યવાહી પણ કરવામાં આવેલ હતી.

| ઓર્ગેનીક વેસ્ટ સેગ્રીગેશનની કામગીરી ચેક કરેલ | | સુપરવાઈઝર | N.G.O/નગરજનો | નોટીસ/ચેતવણી આપ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| ખાદ્ય–અખાદ્ય સંસ્થા | એપાર્ટમેન્ટ/મોલ/સોસાયટી | | | |
| ૧૩૩ | ૨૩૮ | ૨૮ | ૩૯ | ૧૦૭ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતા ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૬૩૦

**"વર્લ્ડ ફુડ ડે"** નિમિત્તે તા.૨૫ અને ૨૬/૧૦/૧૭નાં રોજ ખાણી પીણીની લારીઓનાં સ્થળ પર ઓર્ગેનીક વેસ્ટનું સેગ્રીગેશન થાય છે કેમ તેની તપાસ અને ઓર્ગેનીક વેસ્ટને કઈ રીતે નિકાલ કરવામાં આવે છે તેનું ચેકીંગ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
# જાહેર આરોગ્ય વિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૧૬/૧૦/૧૭નાં રોજ **"વલ્ડ ફુડ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૫ અને ૨૬/૧૦/૧૭નાં રોજ ખાણી પીણીની લારીઓનાં સ્થળ પર ઓર્ગેનીક વેસ્ટનું સેગ્રીગેશન થાય છે કેમ તેની તપાસ અને ઓર્ગેનીક વેસ્ટને કઈ રીતે નિકાલ કરવામાં આવે છે તેનું ચેકીંગ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૫ અને ૨૬/૧૦/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સ્ટાફ, ફુડ સેફટી ઓફીસર, N.G.O. તથા નગરજનોની ટીમો બનાવી આ ટીમ દ્વારા તમામ ઝોન વિસ્તારમાં આવેલ ખાણી–પીણીની લારીઓનાં ખાધ ચીજવસ્તુઓ બનાવી ખાધ–પ્રદાર્થ વેચતા તમામ લારી–ગલ્લાવાળાઓ દ્વારા ધંધાકીય પ્રવૃતિ દ્વારા નીકળતા સુકા/ભીના કચરાનું સ્થળ ઉપર સેગ્રીગેશન કરાવવામાં આવે છે કે કેમ તે અંગે ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેમાં જે લારી–ગલ્લાવાળાઓ સુકા/ભીના કચરાનું સ્થળ ઉપર સેગ્રીગેશન કરવામાં આવતું ન હોય તેવા લારી–ગલ્લાવાળાઓને સ્થળ ઉપર સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરવા અંગેનું માર્ગદર્શન તથા આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ તેઓને લેખીત ચેતવણીઓ પાઠવવાની કાર્યવાહી પણ આ ટીમ દ્વારા કરાવવામાં આવેલ હતી.

| ઓર્ગેનીક વેસ્ટ સેગ્રીગેશનની કામગીરી ચેક કરેલ ખાધ–અખાધ સંસ્થા | સુપરવાઈઝર | N.G.O/નગરજનો | નોટીસ/ચેતવણી આપ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૨૪૫ | ૩૫ | ૪૮ | ૧૨૮ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. જેમાં સીટીબસની સુવિધા ૨૫ નવેમ્બર, ૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ. એક વર્ષથી ઓછા સમયગાળામાં સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૭ રૂટો ઉપર કુલ ૨૭૫ સીટીબસ શરૂ કરવામાં આવેલ છે જેનો દરરોજ ૭૫,000 થી વધુ મુસાફરો લાભ મેળવે છે. ભારત સરકારશ્રીના "મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ", નવી દિલ્હી દ્વારા પબ્લિક ટ્રાન્સપોર્ટેશનના વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવા માટે નોમીનેશન મંગાવવામાં આવેલ. વિવિધ કેટેગરીમાં દેશના રાજ્યોની વિવિધ મ્યુ. કોર્પોરેશનોએ પોતાનું નામાંકન કરાવેલ જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા "Best City Bus Service" કેટેગરી માટે નામાંકન કરાવેલ અને આ બાબતે "મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ",નવી દિલ્હી ખાતે તા. 03/૧૦/૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી શ્રી એમ. નાગરાજન, ડે. કમિશનર(ડે.) અને મેનેજીંગ ડિરેક્ટર(સુરત સીટીલિંક લિ.) દ્વારા પ્રેઝેન્ટેશન કરવામાં આવેલ હતુ.

"મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ", નવી દિલ્હીના તા. ૨૬/૧૦/૨૦૧૭ નાં પત્ર દ્વારા સુરત મહાનગરપાલિકાને "Surat City Bus Service" ના વિષય અન્વયે "Best City Bus Service" ની કેટેગરી હેઠળ એવોર્ડ મળેલ છે. જે એવોર્ડ તા. ૦૬/૧૧/૨૦૧૭ ના રોજ હૈદરાબાદ ખાતે એનાયત કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૩૧
તા. ૨૭/૧૦/૨૦૧૭




C27

**"વલ્ડ ફુડ ડે" નિમિત્તે તા.૨૭/૧૦/૧૭નાં રોજ ખાધપદાર્થની સંસ્થાઓમાં અખાધ પદાર્થનો નાશ કરાવવા બાબત.**

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત **"સ્વચ્છ ભારત અભિયાન"** અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓકટોમ્બર ૨૦૧૭ની તા.૧૬/૧૦/૧૭નાં રોજ **"વલ્ડ ફુડ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૭/૧૦/૧૭નાં રોજ ખાધપદાર્થની સંસ્થાઓમાં અખાધ પદાર્થનો નાશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૧૦/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનનાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સ્ટાફ, ફુડ સેફટી ઓફીસર, NGO તથા નગરજનોની ટીમો બનાવી ઝોન વિસ્તારમાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટ, લારી–ગલ્લાઓમાં ખાધ ચીજવસ્તુઓ બનાવવાની કામગીરી કરતી સંસ્થાઓમાં બનાવવામાં આવેલ ખાધ–પ્રદાર્થનું ચેકીંગ ટીમ દ્વારા કરવામાં આવેલ આ કામગીરી દરમ્યાન સ્થળ ઉપર જણાવેલ અખાધ ચીજવસ્તુઓ જપ્ત કરી તેને નાશ કરવાની કાર્યવાહી કર્યા બાદ લારી–ગલ્લાવાળાઓને સ્થળ ઉપર લેખીત ચેતવણી/નોટીસો પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| અખાધ પદાર્થની કામગીરી અર્થે ચેક કરેલહોટલ/લારી–ગલ્લા | સુપરવાઈઝર | NGO/ નગરજનો | અખાધ પદાર્થનો નાશ કરેલ જથ્થો(કિ.ગ્રા.) | નોટીસ/ચેતવણી આપ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૩૬૦ | ૨૧ | ૫૬૭ | ૫૦ | ૨૧ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૬/૧૦/૧૭નાં રોજ "વલ્ડ ફુડ ડે" નિમિતેતા.૨૮/૧૦/૧૭નાં રોજ ખાધપદાર્થ બનાવતી સંસ્થાઓમાં વી.બી.ડી.સી.વિભાગ દ્વારા સઘન ચેકીંગની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૮/૧૦/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૩,૪૩૪ | ૯૮,૭૬૩ | ૪૭૭ | ૬૩૦૪ | ૮૬૩ | ૨૪૮૪ | ૧૬૭ | ૨૭,૯૫૦ | ૬૪ | ૩૧,૪૪૧ | ૧૩,૯૪૮ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

"સ્વચ્છ ભારત મિશન"અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0633

તા.૦૧/૧૧/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# **પ્રેસનોટ**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં લિંબાયતઝોનનાં ટી.પી.સ્કીમ નં ૩૩, ટી.પી. સ્કીમ નં ૩૪, ટી.પી. સ્કીમ નં ૩૯ માં આવેલ વિસ્તાર જેવા કે મગોબ, ડુંભાલ, લિંબાયત, મીઠીખાડી, વિનોબા નગર, ભરવાડ ફળીયુ, બુધ્ધ સોસાયટી, મદિના મસ્જીદ, હીરાનગર, ચોર્યાસીડેરીમાં **તા.૦૮/૧૧/૨૦૧૭** ના રોજ સવારે ૫.૦૦ થી ૭.૩૦ કલાકે તથા લિંબાયતઝોનના ટી.પી. સ્કીમ નં ૪૦, ટી.પી. સ્કીમ નં ૪૧(પાર્ટ) માં આવેલ ડીંડોલી, ગોડાદરા, નંદનવન સોસાયટી, ગાયત્રીનગર અને વરાછા વિસ્તારમાં આવેલ આયમાતા ચોક, મહેન્દ્ર પાર્ક, સુરભી સોસાયટીમાં **તા.૦૮/૧૧/૨૦૧૭** ના રોજ સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ કલાકે તથા લિંબાયત વિસ્તારમાં આવેલ આંજણા ટેનામેન્ટ વિસ્તારમાં **તા.૦૮/૧૧/૨૦૧૭** ના રોજ સવારે ૬.૦૦ થી ૮.૦૦ કલાકે અને ડુંભાલ ટેનામેન્ટ વિસ્તારમાં **તા.૦૮/૧૧/૨૦૧૭** ના રોજ સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે આપવામાં આવનાર છે. સદર વિસ્તારોમાં ઉપરોકત દિવસે પાણી પૂરવઠો ઓછા પ્રેશરથી મળવાની શકયતા છે. જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરી પાણી પુરવઠો મેળવી લેવા વિનંતી. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ આપવામાં આવશે.

ઉપરોકત દિવસો દરમ્યાન શહેરના નાગરીકોને પડનાર તકલીફ બદલ સુરત મહાનગરપાલિકા દિલગીરી વ્યકત કરે છે.

આભાર.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૩૪
તા.૦૩/૧૧/૨૦૧૭

# —:: પ્રેસનોટ ::—

તા.૧૦–૧૧–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૩૪ | ૩૧ | ૨૭ | ૨૭ | ૫૪૦૦ |
| વરાછા | ૮૭ | ૯૩ | ૭૪ | ૫૯ | ૧૧૮૦૦ |
| રાંદેર | ૩૧ | ૨૦ | ૨૦ | ૨૫ | ૫૦૦૦ |
| કતારગામ | ૨૯ | ૧૮૦ | ૧૧૩ | ૨૩ | ૪૭૦૦ |
| ઉધના | ૧૯ | ૧૯ | ૧૯ | ૧૮ | ૩૬૦૦ |
| લિંબાયત | ૧૧૬ | ૬૦ | ૧૯ | ૧૯ | ૩૮૦૦ |
| અઠવા | ૮૭ | ૬૬ | ૨૩ | ૨૩ | ૪૬૦૦ |
| કુલ | ૪૦૩ | ૪૬૯ | ૨૯૫ | ૧૯૪ | ૩૮૯૦૦ |

| | સુરત મહાનગરપાલિકા<br>નેચરપાર્ક–ઝુ<br>પ્રેસનોટ |
|---|---|

**<u>નેચરપાર્ક ઝુ ખાતે ઉડી ન શકે તેવા શાહમૃગ (ઓસ્ટ્રીચ) પક્ષીઓ બે જોડીનું આગમન</u>**

નેચરપાર્ક ઝુ ખાતે આખી દુનિયામાં સૌથી વધુ કદાવર, **ઉડાન રહિત** પ્રજાતીના પક્ષીઓ નામે ઈમુ, શાહમૃગ અને કસાઉરી જેવા બહુમુલ્ય પક્ષીઓને રાખવા માટે પાંજરાઓનું નિર્માણ કરવામાં આવેલ છે પૈકી ઈમુ પક્ષીઓ સંવર્ધન અને પ્રદર્શન માટે પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ તમામ પક્ષીઓ વિદેશી હોય અને ખુબજ મુશ્કેલીથી ઉપલબ્ધ થઈ શકતા હોય અત્યાર સુધી નેચરપાર્ક ઝુ ખાતે ઓસ્ટ્રીચ અને કસાઉરીને પ્રદર્શનમાં મુકવામાં આવેલ નથી. પરંતુ ઓસ્ટ્રીચ પક્ષીઓ ચૈન્નાઈ ખાતે આવેલ તામીલનાડુ પશુચિકિત્સા વિશ્વવિદ્યાલય તાબા હેઠળ કાર્યરત પોસ્ટ ગ્રેજયુટ રિસર્ચ ઈન્સ્ટીટયુટ ઈન એનીમલ સાયન્સ ખાતે ઓસ્ટ્રીચ પક્ષીઓનું સંવર્ધન કરતા હોવાની જાણ થતા, સુરત પ્રાણીસંગ્રહાલયે તેમના ડાયરેકટર સાથે વિસ્તૃત ચર્ચા અને પત્રવ્યવહાર કરતા તેઓશ્રીએ બે જોડી ( ૨ – નર, ૨ – માદા ) સુરત ઝુ માં સવર્ધન, પ્રદર્શન અને પક્ષીઓ પ્રતિ લોકોને જાણકારી મળી રહે ઘ્યાને લઈ, ફાળવી આપવા સંમત થતા અને તે બાબતે મ્યુનિ.કમિશ્નરશ્રીએ મંજુરી આપતા અને પક્ષીઓને ચેન્નાઈ ખાતેથી સુરત ઝુ ખાતે લાવવા તાકિદ કરતા સુરત ઝુની ટીમ તા.૦૭/૧૧/૨૦૧૭ ના રોજ રવાના થઈ તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ ચૈન્નાઈ ખાતે પહોંચી તા.૧૦/૧૧/૨૦૧૭ ના રોજ બે જોડી શાહમૃગ પક્ષીઓનો કબજો મેળવી તા.૧૨/૧૧/૨૦૧૭ ના રોજ સુરત ઝુ ખાતે કુલ–૩૩૦૦ કિ.મી જવા આવવા દરમ્યાનું અંતર કાપી પહોંચેલ અને પક્ષીઓને તેમના માટે નિર્માણ કરવામાં આવેલ પાંજરાઓમાં મુકત કરેલ.



**(નર અને માદા ઓસ્ટ્રીચ પક્ષી)**

ઉકત પક્ષીઓને ચેન્નાઈ ખાતેથી ૧૬૫૦ કિ.મી દિવસ–રાત્રીનું અંતર કાપી સફળતાપુર્વક સુરત પ્રાણીસંગ્રહાલય ખાતે લાવવા બદલ ઝુ ટીમના તમામ સભ્યોને ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.પ્રફુલ્લ મહેતાએ અભિવાદન પાઠવી કરેલ કામગીરીની પ્રશંસા કરેલ.

ઉકત પક્ષીઓને સુરત ઝુ ખાતે પ્રદર્શનમાં મુકી દીધેલ હોય આવતી કાલથી મુલાકાતીઓ આ ઓસ્ટ્રીચ પક્ષીઓ બાબત  જાણકારી મેળવી રૂબરૂ પ્રત્યક્ષ રીતે જોવાનો લાભ ઉઠાવી શકશે.

પ્રેસ નોટ

.........................

## માહે ઓકટોબર ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓકટોબર ૨૦૧૭ દરમ્યાન ૬૧૭૦ ઈન્ડોર તથા ૫૫૦૮૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૩૫૦ તથા ૭૧૩ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૩૭૧૭ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૧૩૧૬ અને જુના ૧૧૯૩ દર્દીઓ સહીત કુલ ૨૫૦૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૭૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૯૩ તથા આંખ વિભાગમાં ૨૭૨૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૯૪૮૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

0637

# પ્રેસ નોટ

## હેરીટેજ પ્રદર્શન

સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે પહેલા માળે વિદ્યાર્થીઓને જાણકારી અને પ્રોત્સાહન મળે તે હેતુથી 'વર્લ્ડ હેરીટેજ વીક' નિમિત્તે તા.૧૯-૧૧-૨૦૧૭ થી તા.૨૬-૧૧-૨૦૧૭ દરમ્યાન હેરીટેજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુરતના ઐતિહાસિક સ્થળો જેવા કે કિલ્લો, મુઘલસરાઈ, ગોપીતળાવ, અંગ્રેજ કોઠી, ડચ કોઠી અને યુરોપીયન કબ્રસ્તાનો, સામાજીક સ્થળો જેવા કે, સિવિલ હોસ્પીટલ, અસકતાશ્રમ હોસ્પીટલ, પારસી પંચાયત, ધાર્મિક સ્થળો જેવા કે, ચિંતામણી દેરાસર, કાંતારેશ્વર મહાદેવ મંદિર, કુવતે ઈસ્લામ મસ્જીદ, પારસી ફાયર ટેમ્પલ, તેમજ શૈક્ષણીક સ્થળો જેવા કે, સોરાબજી ટ્રેનીગ કોલેજ, આઈ. પી મીશન સ્કુલ, મહીલા વિદ્યાલય વિગેરેની વિગતો દર્શાવતી વિવિધ પેનલો પ્રદર્શિત કરવામાં આવેલ છે.

**<u>પ્રદર્શનનો સમય</u>**

તા. ૨૧ થી ૨૪ નવેમ્બર,૨૦૧૭ના રોજ સવારે ૯:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી

તા.૧૯, ૨૫ અને ૨૬ નવેમ્બર , ૨૦૧૭ના રોજ સવારે ૧૧:૩૦ થી સાંજે ૬:૩૦ સુધી

તા. ૨૦ નવેમ્બર, ૨૦૧૭ના રોજ સાયન્સ સેન્ટર તથા પ્રદર્શન બંધ રહેશે.

જન સંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી<br>
સાદર રવાના સમાચાર યાદી<br>
પી.આર.ઓ.નં. 0638<br>
તા. ૧૮/૧૧/૨૦૧૭

:: પ્રેસનોટ ::

સુરત જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મત વિસ્તારોમાં તા.૦૯/૧૨/૨૦૧૭ ને શનિવારના રોજ વિધાનસભાની પ્રથમ તબકકાની ચુંટણી યોજાનાર હોય, સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તેમજ શાળા બોર્ડની કચેરી તથા તે સંચાલિત તમામ શાળઓમાં સને ૧૮૮૧ ના વટાઉખત અધિનિયમ હેઠળ જાહેર રજા જાહેર કરવામાં આવે છે.

પરંતુ ખાસ આવશ્યક સેવાઓ જેવી કે પાણી પુરવઠા વિભાગ, ડ્રેનેજ વિભાગ, હોસ્પિટલ તથા સેનીટેશન વિભાગ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિગેરે ખાતાની કામગીરી ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 639
તા.૦૬-૧૨-૨૦૧૭

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**સરથાણા નેચરપાર્ક–ઝુ,**<br>**<u>પ્રેસનોટ</u>** | |

**<u>સરથાણા પ્રાણી સંગ્રહાલય આગામી યોજાનારી વિભાનસભાની ચુંટણી નિમિત્તે મુલાકાતીઓ માટે બંધ રહેશે.</u>**

સુરત મહાનગરપાલિકા સંચાલિત નેચરપાર્ક/ પ્રાણીસંગ્રહાલય, સરથાણા, સુરત આગામી યોજાનાર વિધાનસભા ચુંટણી નિમિત્તે તા.૦૮/૧૨/૨૦૧૭ અને તા.૦૯/૧૨/૨૦૧૭ ના રોજ મુલાકાતીઓ માટે બંધ રહેશે. જે પ્રાણીસંગ્રહાલય ખાતાએ એક અખબાર યાદીમાં જણાવેલ છે. તેની તમામ જાહેર જનતાએ નોંધ લેવી.

# <u>પ્રેસનોટ</u>

સને ૧૯૮૮થી ૧લી ડીસેમ્બર નાં રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ એઈડ્સ દિન મનાવવામાં આવે છે. આ દિન મનાવવાનો મુખ્ય હેતુ લોકોમાં એચ.આઈ.વી/એઈડ્સ પ્રત્યે જનજાગૃતિ લાવવાનો તેમજ એચ.આઈ.વી/એઈડ્સથી મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાંજલી પાઠવવી તેમજ સમાજમાં એચ.આઈ.વી/એઈડ્સ નો ચેપ ધરાવતા લોકો પ્રત્યે કલંક અને ભેદભાવ દૂર કરવાનો છે.

આજે સમગ્ર દુનિયામાં જયારે આ રોગ ખુબજ ઝડપથી ફેલાઈ રહયો હોય તેનાં અટકાયતનાં પગલા લેવા ખુબજ જરૂરી થઈ જાય છે. સમગ્ર વિશ્વમાં ભારત ત્રીજો દેશ છે જયાં સૌથી વધારે એચ.આઈ.વી.ગ્રસ્ત લોકો છે. સને ૨૦૧૩માં ૨૧ લાખ લોકો ભારતમાં એચ.આઈ.વી.ગ્રસ્ત હતા જયારે ૧.૩ લાખ લોકો એઈડ્સ સબંધિત બિમારીને કારણે મૃત્યુ પામેલ હતા. અગાઉનાં વર્ષોમાં જે ખોફ અને ભય આ રોગનો હતો તેનાં પ્રમાણમાં આ રોગની દવા (ART) શોધાયા બાદ તે ખોફ / ભય દુર થયા છે તેમજ કેસમાં પણ ઘટાડો થયો છે. જો એચ.આઈ.વી. સંક્રમિત વ્યકિત નિયમિત એ.આર.ટી. દવા લે તો તે અન્ય વ્યકિતઓની જેમ લાંબુ જીવી શકે છે. હાલ સુરત શહેરમાં એચ.આઈ.વી./એઈડ્સ અંર્તગત હાલ ૨૩ જેટલી સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓ જેમને એચ.આઈ.વી.નો ચેપ લાગવાની શકયતા વધુ હોય તેવા સેકસ સર્કર બહેનો, સમલૈંગિક પુરૂષો, નશીલી દવાઓનું સેવન કરતા લોકો, પરપ્રાંતિય પુરૂષો વિગેરેને એચ.આઈ.વી/એઈડ્સ અંગે જાણકારી આપે છે તેમજ તેમનાં રોગનું નિદાન કરાવી સારવાર અપાવવા મદદ કરે છે. આ સાથે સુરત શહેરમાં તમામ ૪૩ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં વિનામુલ્યે એચ.આઈ.વી. પરીક્ષણ કરવામાં આવે છે. તે ઉપરાંત ન્યુ. સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પીટલ, પ્રાણનાથ હોસ્પિટલ, લોખાત હોસ્પિટલ વગેરેમાં પણ એચ.આઈ.વી.નું નિદાન કરવામાં આવે છે.

આજે વિશ્વ એઈડ્સ દિન–૨૦૧૭ નિમિત્તે *"સારૂ આરોગ્ય એ સૌનો અધિકાર છે."* આ સુત્રને યતાર્થ કરવાનાં હેતુ સાથે સુરત મહાનગરપાલિકાના એસ.ટી. ડી. કેર પ્રોજેકટ, ડીસ્ટ્રીકટ એઈડ્સ દિન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ યનિટ, ઈન્ડીયન મેડીકલ એસોસીએશન સુરત, ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પોઝીટીવ પિપલ લિવિંગ વીથ એચ.આઈ.વી. તથા સર કે. પી. કોમર્સ કોલેજ, અઠવાલાઈન્સ, સુરતનાં સહયોગથી સુરત શહેરનાં સર કે. પી. કોમર્સ કોલેજ, અઠવાલાઈન્સ, સુરત ખાતે આંતર કોલેજ ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમજ બેનર્સ, પોસ્ટર્સ અને ફલેગ સાથે એચ.આઈ.વી./એઈડ્સ અંગે જનજાગૃતિની પત્રિકાઓ પણ વહેંચવામાં આવેલ. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાનાં સુમન સેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા સર કે. પી. કોમર્સ કોલેજનાં પ્રાધ્યાપિકાઓ વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. આ સ્પર્ધામાં સુરત શહેર તથા સુરત બહારની મળી કુલ ૧૭ જેટલી કોલેજોનાં ૩૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ, જેમાંથી પ્રથમ

ક્રમે શ્રી.કોરી પુજાબેન રાજુભાઈ, જે.ઝેડ.શાહ કોલેજ, અમરોલી કોલેજ તથા બીજા ક્રમે શ્રી. વિરેન્દ્રસિંહ અંબાલાલ. શ્રી સરદાર પટેલ કોલેજ, નવસારી તેમજ ત્રીજા ક્રમે શ્રી. જયકુમાર વિનોદભાઈ હળપતિ શ્રી એસ. પી. બી. ઈંગ્લીશ મિડીયમ કોલેજ, સુરત રહેલ, આ કાર્યક્રમમાં એસ.ટી. ડી. કેર પ્રોજેકટનાં તમામ કાઉન્સેલર્સ તથા જી.એસ.એન.પી.પ્લસ, સુરત તેમજ સુરત ખાતે કાર્યરત વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓનાં પ્રતિનિધિઓ મળી કુલ ૨૦૦ જેટલા લોકો હાજર રહયા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં સર. કે.પી. કોમર્સ કોલેજ, સુરતના પ્રિન્સીપલશ્રી મારટીના નરોન્હા, વા. પ્રિન્સીપાલશ્રી યુનુસ પટેલ, પ્રોજેકટ ઈન્ચાર્જશ્રી ડો. એચ.કે.સોંધરવા, સુમન શાળાનાં શિક્ષકો અને કોલેજનાં પ્રધ્યાપકો હાજર રહયા હતા.

આ સાથે સાંજે ૪.૦૦ કલાકે ધારૂકાવાલા કોલેજ, વરાછા રોડ ખાતે એક મુઝિકલ ઈવનિંગનું આયોજન કરેલ તથા સાજે ૬.૦૦ કલાકે એચ.આઈ.વી./એઈડ્સથી મૃત્યુ પામેલ લોકોને મિણબત્તી પ્રાગટય કરી શ્રધ્ધાંજલી આપવાનો કાર્યક્રમ રાખેલ હતો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૪૧
તા.૦૧/૧૨/૨૦૧૭



Reliance
Foundation
NSP
કોલેજ
Stop Aids

# પ્રેસનોટ

ભારતીય હવામાન ખાતા ધ્વારા મળેલ આગાહી મુજબ આગામી તા.૦૫/૧૨/૨૦૧૭ અને તા.૦૬/૧૨/૨૦૧૭ દરમ્યાન "ઓખી" નામનું વાવાઝોડું દક્ષિણ ગુજરાત ક્ષેત્રમાં આવવાની શકયતા હોય તથા તેના કારણે ભારે પવન ફૂંકાવવા તથા હળવાથી ભારે વરસાદ પડવાની શકયતા રહેલ હોવાથી સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવાની તૈયારી સાથે સાવચેતીના પગલા લેવા માટે માન.કમિશનરશ્રી ધ્વારા આજરોજ સવારે ૧૦:૦૦ કલાકે તમામ અધિકારીઓની મીટીંગ લઈ પરિસ્થિતિને પહોંચી વળવા જરૂરી સૂચના આપવામાં આવેલ તથા ખાતા/ઝોન ધ્વારા લેવામાં આવેલ પગલાની સાંજે ૦૬:૦૦ કલાકે સમીક્ષા કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

૧.સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી/તમામ ઝોનમાં કંન્ટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રહે તે મુજબ શરૂ કરી દેવામાં આવેલ છે.જેમાં રાઉન્ડ ધી કલોક ફરજ બજાવવા માટે કર્મચારીઓના હુકમ કરી દેવામાં આવેલ છે.ગાર્ડન,વીયર–કમ–કોઝ–વે તેમજ ટ્રાફિક વિભાગમાં પણ કંન્ટ્રોલ રૂમ શરૂ કરવામા આવેલ છે.

૨.દરેક ઝોનના આરોગ્ય ખાતા મારફત ક્રિટીકલ એરિયાના અંદાજે ૮૦૦૦ ઈન્લેટ ચેમ્બરના કવર દુર કરવામાં આવેલ છે.

૩.ઝોન/હેડ કવાર્ટર્સ મારફત સ્ટ્રીટલાઈટ પોલમા આવેલ જંકશન બોક્ષની ચકાસણીની ૭૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.કુલ ૩૫ હાઈ માસ્ટ ટાવર પૈકી ૨૫ ટાવરના ફીટીંગ્સ સેફ લેવલે ઉતારી દેવામાં આવેલ છે અને બાકીના ટાવરની પણ કામગીરી કાલે સવાર સૂધીમાં પૂર્ણ કરી દેવામાં આવનાર છે.

૪.હોર્ડિંગ્સ એજન્સી/મોબાઈલ ટાવર એજન્સીને તેઓના સ્ટ્રકચરની ચકાસણી કરી જરૂર જણાયે ઉતારી લેવા સુચના આપવામાં આવેલ છે.

૫.ફાયર વિભાગ ધ્વારા કુલ ૧૫ ટીમ તૈયાર કરવામાં આવેલ છે.જેમાં એક ટીમમાં ૫૦ થી ૬૦ ફાયરમેન/માર્શલ, પુરતી મશીનરી તથા ૬૦ ટ્રી કટર મશીન સાથે તૈનાત રહેશે.

૬.ટોરન્ટ પાવર/ડિ.જી.વી.સી.એલ સાથે કોર્ડિનેટ કરી ભયજનક પોલને સલામત કરવા તથા ઝોન કંન્ટ્રોલ ખાતે તેઓના નોડલ ઓફિસરને હાજર રહેવા સૂચના આપવામાં આવેલ છે.

૭.શહેર વિસ્તારમાં તમામ ખોદાણો બંધ કરવામાં આવેલ છે તેમજ સાફ–સફાઈ કરીને ટ્રેન્ચને લેવલીંગ કરવાની કામગીરી તાકિંદે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ છે.

૮.ગાર્ડન વિભાગ ધ્વારા ૨૧ ટ્રી કટર મશીન જરૂરી વાહન સાથે દરેક ઝોન માટે ૧ થી ૨ ટીમ તૈયાર કરવામાં આવેલ છે.

૯.સુરત મહાનગરપાલિકાના તમામ વાહનોમાં જરૂરી ઈંધણ પૂરતા પ્રમાણમાં રાખવામાં આવેલ છે તેમજ વધારાના ઈંધણનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપ્લબ્ધ કરવામાં આવેલ છે.

૧૦.ટેમ્પરરી બેરીકેડીગ,ટેમ્પરરી સ્ટ્રકચર,બાંધકામ,મોટા પ્રોજેકટના પ્લોટ પર લગાડેલ પતરાની આડાસો,ટેમ્પરરી લેબર કોલોની વિગેરે જરૂરીયાત જણાયે દુર કરવા/સલામત કરવા સૂચના આપવામાં આવેલ છે.

૧૧.ઝોનમાં આવેલ ઢોરના તબેલાઓના માલિકોને ઢોરની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા કરવા તેમજ પતરાના શેડને વ્યવસ્થિત કરવા સૂચના આપવામાં આવેલ છે.

૧૨.સ્મીમેર તેમજ મસ્કતિ હોસ્પીટલ ખાતે મેડીકલ ટીમ તૈયાર રાખવામાં આવેલ છે અને જરૂરિયાત જણાયે વધારાના વોર્ડ શરૂકરવાની પણ તૈયારી રાખવામાં આવેલ છે.વધુમાં આરોગ્ય ખાતા ધ્વારા ૧૦ મોબાઈલ મેડીકલ ટીમ તૈયાર રાખવામાં આવેલ છે.

૧૩.પાણી પૂરવઠો ખોરવાય નહિ તે માટેના તમામ પગલા લેવામાં આવેલ છે.

૧૪.વીજ પૂરવઠો ખોરવાય ત્યારે તમામ ઓફિસ/ઝોન ખાતેના જનરેટર ઈંધણ સાથે તૈયાર રાખવા સૂચના આપવામાં આવેલ છે.

૧૫.વાવાઝોડાની જાણકારી માટે તથા સાવચેત રહેવા નગરજનોને કુલ ૬,૫૦,૦૦૦ મોબાઈલ પર પુશ મેસેજ મોકલવામાં આવેલ છે તેમજ સ્થાનિક વર્તમાનપત્રો,સ્થાનિક ટી.વી.ચેનલ અને સ્થાનિક રેડીયો એફ.એમ.પર સૂચના પ્રસારણ કરાવવામાં આવેલ છે.

શહેરીજનોને આ સમયગાળા દરમ્યાન શકય હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળવા તેમજ ઝાડ,વીજળીના થાંભલા,હોર્ડિંગ્સ,જર્જરીત મકાન વિગેરેથી દુર રહી સાવચેત રહેવા અપીલ કરવામાં આવે છે.

પ્રેસનોટ નં.૬૪૨
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા.૦૪/૧૨/૨૦૧૭

## પ્રેસનોટ

ભારતીય હવામાન ખાતા ધ્વારા મળેલ આગાહી મુજબ આગામી તા.૦૫/૧૨/૨૦૧૭ અને તા.૦૬/૧૨/૨૦૧૭ દરમ્યાન "ઓખી" નામનું વાવાઝોડું દક્ષિણ ગુજરાત ક્ષેત્રમાં આવવાની શકયતા હોય તથા તેના કારણે ભારે પવન ફુંકાવવા તથા હળવાથી ભારે વરસાદ પડવાની શકયતા રહેલ હોવાથી સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવાની તૈયારી સાથે સાવચેતીના પગલા લેવા માટે માન.કમિશનરશ્રી ધ્વારા તા.૦૫/૧૨/૨૦૧૭ સવારે ૧૦:૦૦ કલાકે તમામ અધિકારીઓની મીટીંગ લઈ પરિસ્થિતિને પહોંચી વળવા જરૂરી સૂચના આપવામાં આવેલ તથા કમિશનરશ્રીએ બપોર બાદ તમામ ઝોનમાં કરવામાં આવેલ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

સુરત મહાનગરપાલિકાનું કન્ટ્રોલ એન્ડ કમાંન્ડ સેન્ટર સતત ત્રણ દિવસ સુધી ૨૪ કલાક સુધી કાર્યરત રેહશે તથા તમામ ઝોનના કન્ટ્રોલ સેન્ટર પર ઝોનલ ચીફ અને કાર્યપાલક ઈજનેર અને મુખ્ય કચેરી ખાતે સીટી ઈજનેર અને ડે.કમિશનર કક્ષાના અધિકારીને રાત્રી દરમ્યાન હાજર રહેવા સુચના આપવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારના અગમચેતીના પગલા રૂપે રાહત સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોનમાં અદાંજીત ૭૦૦૦ની વસતી (૧૦ સ્લમ વિસ્તારમા)ને પ્રચાર ગાડી ધ્વારા માહિતી આપવામાં આવેલ છે. ૧૦ રાહત સેન્ટરો શરૂ કરવામાં આવ્યા જેમાં ૨૩૦ વ્યકતીઓનું શીફટીગ કરવામાં આવેલ છે. (કાર્યવાહી ચાલુ છે / ૧૫૦ થી ૨૦૦ વ્યકતીઓ નજીકના સંબધીઓને ત્યાં ગયા છે)

વરાછા ઝોનમા અદાંજીત ૩૦૦૦૦૦ની વસતીને પ્રચાર ગાડી ધ્વારા માહિતી આપવામાં આવેલ છે. ૨૦ રાહત સેન્ટરો શરૂ કરવામાં આવ્યા જેમાં ૨૫૦ વ્યકતીઓનું શીફટીગ કરવામાં આવેલ છે. (ઘણા વ્યકતીઓ નજીકના સંબધીઓને ત્યાં ગયા છે)

કતારગામ ઝોનમાં અદાંજીત ૧૫૦૦૦૦ની વસતીને પ્રચાર ગાડી ધ્વારા માહિતી આપવામાં આવેલ છે. ૮ રાહત સેન્ટરો શરૂ કરવામાં આવ્યા જેમાં ૨૨૫ વ્યકતીઓનું શીફટીગ કરવામાં આવેલ છે.

( શીફટીગની કાર્યવાહી ચાલુ છે )

રાંદેર ઝોનમાં અદાંજીત ૭૦૦૦ની વસતી (૮ સ્લમ વિસ્તારમા)ને પ્રચાર ગાડી ધ્વારા માહિતી આપવામાં આવેલ છે. ૮ રાહત સેન્ટરો શરૂ કરવામાં આવ્યા જેમાં ૩૦૦ વ્યકતીઓનું શીફટીગ કરવામાં આવેલ છે. ( શીફટીગની કાર્યવાહી ચાલુ છે )

અઠવા ઝોનમાં અદાંજીત ૧૦૦૦૦૦ની વસ્તીને પ્રચાર ગાડી ધ્વારા માહિતી આપવામાં આવેલ છે. ૩ રાહત સેન્ટરો શરૂ કરવામાં આવ્યા જેમાં ૩૦૦ વ્યકતીઓનું શીફટીગ કરવામાં આવેલ છે.(શીફટીગની કાર્યવાહી ચાલુ છે/૩૦૦ વ્યકતીઓ નજીકના સંબધીઓને ત્યાં ગયા છે )

ઉધના ઝોનમાં અદાંજીત ૮૦૦૦ની વસતીને પ્રચાર ગાડી ધ્વારા માહિતી આપવામાં આવેલ છે.૧૧ રાહત સેન્ટરો શરૂ કરવામાં આવ્યા જેમાં ૨૫૦ વ્યકતીઓનું શીફટીગ કરવામાં આવેલ છે. ( શીફટીગની કાર્યવાહી ચાલુ છે)

લિંબાયત ઝોનમાં અદાંજીત ૧૦૦૦૦ની વસતી (૧૧ સ્લમ વિસ્તારમા)ને પ્રચાર ગાડી ધ્વારા માહિતી આપવામાં આવેલ છે. ૧૩ રાહત સેન્ટરો શરૂ કરવામાં આવ્યા જેમાં ૫૦ વ્યકતીઓનું શીફટીગ કરવામાં આવેલ છે. ( ૫૦૦ વ્યકતીઓ નજીકના સંબધીઓને ત્યાં ગયા છે )

વાવાઝોડાની પરિસ્થીતીને ધ્યાને લઈ ખાતા/ઝોન ધ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧. ફાયર વિભાગના જરૂરી ૪૪ વિવિધ સાંધનો અને વિવિધ વાહનો સુવિધાથી સજજ કરી ૧૫ ટીમ સજજ કરવામાં આવેલ છે.

૨. તમામ ઝોન ખાતે ૧૮૭૦૦ રનીંગ પૈકી ૧૦૯૦૦ રનીંગ મીટર ડ્રેનેજની ટ્રેંચ પુરાણ અને ૨૯ ડિવોટરીંગ પંપ સ્ટેન્ડબાય રાખવામાં આવેલ છે. બેરીકેડીંગ વ્યવસ્થીત કરી સેઈફ સ્ટેઝ પર લાવવામાં આવેલ છે.

૩. ૧૦–૧૦ અધિકારી/કર્મચારીઓની કુલ ૨ ટીમો (કે.ઈજનેર થી બેલદાર કક્ષાના કર્મચારીઓ) તૈયાર રાખવામાં આવેલ છે. ૨૩ જનરેટર ઓવર હોલીંગ કરી ટેસ્ટ કરવામાં આવેલ છે. આશરે ૨૦૦ લીટરનો સ્ટોક રાખવામાં આવેલ છે.

૪. આરોગ્ય વિભાગ ધ્વારા ૧૦ મેડિકલ ટીમ અને ૧ માસ સુધી ચાલી શકે તે મુજબ જંતુનાશક દવાનો સ્ટોક રાખવામાં આવેલ છે. મેનહોલ જાળીયા ઉપરથી ૭૭૫૦ પ્લાસ્ટીક કવર દુર કરેલ છે. અને મરેલા જાનવરોના નિકાલ માટે સંબધીત એજન્સીને જાણ કરેલ છે.

૫. સ્મીમર હોસ્પીટલ ખાતે તમામ સ્ટાફને રાઉન્ડ ક્લોક કેમ્પસમાં હાજર રેહવાની સુચના આપવામાં આવેલ છે તથા જરૂરી મેડિસીન અને યોગ્ય માત્રામાં બ્લડનો પુરવઠો રાખવાની વ્યવસ્થા અને ઈમરજન્સી અને ફીઝીયોથેરાપી વિભાગમાં કોટસ (બેડ)ની વ્યવસ્થા ગોઠવામાં આવેલ છે.

૬.શહેરી વિકાસ વિભાગ ધ્વાર તમામ હોડિંગ્ઝ/ટેલીકોમ્યુનીકેશન ટાવરના સ્ટ્રેકચરને નુકશાન/ અકસ્માત ન થાય તથા લોકોની જાનમાલને નુકસાન ન પહોંચે તેની તકેદારી રાખવા અંગે સંબંધીત/ કંપની/ સંસ્થા/ માલિકોને તાકીદ કરવામાં આવેલ છે તેમજ સ્થળ ઉપર ચાલતા બાંધકામોમાં સલામતીના તમામ પગલાં લેવા સંબધિત આર્કીટેકટ/ડેવલોપર/ માલિકોને જરૂરી કાર્યવાહી કરવા સુચનાઆપવામાં આવેલ છે.

૭. વર્કશોપ ખાતે ૫૦૦ થી વધુ વાહનો/મશીનરીઓ રેડી અને રીઝર્વ રાખવામાં આવેલ છે. અને પેટ્રોલ પંપ તથા વર્કશોપ પણ ૨૪×૭ કલાક ચાલુ રાખવામાં આવેલ છે.

૮. ૩૫ હાઈમાસ્ટ ટાવરોને લાઈટીંગ કેરજ ૬ મીટરની સેઈફ ઉંચાઈએ લોવરીંગ કરવામાં આવેલ છે. મરામત અને નિભાવના ઈજારદારના વ્હીકલ તેમજ સ્પેર્સ સહિત ઈમરજન્સી ટીમ ડેપ્યુટ કરવામાં આવેલ છે.

૯.શહેર વિસ્તારમાં આવેલ તમામ W.T.P. અને W.D.S ના સ્ટેશન ઈન્ચાર્જને શહેરમાં પાણી પુરવઠો જાળવાઈ રહે તે માટે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. પાણી પુરવઠા માટે જરૂરી કેમિકલ્સનો જથ્થો વિવિધ વોટર વર્કસ પર સ્ટોક કરવામાં આવેલ છે.

૧૦.ઝોન વાઈઝ ટ્રીમીંગ અને નવા પ્લાન્ટેશનના ટેકાની કામગીરી ટ્રી ટ્રીમીંગના ફરિયાદના નિકાલ સહિતની આઠ ટીમો તૈયાર કરવામાં આવેલ છે.

૧૧.બી.આર.ટી.એસ.ના ૨૪ કલાક કંન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે.બી.આર.ટી.એસ બસ શેલ્ટરના સ્લાઈડીંગ દરવાજા તેમજ સ્પીંગ ગેટને ખોલી દેવામાં આવેલ છે.

૧૨.તમામ ઝોન/કચેરી ખાતે યુટીલીટી સર્વિસ જેવી કે ટોરેન્ટોપાવર,ડી.જી.વી.સી.એલ.,ગુજરાત ગેસ ટેલિફોન,ગેસની પ્રાઈવેટ એજન્સીઓને ખોદાણ ન કરવા તેમજ કરેલ ખોડાણને સેઈફ સ્ટેજ પર લાવવા માટે જાણ કરવામાં આવેલ છે.

૧૩ .ઝોન વિસ્તારમાં જર્જરિત મિલકતનો સર્વે કરી જરૂરિયાત જણાયે સલામત સ્થળે ખસી જવા માટે રહેવાસીઓને સૂચના આપવામાં આવેલ છે.

૧૪.આજરોજ ફરીથી એફ.એમ.રેડિયોના માધ્યમ ધ્વારા જાહેરાત આપવામાં આવેલ અને ૬,૬૦,૦૦૦ નાગરિકોને એસ.એમ.એસ.ધ્વારા સૂચના આપવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૬૪૩,તા.૦૫/૧૨/૨૦૧૭









# પ્રેસનોટ

ભારતીય હવામાન ખાતા ધ્વારા મળેલ આગાહી મુજબ આગામી તા.૦૫/૧૨/૨૦૧૭ અને તા.૦૬/૧૨/૨૦૧૭ દરમ્યાન "ઓખી" નામનું વાવાઝોડું દક્ષિણ ગુજરાત ક્ષેત્રમાં આવવાની શકયતા હોય તથા તેના કારણે ભારે પવન ફુંકાવવા હળવાથી ભારે વરસાદ પડવાની શકયતા રહેલ હોવાથી સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૪૩ રાહત સેન્ટરોમાં કુલ ૩૬૨૧ વ્યકિતઓને શીફટીંગ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| ઝોન | શીફટીંગ કરવામાં આવેલ સ્થળની વિગત | શીફટીંગ થયેલ વ્યકિતઓની સંખ્યા | રાહત સેન્ટર |
|---|---|---|---|
| રાંદેર ઝોન | ૬ | ૮૬૦ | ૮ |
| કતારગામ ઝોન | ૮ | ૩૨૦ | ૫ |
| સેન્ટ્રલ ઝોન | ૧૦ | ૫૬૫ થી વધુ | ૮ |
| અઠવા ઝોન | ૬ | ૫૮૫ થી વધુ | ૨ |
| લિંબાયત ઝોન | ૩ | ૫૧૦ | ૩ |
| વરાછા ઝોન | ૬ | ૩૫૪ | ૬ |
| ઉધના ઝોન | ૧૧ | ૪૨૭ થી વધુ | ૧૧ |
| કુલ | ૫૦ | ૩૬૨૧ | ૪૩ |

## વિવિધ ઝોનમાંથી વ્યકિતઓને સ્થળાંતરીત કરેલ તેવા સ્થળોની માહિતી

- **રાંદેર ઝોન**
- ન.પ્રા.શાળા પાલનપુર
- ન.પ્રા.શાળા પાલગામ
- ન.પ્રા.શાળા મહાદેવ નગર સ્કુલ,અડાજણ ગામ
- ન.પ્રા.શાળા ઉગત ચોક વે પાસે
- જહાંગીરાબાદ ઓવર હેડ પાણીની ટાંકી
- **કતારગામ ઝોન**
- અલકાપુરી બ્રીજની નીચે રૈન બસેરા
- કોસાડ ગામતળની સ્કુલ ઉત્રાણ
- ન.પ્રા.શાળા,નવી. પ્રા.શાળા સાબરીનગર પાસે,ભરીમાતા
- પ્રા.શાળા, કાસાંનગર, કતારગામ
- સુમન શાળા,વસ્તાદેવડીરોડ,કતારગામ–રૂપલ સોસા.પાસે,નાનીવેડ,મેઈનરોડ,અખંડ આનંદ વિધાલય, વેડરોડ
- રૂપલ સોસાયટી પાસે,નાનીવેડ,મેઈન રોડ, અખંડ આનંદ વિધાલય
- પારસ સોસાયટીની શાળા
- કતારગામ મેઈન રોડ,પોલીસ સ્ટેશનની બાજુમાં–પ્રા.શાળા તથા શાળા પારસ સોસાયટી ખાતે

- **સેન્ટ્રલ ઝોન**
- રૂદરપુરા છપ્પન ચાલ,પોલીસ લાઈન પાસે
- રૂદરપુરા લાપસીવાલાની ચાલ
- વરીયાળી બજાર–ચાંચળીયાની ચાલ, હોડી બંગલા પાસે,મુસીબતપુરા–નાસીનગર ઝૂંપડપટ્ટી, પાલીયા દરવાજા,જીલાની બ્રીજ પાછળ,સારા પાર્ક પાસે
- માટલાવાડ ઝૂંપડપટ્ટી,પારસી અગિયારી સામે પાલીયા દરવાજા–બંગાળ ઝૂંપડપટ્ટી,પાળા પાસેથી જિલાની બ્રિજ
- ખાન સાહેબનું ભાઠું,ધાસ્તીપુરા,વરીયાળી બજાર
- ખજુરાવાડી વિસ્તાર,નરમાવાળા બિલ્ડીગ
- ધાસ્તીપુરા ફાટક દરવાજા પારસી અગિયારી સુધીનો ઉપરનો વિસ્તાર
- સૈયદપુરા પંમ્પીગ હોડીબંગલા થઈ વેડ દરવાજા થી કતારગામ દરવાજા
- સૈયદપુરા હરીજનવાસ તથા સોપારીવાલા કંપાઉન્ડ
- કોટડા મોહલ્લો,રાહત મોહલ્લો
- **અઠવા ઝોન**
- અલથાણ–પાંડેસરાની ઝુંપડપટ્ટીના તથા અલથાણ–પાંડેસરા બ્રિજની નીચેના
- અણુવ્રત ફલાય ઓવર–ભટાર ફલાય ઓવરની નીચેના રહેવાસીઓ
- ઉમરા હળપતિવાસ,પીપલોદ હળપતિવાસ,કરૂણાસાગર ઓવરા પાસેના કુટુંબો
- **લિંબાયત ઝોન**
- જવાહર નગર,સાંઈ બાબા મંદિર પાછળ,નિલગીરી સર્કલ ઉધના યાર્ડ શાળા
- નવા નગર સ્કુલ ઉધના વોર્ડ ઓફિસની પાછળ સાંઈ બાબા મંદિર સામે શાળા
- ડીંડોલી સ્કુલ ,ડીંડોલી ગામ
- **વરાછા ઝોન**
- સરથાણા ગામતળ હળપતિવાસ
- શકિત વિજય સોસાયટી બ્રિજ નીચે
- સવજી કોરાટ બ્રિજ
- સીતાનગર ચોકડી પાસે,સહજાનંદ સ્કુલ
- ગીતાંજલી વેર હાઉસી
- **ઉધના ઝોન**
- ખરવરનગર બ્રિજ ઉધના નહેર
- શાસ્ત્રી નગર,ઉધના નહેર

- પ્રેમનગર ઝુપડપટ્ટી
- સિધ્ધાર્થ નગર ઝુપડપટ્ટી
- ગૌતમ નગર નજીક ઝુંપડપટ્ટી
- જીયાવ નજીકની ઝુંપડપટ્ટી
- સંજયનગર ઝુંપડપટ્ટી
- પંચશીલ નગર ઝુંપડપટ્ટી
- ક્રિષ્નાનગર ઝુંપડપટ્ટી

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૬૪૪,

તા.૦૫/૧૨/૨૦૧૭

પ્રેસ નોટ

.......................

**માહે નવેમ્બર ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે નવેમ્બર ૨૦૧૭ દરમ્યાન **૫૮૨૩** ઈન્ડોર તથા **૬૫૦૩૫** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના **૩૪૫૭** તથા **૯૧૩** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૪૧૧૯** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૬૭૮** અને જુના **૧૩૧૬** દર્દીઓ સહીત કુલ **૨૯૯૪** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૫૪૩** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૪૬૬** તથા આંખ વિભાગમાં **૩૫૮૫** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ **૨૦૯૯૭** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

**સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)માં સમાવિષ્ટ ટી.પી.સકીમ નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં.૦૫ માં સ્થિત રવિન્દ્ર પાર્ક સોસાયટી, મકકાઈ પુલ પાસે આજે તા.૧૩/૧૨/૨૦૧૭ના રોજ ૧૮.૦૦મી.ની મંજુર થયેલ લાઈનદોરીની અસરમાં આવતા બાંધકામોના ડિમોલિશનની કામગીરી**

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં.૦૫માં આવેલ રવિન્દ્ર પાર્કના નામે ઓળખાતી સોસાયટીના બંગલા નં.૦૧ તથા ૨૬ના મિલ્કતદારોને ૧૮.૦૦ મી. ના રસ્તા અંગે મંજુર થયેલ લાઈન દોરી મુજબ મુખ્ય કચેરી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી કલમ–૨૧૨(૨) મુજબ નોટીસ આપવામાં આવેલ. જે અંતર્ગત અત્રેના રાંદેર ઝોન ધ્વારા સદર લાઈન દોરીના અમલીકરણ સમયે મિલ્કતદારશ્રીઓ ધ્વારા નામદાર હાઈકોર્ટમાં સ્પે.સી.એપ્લી.નં.૧૭૫૦૪/૨૦૧૪ થી સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ દાવા પ્રકરણ કરેલ. જેથી સદર લાઈન દોરીનો અમલ થઈ શકેલ નહીં. પરંતુ હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્પે.સી.એપ્લીકેશન ડીસમીસ કરવામાં આવેલ, જેથી આજે તા.૧૩/૧૨/૨૦૧૭ ના રોજ અત્રેના રાંદેર ઝોન ધ્વારા સદર લાઈન દોરીના અમલીકરણના ભાગરૂપે ટી.પી.સ્કીમ નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં.૦૫માં આવેલ રવિન્દ્ર પાર્ક સોસાયટીના બંગલા નં.૦૧ તથા ૨૬ની કમ્પાઉન્ડ વોલનું તથા ગાર્ડન સહિતનું બાંધકામ દૂર કરવામાં આવેલ અને ૨૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો ૧૮.૦૦ મી.ના ટી.પી.રસ્તાનો કબ્જો મેળવવામાં આવેલ અને ઘણા લાંબા સમયથી સદર બાંધકામોના કારણે જાહેર જનતાને નડતી ટ્રાફિકની સમસ્યા હલ થાય તે માટે ૧૮.૦૦ મી.ના રસ્તાને ખુલ્લો કરવામાં આવેલ. વધુમાં સદર તોડવામાં આવેલ બાંધકામનું મટીરીયલ્સ / છારૂં / માટી સ્થળ પરથી દુર કરી રસ્તો બનાવવાની કામગીરી સ્થળ પર હાલમાં કાર્યરત છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ ૧–ડેપ્યુટી ઈજનેર, ૫–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૨–ટેક. આસી., ૧–વિડિયો ગ્રાફર, ૧–ફોટોગ્રાફર, કુલ–૨૫ બેલદાર, કુલ ૫–નંગ મઝદા ગાડી / ટ્રક, ૨–જે.સી.બી., કુલ ૧૫–સિકયોરીટી સ્ટાફ / માર્શલ તથા રાંદેર ઝોનનો શહેરી વિકાસ તથા દબાણના સ્ટાફ ધ્વારા મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગ મુખ્ય કચેરીના ૧–ડેપ્યુટી ટાઉન પ્લાનર તથા ૨–આસી. ટાઉન પ્લાનરશ્રીના સાથ અને સહકારથી કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

**જાહેર સુચના**
**પૂર્વ (વરાછા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકામાં પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ જુદા જુદા ટી.પી. રસ્તાઓ જાહેર રસ્તાઓ તેમજ સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા હેતુઓ માટેના અનામત પ્લોટો પરથી દબાણ ખાતા દ્વારા જપ્ત કરવામાં આવેલ લારી–ગલ્લા તેમજ અન્ય પ્રકારનાં સામાનો જપ્ત કરવામાં આવેલ છે. તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૧૦/૨૦૧૭ સુધીમાં જપ્ત કરવામાં આવેલ આવા લારી–ગલ્લા તેમજ અન્ય સામાનનો ભંગારમાં રૂપાંતરિત કરી નિકાલ કરવામાં આવનાર છે. જેથી '૦' રૂટ સિવાયના તમામ રસ્તાઓ સ્થળો પરથી તા.૦૧/૦૪/૨૦૧૭ થી ૩૧/૧૦/૨૦૧૭ સુધી જપ્ત કરવામાં આવેલ લારી–ગલ્લા તેમજ અન્ય સામાન આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૧૫(પંદર) ની સમયમર્યાદામાં જરૂરી નિતિ–નિયમોનુસાર પુરાવાઓ રજુ કરી, નિયત દંડ ભરી, ન્યુ બોમ્બે માર્કેટની બાજુમાં આવેલ દબાણ ડેપો ખાતેથી છોડાવી જવા આથી જણાવવામાં આવે છે. મુદત વિત્યેથી આ તમામ સામાનનો જરૂરી વહીવટી પ્રક્રિયા દ્વારા નિકાલ કરવામાં આવશે.

સાદર
647
૧૫-૧૧-૧૭

# પ્રેસ નોટ

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી ઉધના તેમજ પાંડેસરા અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૩/૧૨/૨૦૧૭ થી કુલ ૫ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જે અંતર્ગત આજ દિન સુધી ૪૦ થી વધુ મિલકતોને સીલ મારવામાં આવેલ છે તેમજ ૪૫ થી વધુ ઓપન પ્લોટો પર જપ્તી / ટાંચમાં લેવાના બોર્ડ લગાવવામાં આવેલ છે તેમજ સદર કાર્યવાહી દરમ્યાન આજ દિન સુધી સ્થળ પર ૨૦ લાખથી વધુ મિલકત વેરો વસુલ કરવામાં આવેલ છે વધુમાં આજ રોજ તા.૧૫/૧૨/૨૦૧૭ ના રોજ (૧) પાંડેસરા જી.આઈ.ડી.સી. પ્લોટ નં. પાંડેસરા જી.આઈ.ડી.સી. પ્લોટ નં. ૪૧૩ વાળી મિલકત જે ગુપ્તા ડાંઈગ એન્ડ પ્રિન્ટીંગ મિલ્સ તરીકે અત્રેના આકારણી દફતરે પ્રથમ કર પાત્ર વ્યકિત તરીકે નોંધાયેલ છે. જેનો ટેનામેન્ટ નંબર અત્રેના આકારણી દફતરે ૩૦એ–૦૧–૧૦૭૧–૦–૦૦૧ વાળી મિલકતનો આજ રોજ તા. ૧૫/૧૨/૨૦૧૭ ના રોજ રૂા.૧૯,૬૩,૭૬૧/– પૂરા બાકી હોવાથી ખાતા ધ્વારા સદર મિલકતને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ. સદર કાર્યવાહી કરતા મિલકતના મેનેજર ધ્વારા બાકી મિલકત વેરાનો ચેક સ્થળ પર આપતા સદર મિલકતનું સીલ ખોલી આપવામાં આવેલ. (૨) પાંડેસરા જી.આઈ.ડી.સી. પ્લોટ નં.૨૯૨/૪ અને ૨૯૨/૫ વાળી મિલકત અનુક્રમે નિરંજનકુમાર રાજેન્દ્રકુમાર અને હરીઓમ રાજેન્દ્રકુમાર ગુપ્તા ના નામે અત્રેના આકારણી દફતરે પ્રથમ કર પાત્ર વ્યકિત તરીકે અનુક્રમે ટેનામેન્ટ નંબર ૩૦સી–૦૧–૦૧૭૧–૦–૦૦૧/૦૦૨ અને ૩૦સી–૦૧–૦૧૮૧–૦–૦૦૧ / ૦૦૨ વાળી મિલકતનો આજ રોજ તા.૧૫/૧૨/૨૦૧૭ ના રોજ અનુક્રમે રૂા.૧૧,૦૬,૧૧૨/– અને ૧૨,૫૦,૬૧૬/– એમ મળીને કુલ રૂા.૨૩,૫૬,૭૨૮/– પૂરા બાકી હોવાથી ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ના નિયમોનુસાર મિલકતદારને તા.૦૪/૦૮/૨૦૧૭ ના રોજ માંગણાની નોટીસ / વોરંટ આપવામાં આવેલ છે. જે રકમ તેઓ તરફથી સુરત મહાનગરપાલિકામાં આજ રોજ સુધી જમા ન કરાવતા સદર મિલકત ટાંચ / જપ્તી માં આકારણી અને વસુલાત વિભાગ સાઉથ ઝોન (ઉધના) સુરત મહાનગરપાલિકા ધ્વારા આજ રોજ લેવામાં આવેલ છે. સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો નભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) આજરોજ (તા. ૧૬/૧૨/૨૦૧૭) ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી આર. જે. પંડયા તથા કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી.વસાવાના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનનાં તમામ ડે.ઈજનેરશ્રીઓ તથા શહેર વિકાસ ખાતાનાં તમામ આસી. / જુની ઈજનેરો તથા કતારગામ ઝોન, સેન્ટ્રલ ઝોન તથા રાંદેર ઝોન નો આશરે ૬૦ બેલદારો સહિતનો દબાણ સ્ટાફ તેમજ બીજા ખાનગી ૭૦ બેલદારો, ૪(ચાર)–જેસીવી, ૨(બે)–લોડર, ૧૦(દસ)–ટ્રકોનાં કાફલા સાથે સીકયુરીટી સ્ટાફ તેમજ કતારગામ પોલીસ સ્ટાફ ની મદદથી નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં કતારગામ વોટર વર્કસને અડીને આવેલ પી–૪૫, વોટર વર્કસ (એસ.એમ.સી.) માટે અનામત રાખેલ પ્લોટમાં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ આશરે ૭૮૦ ઝુંપડાનું દબાણ દુર કરી આશરે ૭૫,૨૦૦ ચો. મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. આ પ્લોટમાં ભવિષ્યમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું એક્ષટેન્શનનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનો માર્ગ ખુલ્લો થયેલ છે.

# **પ્રેસનોટ**

**(૧). ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડે.) તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **મોજે.ઉધના, રે.સ.નં. ૧૫૧ પૈકી, મોજે.ભેદવાડ, રે.સ.નં. ૧, મોજે. ડીંડોલી, રે.સ.નં. ૩૪૬ થી ૩૪૯ સબ પ્લોટ નં. બી, લક્ષ્મીનારાયણ ઈન્ડ. એસ્ટેટ, બી.આર.સી. કમ્પાઉન્ડ, ઉધના, સુરતવાળી** મિલકતમાં ટી.ડી.ઓ./ડી.પી./૪૧૦, તા.૨૨/૧૨/૨૦૧૨ થી મેળવેલ વિકાસ પરવાનગી વિરૂધ્ધ બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવેલ છે. જેથી સદરહું મિલકતદારોને અત્રેથી મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૧૬/૧૨/૨૦૧૭ થી કુલ– **૧૩ પ્લોટોમાં આશરે ૫૬૦૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધનું આર.સી.સી. તથા સેન્ટરીગ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦,૨૦,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

**(૨). ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડે.) તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **ફા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), બ્લોક નં.૨૭૩/બી, ૨૬૦ પૈકી, ફા.પ્લોટ નં.૧૦૩/બી,૧૧૫/બી પૈકી, જય અંબે કો.ઓ.હા.સોસાયટી લી., બમરોલી, સુરત વાળી** મિલકતમાં **પ્લોટ નં. ૧૬,૧૭, પ્લોટ નં. ૧૯૧,૧૯૨, પ્લોટ નં. ૨૭૯, પ્લોટ નં. ૫૧૨,૫૧૩, પ્લોટ નં. ૫૦૮,૫૦૯** ના મિલકતદારો ધ્વારા સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ છે. જેથી સદરહું મિલકતદારોને અત્રેથી સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા તા.૧૫/૧૨/૨૦૧૭ થી **કુલ– ૦૯ પ્લોટોમાં આશરે ૨૮૦૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના કરવામાં આવેલ આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૫,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

## (૩). સુરત મહાનગરપાલીકાના રીઝર્વેશન પ્લોટમાંથી ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :-

સાઉથ ઝોન(ઉધના)ના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ઝે.) તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ-સોનેરી-ગભેણી), બ્લોક નં.૪૭૨ માં આવેલ પ્રિયંકા ગ્રીન સીટી સોસાયટીના પ્લોટ નં. ૫૬, ૫૭ કે જે સુરત મહાનગરપાલીકાના રીઝર્વેશન પ્લોટ નં. આર-૪૪ (સેલ ફોર રેસીડેન્સીયલ યુઝ)** ની આંશીક અસર હેઠળ આવતું હોય જેમાં અજાણ્યા ઈસમો વ્દારા આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ કરવામાં આવતું હોસાનું ધ્યાને આવતા અત્રેથી તા.૧૪/૧૨/૨૦૧૭ થી **આશરે ૯૦૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ તોડી દૂર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..650.......
તા.૧૯/૧૨/૨૦૧૭

# —: પ્રેસનોટ :—

ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ–૨૦૧૩ મુજબ રાજય સકારશ્રીનાં આદેશાનુસાર તમામ ચીફ ઓફિસરશ્રી–નગરપાલિકાઓ, મ્યુ.કમિશ્નરશ્રી–મહાનગરપાલિકાઓ તથા જિલ્લા કલેકટરશ્રી હસ્તકના ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન ગટર ગુંગળામણથી વર્ષ ૧૯૯૩ થી આજદિન સુધીમાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ સફાઈ કામદારોનાં થયેલા આકસ્મિક મૃત્યુ સંદર્ભે જે તે સમયે મેયર્સ ફંડ અને અન્ય યોજના હેઠળ આર્થિક સહાય આપવા ઉપરાંત નામદાર સરકારશ્રીની સફાઈ કામદારોના વિકાસને ધ્યાને રાખીને આવા મૃત્યુ પામેલા કામદારોના પરિવારને રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા માટે આદેશ કરવામાં આવેલ. સદર બાબતે ભારત સરકારશ્રીનાં સફાઈ કામદારોની રાષ્ટ્રીય આયોગ અનુસુચિત જાતિ નવી દિલ્હી, તથા નેશનલ સફાઈ કામદાર કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન તેમજ ગુજરાત રાજય સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના આ માટે નિર્દિષ્ટ થતા માર્ગદર્શક હુકમો મુજબ સુરત મહાનગરપાલિકાએ આ દિશામાં મૃતક પરિવારોના વારસદરોની ઓળખ કરી તેમને સમયસર આ સહાય મળે એ દિશામાં કાર્યવાહી હાથ ધરી હતી.

જે અન્વયે અત્રેના સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદાર (કાયમી તથા હંગામી) કર્મચારીઓનું ૧૯૯૩ થી આજદિન સુધીમાં ગટર સફાઈની કામગીરી દરમ્યાન મૃત્યુ થયેલ કર્મચારીઓને અત્રેની સાધારણ સભાના ઠરાવ નં. ૩૮૨/૨૦૧૭, તા.૩૦/૦૬/૨૦૧૭ મુજબ રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે મરણ પામેલ કુલ–૦૫ (પાંચ) (૦૪ કાયમી + ૦૧ હંગામી) પૈકી બે કામદારોના વારસદારોએ તેમના તમામ કાયદેસરના પુરાવા તેમજ પેઢીનામુ વિગેરે રજુ કરવામાં આવેલ. જે મુજબ ૧) ઠાકોરભાઈ ડાહયાભાઈ (કર્મ.નં. ૯૨૧૩) ની વિધવા હંસાબેન ઠાકોરભાઈ તથા ૨) રમણભાઈ શનાભાઈ (કર્મ.નં. ૯૨૪૦) ની વિધવા જશુબેન રમણભાઈને આજરોજ તા.૧૮/૧૨/૨૦૧૭ નાં રોજ સીટી ઈજનેરશ્રીની રૂબરૂમાં માન.કમિશ્નરશ્રીના હસ્તે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો ચેક વળતર પેટે અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે માન.કમિશ્નરશ્રીએ મૃતકના પરિવારને સહાનુભુતિ પૂર્વક તેમની હાલની આર્થિક સ્થિતિ તથા ઘરમાં કામ કરનાર બાળકો વિગેરેની પૃચ્છા કરી તેમને સાંત્વના

આપી હતી તથા સરકારશ્રીની આ યોજના હેઠળ તેમને આ સહાય આપવામાં આવી છે તે અંગેની તેઓને જાણ પણ કરી હતી.

વધુમાં અન્ય મરણ પામેલ કર્મચારીઓને આ મુજબનુ વળતર ચુકવવા બાબતે તેઓશ્રીના વારસદાર ધ્વારા કાયદેસરના તમામ પુરાવા તેમજ પેઢીનામું વિગેરે રજુ કર્યેથી રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા માટે સુરત મહાનગરપાલિકા કટિબધ્ધ છે અને તેઓના કાયદાકીય પુરાવાઓ મળ્યેથી સુરત મહાનગરપાલિકા તરફથી તેઓને તાકીદના ધોરણે આ આર્થિક સહાય પુરી પાડવામાં આવશે.





## -: પ્રેસ નોટ:-

## સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૧૦,૪૮,૨૩૭ જેટલા બાળકોની આરોગ્ય તપાસણી કરવામા આવશે.

ગુજરાત રાજ્યના બાળકોના સ્વાસ્થ્યને સંદર્ભે મહત્વાકાંક્ષી એવા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી તા. ૨૧/૧૨/૨૦૧૭ થી તા. ૨૭/૦૨/૨૦૧૮ દરમ્યાન શાળા આરોગ્ય સપ્તાહ સ્વરૂપે શાળા આરોગ્ય કાર્યક્રમના અમલીકરણનુ આયોજન કરવામા આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી /બાલવાડીના તમામ બાળકો, ધોરણ ૧ થી ૧૨મા અભ્યાસ કરતા વિધાર્થીઓ, શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો, આશ્રમ શાળાના વિધાર્થીઓ, ચિલ્ડ્રન હોમ / અનાથાશ્રમના બાળકો, અને પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ મદ્રેસાઓ વિગેરીના બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે.

નાના બાળકોમા થતી સામાન્ય બિમારીઓ જેવી કે, એનેમીયા, આંત્ર કૃમિ , રતાંધણાપણુ, દ્રષ્ટીની ખામી, નાક કાન અને ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનુ શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપવામા આવે છે. શાળા આરોગ્ય સપ્તાહના કાર્યક્રમમા બાળકોને સ્વછતા કેળવવા, બાળ પ્રતિભાનુ વિકાસ કરવા તેમજ બાળકોમા રહેલી આવડતને બાહર લાવવા મંચ પૂરૂ પાડવા, વૃક્ષા રોપણ દ્વારા પ્રદુષણ સામે રક્ષણ મેળવવા, આરોગ્ય લક્ષી પ્રદર્શન દ્વારા રોગોથી બચવાના આગોતરા ઉપાય કરવાના શિક્ષણ દ્વારા બાળકોને સમાજોપયોગી કાર્યનુ શિક્ષણ આપવામા આવે છે. દાદા દાદી મીટીંગ, વાલી મીટીંગ, આરોગ્ય લક્ષી પ્રદર્શન અંતર્ગત બાળકોને આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામા આવે છે.

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન મળી આવતા હૃદય, કીડની, કેન્સર જેવા ગંભીર બિમારી વાળા બાળકોને ઓપરેશન સહિતની તમામ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામા આવે છે. આ ઉપરાંત કીડની ટ્રાંસપ્લાન્ટ, લીવર ટ્રાંસપ્લાન્ટ, બોર્ન મેરો ટ્રાંસપ્લાન્ટ, કોક્લીયર ઈમ્પલાંટ જેવી અતિ ખર્ચાળ સારવાર પણ વિના મૂલ્યે પૂરી પાડવામા આવે છે. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ સમગ્ર વર્ષ દરમ્યાન બાળકોના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ડેડીકેટેડ મોબાઇલ હેલ્થ ટીમની ફાળવણી કરવામા આવેલ છે, આ ટીમો દ્વારા ૪-ડી(બર્થ ડીફેક્ટ, ડીસીસ, ડેફીસીયંસી તેમજ  ડેવેલેપમેન્ટલ ડીલે) મુજબ બાળકોના રોગોની શ્રેણી નક્કી કરી સારવાર માટેના વિશેષ કેંદ્રો ઉપર મોકલી અધતન સારવાર આપવામા આવે છે.

વર્ષ ૨૦૧૭-૧૮  દરમ્યાન શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા સરકારી અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિકશાળાઓ મળી કુલ-૨૪૧૧  શાળા અને ૧૧૫૧ જેટલી બાલવાડી તથા આંગણવાડી  મળી શહેરની કુલ- ૩૫૬૨ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના અંદાજીત ૧૦,૪૮,૨૩૭ (દસ લાખ અડતાલીસ હજાર બસો સાડત્રીસ) જેટલા બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવારનો લક્ષ્યાંક નક્કી કરવામા આવેલ છે. જે કાર્ય સુરત મહાનગરપાલિકાના કુલ – ૪૨ શહેરી આરોગ્ય કેંદ્ર ઉપરથી  ૧૩૫ જેટલી ટીમો દ્વારા કરવામા આવશે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ તા. ૨૧/૧૨/૨૦૧૭ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ડો. સર્વપલ્લી રાધા કૃષ્ણન નગર પ્રાથમિક શાળા ક્ર. ૮૪, કૃષ્ણ કુંજ સોસાયટી, અડાજણ ખાતે રાખવામા આવેલ છે,

# <u>પ્રેસનોટ</u>

BW Businessworld ધ્વારા ૫ મો બિઝનેસ વર્લ્ડ સ્માર્ટ સીટી કોન્કલેવ તથા એવોર્ડ વિતરણ કાર્યક્રમ તા. ૨૦–૧૨–૨૦૧૭ નાં રોજ ધ ઈમ્પીરીયલ, જનપથ, નવી દિલ્હી ખાતે યોજવામાં આવેલ. જેમાં વિવિધ ૧૮ કેટેગરીમાં વિજેતા જાહેર થયેલ સ્માર્ટ શહેરોને એવોર્ડસ એનાયત કરવામાં આવેલ હતા. આ માટે અગાઉ જે તે કેટેગરી માટે નામાંકન જરૂરી વિગતો સાથે મંગાવવામાં આવેલ હતા. જેનો ખાસ જયુરી ધ્વારા કેટેગરી વાઈઝ ઝીણવટભર્યો અભ્યાસ કર્યા બાદ જે તે સ્માર્ટ શહેરો પસંદ કરી એવોર્ડસ જાહેર કરવામાં આવ્યા હતા.

ઉપરોકત જયુરી ધ્વારા જાહેર કરવામાં આવેલ સ્માર્ટ શહેરોને ભારત સરકારના રાજયકક્ષાના માન. મંત્રીશ્રી હરદિપસીગ પુરી (હાઉસીગ અને અર્બન અફેર્સ–ભારત સરકાર)ધ્વારા એવોડ એનાયત કરવામાં આવ્યા હતા. આ પસંદ પામેલ સ્માર્ટ શહેરો પૈકી સુરત મહાનગરપાલિકાને“Swachhta Award of the year” માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સ્વીકારવા માટે માન. મેયર શ્રીમતીઅસ્મિતાબેન શિરોયા તથા ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) ર્ડા. હેમંત દેસાઈ ઉપસ્થિત રહયા હતા.

સમગ્ર ભારતનાં સ્માર્ટ શહેરોમાંથી સુરત મહાનગરપાલિકાને**" સ્વચ્છતા "** ની કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે, તે એક ગૌરવની વાત છે.


SAP
Presents
OPTUM
RSA

# -: પ્રેસ નોટ :-

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ-૨૦૧૭-૧૮ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૦,૪૮,૨૩૭ બાળકોની આરોગ્ય તપાસણી નો શુભારંભ

સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨ મા અભ્યાસ કરતા ખાનગી અને સરકારી શાળાઓના ૧૮ વર્ષની ઉમર સુધીના બાળકો, નવજાત શિશુથી ૧૮ વર્ષની ઉમર સુધીના શાળાએ ન જતા તમામ બાળકો, આશ્રમ શાળા, વિશેષ શાળાના બાળકો, જુવેનાઇલ હોમના બાળકો, તેમજ પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ અને અન્ય સંસ્થાના તમામ બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૭-૧૮, આગામી તા. ૨૧/૧૨/૨૦૧૭ થી તા. ૨૭/૦૨/૨૦૧૮ દરમ્યાન અમલમા લાવવાનુ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામા આવેલ છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ આજ રોજ સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. હેમંત દેસાઇ સાહેબની અધ્યક્ષતામા નગર પ્રાથમિક શિક્ષણ સમિતી સંચાલિત ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪,કૃષ્ણ કુંજ સોસાયટી , અડાજણ,સુરત ખાતે આયોજિત કરવામા આવ્યો હતો, જેમા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. ચેતન ચોકસી, મેડીકલ ઓફિસરશ્રી ડો. આશિષ ચૌધરી તેમજ શાળાના આચાર્યાશ્રી તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ, આંગણવાડીની બહેનો, શાળાનો શિક્ષક ગણ, શાળા આરોગ્ય તપાસણીની ડોકટરોની ટીમ તેમજ આ કાર્યક્રમના લાભાર્થી વિધાર્થિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪ ના વિધાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત ગીતદ્વારા કર્યુ હતુ, ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોનુ પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામા આવ્યુ હતુ,

સ્વાગત પ્રવચન કરતા ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) એ પોતાના વકતવ્યમા જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૪-૦૫ થી રાજ્ય સરકાર દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ સફળતા પૂર્વક અમલમા લાવવામા આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૭દરમ્યાન ૧૮- શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા સરકારી અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિકશાળાઓ મળી કુલ-૨૪૧૧ શાળા અને ૧૧૫૧ જેટલી બાલવાડી તથા આંગણવાડી મળી શહેરની કુલ -<u>૩૫૬૨ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના અંદાજીત ૧૦,૪૮,૨૩૭ દસ લાખ) અડતાલીસ હજાર બસો સાડત્રીસજેટલા બાળકોની ( .વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવારનો લક્ષ્યાંક નક્કી કરવામા આવેલ છે</u>જે કાર્ય સુરત મહાનગરપાલિકાના કુલ – .જેટલી ટીમો દ્વારા કરવામા આવશે ૧૩૫શહેરી આરોગ્ય કેંદ્ર ઉપર્થી ૪૨આ ટીમો દ્વારા શોધી કાઢવામા આવેલા હ્રદય , કીડની, કેન્સર સહિતના ગંભીર અને સામાન્ય રોગોના ૧૮ વર્ષની ઉમર સુધીના દર્દીઓને વિના મૂલ્યે નિદાન અને ઓપરેશન સહિતની સારવાર પૂરી પાડવામાં આવનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોની આરોગ્ય તપાસણીમા સહકાર આપવા બાળકો, વાલીઓ અને શાળાના આચાર્યશ્રીઓને હાર્દીક અપીલ કરવામા આવી હતી. આ પ્રસંગે બાળકોની આરોગ્ય તપાસ ઉપરાંત વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામા આવેલ હતો.




શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ૨૦૧૭-૧૮ ના ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત મહાનુભવો : ડાબેથી ડો. આશિષ ચૌધરી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. ચેતન ચોકસી , ડે.મ્યુનિ. કમિશનરશ્રી ડો. હેમંત દેસાઇ અને શાળાના આચાર્યા શ્રીમતી સ્મિતાબેન દેસાઇ દિપ પ્રગટાવીને કાર્યક્રમનો વિધીવત શુભારંભ કરાવતા દ્રશ્યમાન છે.

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ' સ્વચ્છ ભારત મિશન ' કામગીરી સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–**

મિશન સુરત ફર્સ્ટ અંતર્ગત આજરોજ તા.૨૧/૧૨/૧૭ના રોજ અઠવા ઝોન કરીમાબાદ વિસ્તારમાં આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ તથા ગાર્ડન વિભાગ નીચેના વિસ્તારોમાં સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ.

વિસ્તારની વિગત :–

(૧) ઝેડ બ્લ્યુ થી ઈશ્વર ફાર્મ

(૨) રામ ચોક થી જમનાનગર થઈ સૌરભ સોસાયટી

(૩) ઈન્કમટેક્ષ ઓફિસ થી સેતુ પાર્ક

(૪) પાંજળાપોરની સામે થી એસ.બી.આઈ. બેંક થઈ ગુણાતીતનગર

સફાઈ ઝુંબેશ તા.૨૧/૧૨/૧૭ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૩૧ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૬૫ સફાઈ કામદારો/ બેલદાર, ૩૦ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૦૫ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. સદર વિસ્તારોમાંથી ૧૨.૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ તેમજ લારી–ગલ્લાનું તથા અનઅધિકૃત દબાણ દુર કરવાની, બાંધકામ ચેક કરવાની, તથા ગુમાસ્તા વિભાગ દ્વારા સંસ્થાઓ ચેકીંગ કરવામાં આવેલ. સદર અભિયાન દરમ્યાન કુલ– ૦૮ ઈસમો પાસે રૂા. ૨૧,૧૦૦/– વહીવટી વસૂલાત વસુલ કરેલ છે. અને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

વધુમાં સેગ્રીગેશન અંગે સોસાયટી ,કોમર્શીયલ વિસ્તાર, હોટલ,રેસ્ટોરન્ટ વિગેરે જગ્યાએ જન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 655
તા.૨૧/૧૨/૧૭

:: પ્રેસનોટ ::

## "ગોપી કલા ઉત્સવ–૨૦૧૭"

વિષય: સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી ગોપી તળાવ ખાતે યોજાનાર "ગોપી કલા ઉત્સવ–૨૦૧૭" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો.

સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૭" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી નવપલ્લવિત ગોપી તળાવ, કોટસફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા માટે યોજાનાર આ "ગોપી કલા ઉત્સવ–૨૦૧૭"નો શુભારંભ તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ સાંજે ૬.૩૦ કલાકે સુરત શહેરની કલા પ્રેમી જનતાની ઉપસ્થિતિમાં યોજાશે. શહેરની શાળા / સંસ્થાઓના બાળકો / કલાકારોને પ્રોત્સાહન મળે અને નગરજનોને વૈવિધ્યપૂર્ણ મનોરંજન મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ દરમ્યાન દરરોજ રાત્રે ૭.૩૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી ગોપી તળાવ ખાતે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ / વાર | વિગત |
|---|---|---|
| ૧ | ૨૬/૧૨/૨૦૧૭, મંગળવાર | ગુજરાતી ગીતોનો ગુલદસ્તો |
| ૨ | ૨૭/૧૨/૨૦૧૭, બુધવાર | તાલ ગ્રુપના શ્રી કૃતિકા શાહ દિગ્દર્શિત ફોક અને આર્ટ કાર્યક્રમ |
| ૩ | ૨૮/૧૨/૨૦૧૭, ગુરૂવાર | શહેરની કલા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૪ | ૨૯/૧૨/૨૦૧૭, શુક્રવાર | દિવ્યાંગ બાળકો દ્વારા ઓરકેસ્ટ્રા |
| ૫ | ૩૦/૧૨/૨૦૧૭, શનિવાર | ધી તાપી પ્રોજેક્ટ સંગીત ગ્રુપ દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય સમકાલીન લોકસંગીત કાર્યક્રમ (ભારતીય લોક બેન્ડ–લોક, વિશ્વ, ફયુઝન અને જાઝ) |
| ૬ | ૩૧/૧૨/૨૦૧૭, રવિવાર | ડાયરો<br>શ્રી યોગેશ ગઢવી અને અન્ય કલાકારો |

"ગોપી કલા ઉત્સવ ૨૦૧૭" અંતર્ગત વૈવિધ્યપૂર્ણ સંગીતના સથવારે ૨૬મી ડિસેમ્બરથી સતત છ દિવસ સુધી ગોપીતળાવ ખાતે ચાલનારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવના અનન્ય નઝારાને પ્રવેશ ટિકિટ મેળવીને માંણવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે

સમાચારયાદી નં. 6 5 6 , તા.૨૫/૧૨/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસ નોટ

સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા બાકી મિલકત વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૧૫/૧૨/૧૭ થી ૨૧/૧૨/૧૭ દરમિયાન હાથ ધરતાં બાકી મિલ્કતદારો પૈકી વોર્ડ નં–૧ નાનપૂરા, વોર્ડ નં–૪, વોંડ નં–૭, વોર્ડ નં–૮, વોડ નં–૯,વોર્ડ નં.–૧૦ તથા વોર્ડ નં–૧૨ માં નળકનેકશન કાપવા તેમજ સીલ મારવા બાબતની કામગીરી દરમિયાન કુલ–૧૪ ઓકયુપાયર પૈકી ૨ નળ કનેકશન તથા ૧૨ મિલ્કતને સીલ કરવામા આવેલ છે તેમજ સદર વેરા વસુલાત સઘન ઝુંબેશ દમિયાન કુલ રૂા.૮૭,૨૯,૧૭૮ વેરો સ્થળ ઉપર વસૂલ કરવામા આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 657
તા.૨૨-૧૨-૨૦૧૭

# –:: પ્રેસનોટ ::–

તા.૨૨–૧૨–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૩૪ | ૩૧ | ૧૮ | ૧૮ | ૩૬૦૦/- |
| **વરાછા** | ૯૩ | ૮૭ | ૭૯ | ૭૪ | ૧૪૮૦૦/- |
| **રાંદેર** | ૫૭ | ૪૨ | ૩૦ | ૨૯ | ૫૮૦૦/- |
| **કતારગામ** | ૫૬ | ૬૪ | ૩૦ | ૨૫ | ૪૯૦૦/- |
| **ઉધના** | ૧૭૨ | ૨૪ | ૨૪ | ૨૪ | ૪૮૦૦/- |
| **લિંબાયત** | ૪૯ | ૬૧ | ૬૩ | ૨૪ | ૪૮૦૦/- |
| **અઠવા** | ૭૬ | ૪૬ | ૨૨ | ૨૨ | ૪૪૦૦/- |
| **કુલ** | ૫૩૭ | ૩૫૫ | ૨૬૬ | ૨૧૬ | ૪૩૧૦૦/- |

# :: પ્રેસનોટ ::

# "ગોપી કલા ઉત્સવ–૨૦૧૭નો શુભારંભ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ દરમ્યાન ગોપી તળાવ ખાતે આયોજીત "ગોપી કલા ઉત્સવ ૨૦૧૭" અંતર્ગત તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ યોજાયેલ શુભારંભ કાર્યક્રમ.

દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા 'ગોપી કલા ઉત્સવ ૨૦૧૭' અંતર્ગત તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ સાંજે : ૭.૦૦ કલાકે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારસન(I.A.S), શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ ગોપી તળાવ ખાતે છ દિવસ ચાલનાર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું દિપ પ્રાગ્ટય કરી શુભારંભ કરાવ્યો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ સાંજે ૭.૦૦ કલાકે સુરતના ઐતિહાસિક નજરાણા સમા 'ગોપી તળાવ' ખાતે પ્રથમ ગણેશ વંદના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત તને અભિનંદન, જય જય ગરવી ગુજરાત" કૃતિ રજુ થઈ હતી. ગુજરાતી ગીતોનો ગુલદસ્તો" કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ 'ગુજરાતી ગીતોનો ગુલદસ્તો'ના ખ્યાતનામ સ્થાનિક કલાકારો શ્રી સત્યેન જગીવાલા અને શ્રી જીગીષા લેખડીયાના મધુર અવાજમાં જુના અને જાણીતા ગુજરાતી ગીતો જેવા કે પાટણ થી પટોડા....., મોર બની થનગાટ કરે......, સાવરીયો રે મારો સાવરીયો......, આ સુરત છે...... વિગેરે ગીતો મન ભરી માણી સંગીત પ્રેમી નગરજનો ખુશ ખુશાલ થઈ ગયા. લોક પ્રતિસાદ મળતાં કલાકારોએ પણ ઉમંગભેર એકથી એક ચડિયાતા ગીતો રજુ કરી શહેરીજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગ અમલીકૃત દિનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ રચાયેલ સખી મંડળો દ્વારા તૈયાર કરેલ ચીજવસ્તુઓના વેચાણ માટેના સ્ટોલ ફૂડ પ્લાઝાની બાજુમાં રાખવામાં આવેલ છે. જે સ્ટોલ પરથી "ક્રાફટ એન્ડ ક્રિએશન" પ્રોજેકટ હેઠળ તૈયાર કરેલ ઘર તથા ઓફિસ માટે ઉપયોગી વસ્તુઓ તથા "હુન્નર પ્રોજેકટ" હેઠળ તૈયાર કરેલ વિવિધ ઓર્નામેન્ટ તથા ગૃહ સુશોભનની વસ્તુઓના સ્ટોલ પર પ્રદર્શન કમ વેચાણમાં મુકેલ છે. આ સ્ટોલોની મુલાકાત લેવા જાહેર જનતાને અપીલ છે.

નગરજનોના મનોરંજન માટે શહેરની મધ્ય ભાગમાં જ સાકાર થયેલા ગોપી તળાવ ખાતે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ સહિત શહેરીજનોએ સંગીતની સફરને મન ભરીને માણી હતી. હવે પછી મુખ્ય સ્ટેજ ખાતે યોજાનાર કાર્યક્રમો નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ / વાર | વિગત |
|---|---|---|
| ૧ | ૨૭/૧૨/૨૦૧૭, બુધવાર | તાલ ગૃપના શ્રી કૃતિકા શાહ દિગ્દર્શિત ફોક અને આર્ટ કાર્યક્રમ |
| ૨ | ૨૮/૧૨/૨૦૧૭, ગુરૂવાર | શહેરની કલા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૩ | ૨૯/૧૨/૨૦૧૭, શુક્રવાર | દિવ્યાંગ બાળકો દ્વારા ઓરકેસ્ટ્રા |
| ૪ | ૩૦/૧૨/૨૦૧૭, શનિવાર | ધી તાપી પ્રોજેકટ સંગીત ગૃપ દ્વારા આયોજીત |

| | | |
|---|---|---|
| | | આંતરરાષ્ટ્રીય સમકાલીન લોકસંગીત કાર્યક્રમ (ભારતીય લોક બેન્ડ–લોક, વિશ્વ, ફયુઝન અને જાઝ) |
| ૫ | ૩૧/૧૨/૨૦૧૭, રવિવાર | ડાયરો – શ્રી યોગેશ ગઢવી અને અન્ય કલાકારો |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી ચાલનારા "ગોપી કલા ઉત્સવ ૨૦૧૭"માં વૈવિધ્યપૂર્ણ ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવને રોશનીથી શણગારેલ નઝારાને કોઈ પણ નગરજનો પ્રવેશ ટિકીટ મેળવી નઝારો માણી શકશે.



સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ દરમ્યાન ગોપી તળાવ ખાતે આયોજીત "ગોપી કલા ઉત્સવ ૨૦૧૭" અંતર્ગત તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ યોજાયેલ 'ગુજરાતી ગીતોનો ગુલદસ્તો' કાર્યક્રમનું દીપ પ્રગટાવી શુભારંભ કરાવતા માન. મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષશ્રીમતી રૂપલબેન શાહ, અન્ય મહાનુભાવો તથા કાર્યક્રમ રજુ કરતા કલાકારો દરમ્યાન છે.